# FMPB ફસલ

Volume 16
Issue 2
February 2026

“પણ જેણે તમને તેડ્યા છે, તે જેવો પવિત્ર છે, તેવા તમે પણ સર્વ પ્રકારના આચરણમાં પવિત્ર થાઓ.” (૧ પિતર ૧:૧૬)

# પવિત્ર થવા માટે તેડાયેલા



# મુખપૃષ્ઠ...



## પવિત્ર થવા માટેનું તેડુ

આજે ઘણા લોકો વિચારે છે કે શું આ વર્તમાન યુગમાં પવિત્ર જીવન જીવવું શક્ય છે. ખાસ કરીને આજના યુવાનોમાં, શેતાન એ જૂઠાણું ચલાવ્યું છે કે પવિત્રતા અપ્રાપ્ય છે. તેમ છતાં, કારણ કે આપણા ઈશ્વર પવિત્ર છે, તે આપણને પવિત્ર બનવા માટે બોલાવે છે. આપણે જેમની આરાધના કરીએ છીએ તે ઈશ્વરના અનન્ય અને ભવ્ય લક્ષણોમાં એક તેમની પવિત્રતા છે. પ્રેષિત પિતર આપણને ઈશ્વરની આજ્ઞાની યાદ અપાવે છે : "હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ" (૧ પિતર ૧:૧૬). ઝોવી જ રીતે, શાસ્ત્ર જાહેર કરે છે કે ઈશ્વરે આપણને અસુદ્ધતા માટે નહિ, પરંતુ પવિત્રતા માટે બોલાવ્યા છે (૧ થેસ્સાલોનિકી ૪:૭). પવિત્રતાની આ હાકલ સાર્વત્રિક છે – અને તે જરૂરી કૃપા પણ પ્રદાન કરે છે, કારણ કે તે આપણને પવિત્ર કરવાની તેમની ઈચ્છા છે. તેથી, આપણને પોતાને અને આપણા શરીરને તેમને સમર્પણ કરવા કહેવામાં આવે છે (રોમનો ૬:૧૯).

સાચી પવિત્રતા માત્ર બાહ્ય દેખાવ સુધી મર્યાગિત નથી, તે આપણા વિચારો, શબ્દો અને કાર્યોમાં પ્રતિબિંબિત થવું જોઈએ. પવિત્ર જીવન જીવવામાં રોજીંદી લડાઈઓનો સમાવેશ થાય છે, પરંતુ પવિત્ર આત્મા વિશ્વાસુપણે તેમને દૂર કરવામાં મદદ કરે છે, જે આપણને પ્રભુની રાહ જોઈને નિર્દોષ જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે (કલોસ્સી ૧:૨૨).

ઈવચારો : શરીરના અશુદ્ધ વિચારો, અભિમાન, ઈર્ષ્યા અને અન્યો પ્રત્યે હાનિકારક ઈરાદાઓ કરતાં મનમાં ઘણા સંઘર્ષો ઉદ્ભવે છે. આપણે જે જોઈએ છીએ અને સાંભળીએ છીએ તે આપણા વિચારોને આકાર આપી શકે છે અને ભ્રષ્ટ કરી શકે છે. ઈશ્વરના શબ્દને યાદ રાખવાથી આપણે આ સંઘર્ષોને દૂર કરવા માટે સજ્જ કરીએ છીએ (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૫), અને આપણી આંખો અને કાનની રક્ષા કરવી જરૂરી છે. જેમ કરોળિયાને દૂર કરવાથી પુનરાવર્તિ જાળાં અટકાવે છે, તેમ આપણે ઈશ્વરની મદદથી પાપના મૂળ કારણોને ઓળખવા અને તેનો નાશ કરવો જોઈએ (૨ કરિંથી ૧૦:૫). આવો આપણે દરરોજ પ્રાર્થના કરીએ કે આપણું મન નવીનીકરણ થાય અને ખ્રિસ્તના મનને પ્રતિબિંબિત કરે (ફિલિપીયન ૪:૮).

શબ્દ : આપણા વિચારો આપણા શબ્દો અને કાર્યો દ્વારા અભિવ્યક્તિ શોધે છે. શાસ્ત્ર આપણી વાણીની શક્તિ અને જવાબદારી વિષે વ્યાપકપણે બોલે છે (નીતિવચનો ૧૨:૧૮, ૧૨:૨૨, ૧૯:૯, ૧૬:૨, ૨૫:૨૩, ૧૫:૧, ૨૬:૨૨-૨૩, એફેસી ૫:૩-૪, ૪:૩૧, રોમનો ૧:૨૯-૩૫, તિમોથી ૧:૨૯-૩, ૧૨:૩૬). મૃત્યુ અને જીવન જીભની શક્તિમાં હોવાથી (નીતિવચનો ૧૮:૨૧), આપણા શબ્દોમાં પવિત્રતા આવશ્યક છે.

કાર્ય : ઈશ્વર આપણી કાર્યોમાં પવિત્રતા ઈચ્છે છે, જેમ કે પક્ષપાત વિના અન્યને પ્રેમાળ અને આદર આપવો, જરૂરિયાતમંદોને મદદ કરવી અને ન્યાયી વર્તવું. આપણને પવિત્રતાની સુંદરતામાં ઈશ્વરની આરાધના કરવા માટે કહેવામાં આવે છે (ગીતશાસ્ત્ર ૯૬:૯). ખ્રિસ્તમાં પવિત્ર અને નિર્દોષ બનવા માટે પસંદ કરવામાં આવ્યા છે (એફેસી ૧:૪), અમે શિસ્તબદ્ધ અને પવિત્ર છીએ જેથી આપણે સન્માનના પાત્ર બની શકીએ, સ્વામીના ઉપયોગ માટે યોગ્ય બની શકીએ (હિબ્રૂ ૧૨:૧૦, ૨ તિમોથી ૨:૨૧). જ્યારે આપણે દરરોજ તેમની સેવા કરીએ છીએ ત્યારે, ઈશ્વર પોતે આપણને પવિત્ર જીવન જીવવા સક્ષમ બનાવે છે જે તેમના નામનો મહિમા કરે છે.

***મર્સી સેલ્વિન, કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ***

"તેથી, વહાલાઓ, આપણને એવાં વચન મળેલાં છે માટે આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુદ્ધ થઈએ, અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ."

૨ કરિંથ ૭:૧

પવિત્ર જીવન પોતે જે એક અદ્ભુત શક્તિ છે, અને તે ઘણી ખામીઓને પૂરી કરે છે, હકીકતમાં તે શ્રેષ્ઠ ઉપદેશ છે જે માણસ હંમેશાં આપી શકે છે.

– ચાર્લ્સ એચ. સ્પર્જન

"તેણે આપણને તાર્યા તથા પવિત્ર તેડાથી આપણને તેડ્યા, આપણી કરણીઓ પ્રમાણે નહિ, પણ તેના જ સંકલ્પ તથા કૃપા પ્રમાણે, એ કૃપા અનાદિકાળથી ખ્રિસ્ત ઈસુમાં આપણને આપેલી હતી."

૨ તિમોથી ૧:૯

પવિત્ર જીવન એ સન્યાસી અથવા અંધકારમય અથવા એકાંત જીવન નથી, પરંતુ દૈવીય સત્ય દ્વારા નિયંત્રિત અને ખ્રિસ્તી ફરજમાં વિશ્વાસુ જીવન છે. તે વિશ્વથી પર જીવાય છે જ્યારે આપણે તેમાં જ રહીએ છીએ.

– ટ્રાયોન એડવર્ડ્સ


# ફસલ

## અમારું મિશન

ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ એ એક સુવાર્તા કેન્દ્રિત ચળવળ છે જે રાષ્ટ્રના દરેક ખૂણે ઈસુ ખ્રિસ્તના શુભ સમાચાર પહોંચાડવા માટે સમર્પિત છે. ભારતીય મંડળીની તેના મંડળો, સંસ્થાઓ, પરિવારો અને વ્યક્તિઓ દ્વારા અડગ પ્રાર્થના, સક્રિય સામેલગીરી અને બલિદાની સમર્થન દ્વારા સશક્ત આ ચળવળ સમગ્ર દેશમાં વિશ્વાસપૂર્વક સેવા આપવાનું ચાલુ રાખે છે. સાથે, અમે ખ્રિસ્તના મિશનમાં આગળ વધીએ છીએ. જોડાયેલા રહો, દર્શન વહેંચો, અન્યને તેમના પરિવર્તનશીલ પ્રેમનો પરિચય આપો.

સૂચનો, ભલામણો અને વિનંતીઓ માટે
feedbackfmpb@fmpb.org

ફસલ

*એફએમપીબીનું સત્તાવાર માસિક*

General Secretary
**Vijay Prasanna Isaac**

Publisher & Editor
**S. John Berlin**

**SUBSCRIPTION**
**Annual - Rs.100**
**Life - Rs.1500**



H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in



*Layout and Preparation:*
Communication Dept., fmpb

# જનરલ સેક્રેટરીની કલમે...



પ્રિય પ્રાર્થના ભાગીદારો,

જ્યારે આપણે નવા વર્ષના બીજા મહિનામાં પ્રવેશ કરીએ છીએ ત્યારે, નવા સંકલ્પોનો પ્રારંભિક ઉત્સાહ સામાન્ય દિવસોની સ્થિર માંગને અનુરૂપ થવા લાગે છે. આ ક્ષણ આપણને યોજનાઓ અને પ્રાથમિકતાઓના માત્ર મૂલ્યાંકનથી આગળ ઈશ્વરની વાણી ધ્યાનપૂર્વક સાંભળવાની ઊંડી મુદ્રામાં બોલાવે છે. ઈશ્વરના લોકો માટે, નવું વર્ષ ફક્ત કેલેન્ડરનું પૃષ્ઠ ફેરવવાનું નથી, તે ખ્રિસ્તના કાયમી તેડાને નવેસરથી આજ્ઞાપાલન વિષે છે. આપણું ખ્રિસ્તી તેડું આપણને દ્રઢ કરે છે કે આપણે કોણ છીએ, આપણે શા માટે અસ્તિત્વમાં છીએ તે સ્પષ્ટ કરે છે, અને આપણને યાદ અપાવે છે કે આપણને દૈવીય રચના દ્વારા ઈતિહાસના આ ખાસ પર્વમાં મૂકવામાં આવ્યા છે અને તે અનાયાસ નથી.

ભારતમાં ખ્રિસ્ત દ્વારા તેડુ મેળવવું એ એક પવિત્ર વિશેષાધિકાર અને મોટી જવાબદારી છે. આત્મિક ઝંખના, સાંસ્કૃતિક જટિલતા અને ઐતિહાસિક ઊંડાણથી સમૃદ્ધ આ પ્રાચીન ભૂમિમાં, આપણું તેડું ઈરાદાપૂર્વક અને હેતુપૂર્ણ છે. ઈસુના શબ્દો સ્પષ્ટતા અને અધિકાર સાથે ગુંજી ઉઠે છે : "તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે, જેથી તમે મારે નામે જે કંઈ બાપની પાસે માંગો તે તમને આપે" (યોહાન ૧૫:૧૬). સદીઓથી, ઈશ્વરે ભારતમાં સામાન્ય પુરુષો અને સ્ત્રીઓને અસાધારણ વિશ્વાસ સાથે જીવન જીવવા માટે બોલાવ્યા છે, એક સુવાર્તાનો વારસો જે મંડળી અને તેના મિશનને પ્રભાવિત કરવાનું ચાલુ રાખે છે.

ખ્રિસ્તી તેડાની શરૂઆત ખ્રિસ્ત અને તેમની મંડળી સાથેના સંબંધથી થાય છે. જ્ઞાતિ, સમુદાય અને વંશવેલા દ્વારા ઉંડે ચિન્હિત થયેલ સમાજમાં, સુવાર્તા ધરમૂળથી નવી ઓળખ પ્રદાન કરે છે, જેનું મૂળ સામાજીક સ્થાનમાં નહિં પરંતુ કૃપામાં છે. પ્રાચીન સેન્ટ થોમસ ખ્રિસ્તી સમુદાય એ સત્યની સાક્ષી આપે છે કે સુવાર્તા તેના સ્વદેશી પાત્રને ગુમાવ્યા વિના, સાંસ્કૃતિક સંદર્ભને માન આપીને જીવનમાં પરિવર્તન લાવે છે.

ભારતમાં, ક્રિશ્ચિયન તેડુ ઘણી વખત જાહેર પ્રસિદ્ધિ દ્વારા નહિ, પરંતુ વિશ્વાસુ હાજરી દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. સુવાર્તા શિક્ષકો, ખેડૂતો, નર્સો, પ્રચારકો, કારીગરો અને વ્યાવસાયિકો દ્વારા શાંતિથી આગળ વધી છે જેમણે ખ્રિસ્તની ઘોષણા કરતા ઘણા સમય પહેલા તેને મૂર્ત સ્વરૂપ આપ્યું હતું. પંડિતા રમાબાઈ આવા આહ્‌વાનના પ્રબોધકીય સાક્ષી તરીકે ઊભા છે. શિક્ષણ હિમાયત અને બલિદાની પ્રેમ દ્વારા વિધવાઓ અને પીડિત મહિલાઓની સેવા કરીને ઈશ્વરના અવાજને પ્રતિસાદ આપે છે. તેણીનું જીવન આપણને યાદ અપાવે છે કે ખ્રિસ્તી તેડું એ માનવ હૃદય અને સમાજની રચના બંનેને હિંમત અનને કરુણા સાથે જોડવા જોઈએ. આ શાંત, અડગ સાક્ષી આજે પણ ગામડાઓ, શહેરો અને સંસ્થાઓમાં મંડળીના મિશનને આકાર આપવાનું ચાલુ રાખે છે.

શાસ્ત્ર પણ બાર્નાબાસને ખ્રિસ્તી તેડાના આકર્ષક નમૂના તરીકે આપણી સમક્ષ રજૂ કરે છે. પ્રેરિતોનાં કૃત્યો ૪:૩૬-૩૭ માં રજૂ કરાયેલ, બાર્નાબાસે તેની જમીન વેચીને પ્રેરિતોનાં પગ આગળ તેની આવક મૂકી, આપણને શીખવ્યું કે તેડું ઉદાર શરણાગતિથી

શરૂ થાય છે. એક ભારતીયના સંદર્ભમાં જ્યાં જમીન, વારસો અને સુરક્ષાનો ગહન અર્થ થાય છે. એક ભારતીય સંદર્ભમાં જ્યાં જમીન, વારસો અને સુરક્ષાનો ગહન અર્થ થાય છે, તેમનું કાર્ય આપણને એક શોધ પ્રશ્ન સાથે સામનો કરે છે : શું આપણે વ્યક્તિગત લાભ કરતાં ઈશ્વરના મિશનને સ્થાન આપ્યું છે.

જ્યારે શાઉલ ડરતો હતો અને નકારતો હતો, ત્યારે બાર્નાબાસ તેની સાથે ઊભો હતો અને તેને પ્રેરિતો સાથે પરિચય કરાવ્યો હતો (પ્રેરિતોનાં કૃત્યો ૯:૨૬-૨૭). તેથી, ખ્રિસ્તી તેડામાં ગેરસમજ, અચકાતા અને નવા કહેવાતા ખાસ કરીને પ્રથમ પેઢીના વિશ્વાસીઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા પૃષ્ઠભૂમિમાં રહેલા લોકો સાથે ઊભા રહેવાનો સમાવેશ થાય છે. પાછળથી, બાર્નાબાસને નિયંત્રણ અથવા આદેશ આપવા માટે નહિ, પરંતુ પ્રોત્સાહિત કરવા માટે અંત્યોખ મોકલવામાં આવ્યો હતો (પ્રેરિતોનાં કૃત્યો ૧૧:૨૨-૨૪). તેમનું સેવાકાર્ય આપણને શીખવે છે કે પ્રોત્સાહન પોતે જ ઊંડે મિશનલ છે. એવી ઋતુમાં જ્યારે ભારતીય મંડળી દબાણ, થાક અને અનિશ્ચિતતાનો સામનો કરે છે, ત્યારે એકબીજાને વિશ્વાસમાં મજબૂત બનાવાવની હાકલ ક્યારેય વધુ તાકીદની રહી નથી.

સૌથી નોંધપાત્ર રીતે, બાર્નાબાસે આગામી પેઢીમાં રોકાણ કર્યું. તેમણે શાઉલને શોધી કાઢ્યો અને તેની સાથે સેવાકાર્યમાં ભાગીદારી કરી (પ્રેરિતોનાં કૃત્યો ૧૧:૨૫-૨૬), અને જ્યારે અન્ય લોકોએ યોહાન માર્કમાંથી આશા ગુમાવી, ત્યારે બાર્નાબાસે અસ્વીકાર પર પુનઃસ્થાપન પસંદ કર્યું (પ્રેરિતોનાં કૃત્યો ૧૫:૩૬-૩૯). તેમનું જીવન જાહેર કરે છે કે ખ્રિસ્તી તેડું પદની રક્ષા કરવા અથવા પ્રભાવને બચાવવા નથી, પરંતુ ઈશ્વરના હેતુઓમાં અન્ય લોકોને મુક્ત કરવા વિષે છે.

સમગ્ર ઈતિહાસમાં, ભારતમાં ખ્રિસ્તી તેડુ કરુણાપૂર્ણ સેવાથી અવિભાજ્ય રહ્યું છે. ઈશ્વરના તેડાના પ્રતિભાવમાં, વિશ્વાસીઓએ શાળાઓ, હોસ્પિટલો, ઘરો, અનાથાશ્રમો અને રાહત સેવાકાર્યોની સ્થાપના કરી છે જે નબળા લોકોમાં ખ્રિસ્તના પ્રેમની દ્રશ્યમાન નિશાની છે. ભારતમાં ખ્રિસ્તને અનુસરવાને કારણે ઘણીવાર ગેરસમજ, પ્રતિબંધ અથવા તો સતાવણીનો સમાવેશ થાય છે. છતાં વેદનાએ ક્યારેય ઈશ્વરની હાકલને શાંત કરી નથી. ભારતીય મંડળીની વાર્તા પુષ્ટિ આપે છે કે વધસ્તંભ એ મુસાફરીનો અંત નથી, પરંતુ પુનરુત્થાન જીવનનો માર્ગ છે. શાસ્ત્ર આપણને ઉપદેશ આપે છે, "જો ખ્રિસ્તી હોવાને લીધે જો કોઈને સહેવું પડે છે, તો તેથી શરમાય નહિ, પણ તે નામમાં તે દેવની સ્તુતિ કરે" (૧ પિતર ૪:૧૬). વિશ્વાસપૂર્ણ સહનશક્તિ એ મંડળીના સૌથી શક્તિશાળી સાક્ષીઓમાંથી એક છે.

ભારત, તેથી, માત્ર એક સેવા ક્ષેત્ર નથી, તે એક મિશન બળ છે. આ ભૂમિમાંથી, ઈશ્વર ભારતની અંદર અને તેની સરહદોની બહાર સુધી પહોંચેલા લોકોમાં સેવા આપવા માટે મિશનરીઓ, વ્યાવસાયિકો અને પ્રાર્થના ભાગીદારોને ઊભા કરી રહ્યા છે. વેદના, સરળતા અને દ્રઢતા દ્વારા આકાર પામેલ, ભારતીય મંડળી ખ્રિસ્તની વૈશ્વિક મંડળીને એક વિશિષ્ટ ભેટ વહન કરે છે. પ્રેરિતોનાં કૃત્યો ૧:૮ નો આદેશ આપણા નગરો, ગામડાઓ અને શહેરોથી લઈને પૃથ્વીના છેડા સુધી ગુંજતો રહે છે.

આ પ્રકાશમાં, **સુવાર્તા રથમ સેવાકાર્યની** પુનઃસક્રિયતા એ કાર્યક્રમના નવીનીકરણ કરતાં ઘણું વધારે છે, તે મંડળીની અંદર એક સેવાકીય હૃદયના ધબકારનું પુનરુત્થાન છે. જેમ ફિલિપ એક સામાન્ય રસ્તા પર ઈથોપિયનની મુલાકાત કરે છે અને પાઉલ બજારોમાં અને જાહેર મેદાનોમાં ખ્રિસ્તને પ્રગટ કરે છે, તેમ સુવાર્તાનો અર્થ મંડળીની દીવાલોની બહાર લોકો રહે છે, કામ કરે છે અને મુસાફરી કરે છે તે રોજિંદા સ્થાનોમાં જવાનો છે. આ ભાવનામાં, નવનીતર અન્નાન અને તેમની ટીમ પ્રાર્થનાપૂર્વક બે મિશન એક્સપોનું આયોજન કરી રહી છે, એક ચેન્નાઈમાં અને બીજો તિરુનેલવેલીમાં, ભારતને જાગૃત કરવા, સ્પષ્ટતા પ્રદાન કરવા અને ઈશ્વરના લોકોને તેમના મિશન માટે એકત્ર કરવાના દર્શન સાથે. એવા સમયમાં જ્યારે ઘણા લોકો મંડળીની

ઈમારતોમાં પ્રવેશવામાં અચકાતા હોય છે, ત્યારે સુવાર્તા રથમ સેવાકાર્ય નમ્રતા અને પ્રતીતિ સાથે ખ્રિસ્તને પ્રગટ કરીને સંગીત, સાક્ષી, શાસ્ત્ર અને કરુણાપૂર્ણ હાજરી દ્વારા સાંસ્કૃતિક રીતે મૂળ સંબંધી સાક્ષી આપે છે. ઊંડી અસર અને કાયમી ફળ માટે ઈશ્વર પર ભરોસો રાખીને, અમે ઈશ્વરના લોકોને આ પહેલને સતત અને ઉગ્ર પ્રાર્થનામાં જાળવી રાખવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ.

જ્યારે આપણે આગળ જોઈએ છીએ તેમ, આપણું ખ્રિસ્તી તેડું આપણને આવનારા દિવસો માટે પ્રાર્થનાપૂર્વકની સમજદારી માટે પણ બોલાવે છે. આપણે મંડળીને નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ કે તેઓ આગામી **મેનેજમેન્ટ કમિટી અને એક્ઝિક્યુટિવ કમિટીની** બેઠકો તમજ **નેશનલ પ્લાનિંગ કોન્ફરન્સ ૨૦૨૬** ને પ્રાર્થનામાં જાળવી રાખે. આ માત્ર વહીવટી મેળાવડા નથી, તે પવિત્ર સ્થાનો છે જ્યાં આપણે સમજદાર નેતૃત્વ, વફાદાર કારભારી અને ઈશ્વરના મિશન માટે નવેસરથી આજ્ઞાપાલન માટે ખ્રિસ્તનું મન શોધીએ છીએ.

અમે ઉત્કલ પ્રદેશમાં તેમની અડગ વફાદારી માટે પણ ઈશ્વરનો આભાર માનીએ છીએ, જે તેના **સેવાકાર્યની સિલ્વર જ્યુબિલીને** આનંદપૂર્વક ચિહ્નિત કરે છે. વિશ્વાસમાં વાવેલા બીજ દ્રઢતા, બલિદાન અને પ્રાર્થના દ્વારા ફળ આપે છે. જ્યારે આપણે આ સીમાચિહ્નનું સ્મરણ કરીએ છીએ ત્યારે, આપણે કૃતજ્ઞતા સાથે પાછળ જોઈએ છીએ અને અપેક્ષા સાથે આગળ જોઈએ છીએ, ઈશ્વરને તેમણે જે કાર્ય શરૂ કર્યું છે તેને વધુ ઉંડું કરવા અને તેને વધારવા માટે કહીએ છીએ.

યાદગીરીની આ ભાવના અને અપેક્ષામાં, પાર્થનાપૂર્વક સેવાકાર્યના ભવિષ્યની દિશા નક્કી કરવા, મનન કરવા અને પરખ કરવા માટે એક **સેવાકીય સલાહકાર**ને બોલાવવામાં આવશે. આ સલાહકાર પવિત્ર આત્માથી દોરવણી પામેલ, શાસ્ત્રવચનો આધારિત, વર્તમાન વાસ્તવિકતાઓ પ્રત્યે સચેત હોય અને સુવાર્તાની સાક્ષી માટે નવા માર્ગો શોધવા કલ્પનાશીલ હોય. ઈશ્વર કે જે અમને અહીં સુધી દોરી લાવ્યા છે તેમના નામના મહિમા અને રાષ્ટ્રોના આશીર્વાદ માટે અમને આત્મવિશ્વાસપૂર્વક માર્ગદર્શન આપવાનું ચાલુ રાખવા, અમે વિશાળ ખ્રિસ્તી સમુદાયને તેમની ખંતપૂર્વકની પ્રાર્થનામાં અમારી સાથે જોડાવા આમંત્રણ આપીએ છીએ.

અંતે, અમે અમારા તમામ પ્રાર્થના ભાગીદારોને ઈશ્વર સમક્ષ અમારા મિશનરીઓને યાદ રાખવાનું આહ્વાન કરીએ છીએ જેઓ મુશ્કેલ અને ઘણીવાર પ્રતિકૂળ સંજોગોમાં વિશ્વાસુપણે સેવા આપે છે. સતાવણી, ગેરસમજ અને વિરોધના પડછાયા હેઠળ ઘણા શ્રમ, શાંત આજ્ઞાપાલનમાં વધસ્તંભનો ભાર વહન કરે છે. અમે તેમના જીવન અને પરિવારો માટે ઈશ્વરની દૈવીય સુરક્ષા, હિંસા, ખોટા આરોપો, અકસ્માતો અને દરેક પ્રકારના નુકસાનથી રક્ષણ માટે તમારી પ્રાર્થનાઓ માટે નિષ્ઠાપૂર્વક માંગીએ છીએ. અમે તમને શારીરિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક શક્તિ અને આત્મિક સ્થિતિસ્થાપકતા માટે પ્રાર્થના કરવાનું પણ કહીએ છીએ, કે ઈશ્વર તેમને માંદગીથી બચાવે. દરરોજ તેમની શક્તિને નવીનીકરણ કરે અને તેમને દ્રઢ શાંતિ અને હિંમતથી ભરે. ઈશ્વર જે તેડુ આપે છે અને મોકલે છે તે પણ તેમના સેવકોનું રક્ષણ કરે છે અને ટકાવી રાખે છે, તેમને સાક્ષી આપવા માટે હિંમત, સહન કરવાની કૃપા અને તેમના જીવનમાં ખ્રિસ્તનો મહિમા ન થાય ત્યાં સુધી ટકી રહેવાનો આનંદ આપે છે.

તેથી, આવો, આપણે સતત પ્રાર્થના કરીએ, નમ્રતાથી સમજીએ અને હિંમતથી તેનું પાલન કરીએ, કારણ કે ઈશ્વરની હાકલ હજુ પણ સંભળાય છે, અને આપણી સમક્ષ ફસલ પુષ્કળ છે.

પ્રભુની સેવામાં આપનો,



**રેવ. વિજય પ્રસન્ના આઈઝેક**

# પવિત્ર થવા માટેનું તેડુ



### આપણા ઈશ્વરની પવિત્રતા

પાપે પ્રથમ માણસને પવિત્ર ઈશ્વરથી અલગ કર્યો. છતાં આપણે જેની આરાધના કરીએ છીએ તે ઈશ્વર સદા પવિત્ર રહે છે. શાસ્ત્ર જાહેર કરે છે, "યહોવા જેવો પવિત્ર કોઈ નથી" (૧ શમુએલ ૨:૨), અને ફરીથી, "હે યહોવા, દેવો મધ્યે તારા જેવો કોણ છે, તારા જેવો પવિત્રતામાં મહિમાવાન, કોણ છે " (નિર્ગમન ૧૫:૧૧).

યશાયાના દર્શનમાં, સરાફિમ સતત પોકાર કરે છે, "પવિત્ર, પવિત્ર, પવિત્ર સૈન્યોનો દેવ છે".

ઉત્પત્તિ ૧૭:૧ માં, જ્યારે ઈબ્રાહિમ નેવુ વર્ષનો હતો, ત્યારે ઈશ્વરે તેને આજ્ઞા આપી હતી, "મારી આગળ ચાલ અને નિર્દોષ બન". શરૂઆતથી, ઈશ્વરે તેમના લોકોને પવિત્રતા માટે અલગ કર્યા છે. પાઉલ લખે છે તેમ, "તેમણે જગતની સ્થાપના પહેલા તેનામાં આપણને પસંદ કર્યા, જેથી આપણે તેની આગળ પવિત્ર અને નિર્દોષ રહીએ" (એફેસી ૧:૪).

ઈશ્વર પોતે જાહેર કરે છે, "અને તમે મારા પવિત્ર લોક થાઓ, કેમ કે હું યહોવા પવિત્ર છું, ને મેં તમને વિદેશીઓથી અલગ કર્યા છે, એ માટે તમે મારા થાઓ" (લેવીય ૨૦:૨૬).

ઈશ્વરના વચનોને પવિત્ર બાઈબલ કહેવામાં આવે છે, અને આત્મા જે આપણને દોરી જાય છે તે પવિત્ર આત્મા છે. જેઓ ખરેખર ઈશ્વરની સેવા કરતા હતા તેઓને "ઈશ્વરના પવિત્ર લોકો" તરીકે યાદ કરવામાં આવ્યા હતા (૨ રાજાઓ ૪:૯). આ સર્વોચ્ચ સાક્ષી છે જે ઈશ્વરનો સેવક મેળવી શકે છે.

### 1 પોતાની જાતને પવિત્ર કરવા અને પવિત્ર બનવાની હાકલ (લેવીય ૨૦:૭)

કાયદો આપવામાં આવ્યો તે પહેલાં પણ, ઈશ્વરના માણસો પવિત્ર જીવન જીવતા હતા. અયૂબ ઈબ્રાહિમ પહેલા પણ જીવ્યા હોવાનું માનવામાં આવે છે. ઈશ્વર પોતે તેમના વિષે સાક્ષી આપે છે : "તે માણસ નિર્દોષ અને પ્રામાણિક હતો, જે ઈશ્વરનો ડર રાખતો હતો અને દુષ્ટતાથી દૂર હતો" (અયૂબ ૧:૧). અયૂબ, પ્રકરણ ૩૧ માં, ઈશ્વર સમક્ષ તેની પોતાની ચાલની સાક્ષી આપે છે.

યૂસફ, જે અયૂબ પછી આવ્યો હતો, તેણે ઉત્પત્તિ ૩૯:૯ માં જાહેર કર્યું, "તો પછી હું આ મહાન દુષ્ટતા અને ઈશ્વર વિરુદ્ધ પાપ કેવી રીતે કરી શકું ?" તેણે કેદની કિંમતે પણ પવિત્રતા પસંદ કરી.

આ માણસો પાપી જગતમાં ઈશ્વરને કેન્દ્રમાં રાખીને પવિત્ર જીવન જીવતા હતા - લેખિત નિયમ વિના. તેમનું જીવન આપણને બતાવે છે કે પવિત્રતા ઈશ્વર સાથેની સંગત દ્વારા શક્ય છે.

તેવી જ રીતે, પ્રારંભિક મંડળીના વિશ્વાસીઓ પવિત્ર જીવન જીવતા હતા, જ્યારે તેમાંથી ઘણા શાસ્ત્રો વાંચી શકતા ન હતા. તેઓનું જીવન આજ્ઞાપાલન, પ્રાર્થના અને ઈશ્વરના ડર દ્વારા ઘડવામાં આવ્યું હતું.

### 2 ઈશ્વરની જેમ પવિત્ર જીવન જીવવાનું તેડું (૧ પિતર ૧:૧૬, લેવીય ૨૦:૨૬)

પવિત્રતાનું આપણું ધોરણ અન્ય લોકો નથી — તે ખ્રિસ્ત ઈસુ પોતે છે. "કારણ કે એને માટે તમને

તેડવામાં આવ્યા છે, કેમ કે ખ્રિસ્તે પણ તમારે માટે મહાન કર્યું, અને તમે તેને પગલે ચાલો, માટે તેણે તમોને નમૂનો આપ્યો છે" (૧ પિતર ૨:૨૧).

ફરોશીઓએ પોતાની સરખામણી અન્ય લોકો સાથે કરી અને પોતાને ન્યાયી ગણાવ્યા (લૂક ૧૮:૧૦-૧૨). પરંતુ પાઉલ, જ્યારે તે ઈશ્વર સમક્ષ ઊભા હતા, ત્યારે જાહેર કર્યું, "ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને સારુ જગતમાં આવ્યા, એવા પાપીઓમાં હું મુખ્ય છું" (૧ તિમોથી ૧:૧૫).

યોહાન લખે છે, "જો આપણે આપણાં પાપોની કબૂલાત કરીએ..." – કૃપાની જરૂર હોય તેવા લોકોમાં પોતાનો પણ સમાવેશ થાય છે. એઝરા, નહેમ્યા અને દાનિયેલ, તેમના પુસ્તકોના નવમાં અધ્યાયમાં, દર્શક તરીકે નહિ પણ સહભાગીઓ તરીકે. ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરનારા લોકો સાથે પોતાને ઓળખાવતા પાપની કબૂલાત કરી.

જ્યારે આપણે આપણી જાતને અન્યો સાથે સરખાવીએ છીએ, ત્યારે આપણે પવિત્ર દેખાઈ શકીએ છીએ. પરંતુ જ્યારે આપણે આપણી જાતને ઈશ્વર સાથે સરખાવીએ છીએ, ત્યારે આપણે આપણી સાચી સ્થિતિ જોઈએ છીએ – અને નમ્રતા અને પસ્તાવો તરફ પ્રેરાઈએ છીએ.

## 3 તે ઈશ્વર છે જે આપણને પવિત્ર કરે છે. (લેવીય ૨૦:૮)

આપણા માટે જેઓ નવા કરારના યુગમાં જીવે છે, ઈશ્વરે આપણને પવિત્ર આત્મા આપ્યો છે – આ એક મહાન વિશેષાધિકાર છે. સાથે સાથે, આપણે છેલ્લા દિવસોમાં જીવી રહ્યા છીએ. ઈસુએ કહ્યું, "અન્યાય વધી જવાના કારણથી ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે" (માથ્થી ૨૪:૧૨). પાઉલે ચેતવણી આપી હતી કે "સંકટના વખતો આવશે" (૨ તિમોથી ૩:૧-૫)

છતાં ઈશ્વરે આપણને લાચાર છોડ્યા નથી. પવિત્ર આત્માની શક્તિથી, તે આપણને પવિત્ર કરે છે. "જ્યારે તે, સત્યનો આત્મા, આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં માર્ગદર્શન આપશે." (જહોન ૧૬:૧૩).

ઈસુએ પ્રાર્થના કરી, "સત્યથી તેઓને પવિત્ર કર, તારું વચન સત્ય છે" (યોહાન ૧૭:૧૭). આપણે તેમના નિયમો પાળવા અને તેમાં ચાલવાની આજ્ઞા આપવામાં આવી છે. (લેવીય ૨૦:૮). "યહોવાની આજ્ઞા નિર્મળ છે, તે આંખોને પ્રકાશ આપે છે" (ગીતશાસ્ત્ર ૧૯:૮). પવિત્ર જીવન ફક્ત ઈશ્વરના વચનના આજ્ઞાપાલન દ્વારા જ શક્ય છે.

## 4 પવિત્રતાની સુંદરતા સાથે રહેવા માટે તેડવામાં આવ્યા છીએ. (ગીતશાસ્ત્ર ૯૬:૯)

સ્નાન કર્યા પછી અને પોતાને સાફ કર્યા પછી, આપણે આપણા વાળ ઓળીએ છીએ અને સ્વચ્છ, સારી રીતે તૈયાર કરેલા કપડાં પહેરીએ છીએ. પુરુષો સ્વચ્છ રીતે પોશાક પહેરે છે, સ્ત્રીઓ વિનયી પોશાક પહેરે છે. જ્યારે પોશાક યોગ્ય હોય, ત્યારે આપણે વ્યવસ્થિત દેખાઈએ છીએ.

તેવી જ રીતે નમ્રતા, પ્રેમ, સદાચાર, કરુણા અને સત્ય એ પવિત્રતાના શણગાર છે. યશાયા ખ્રિસ્ત વિષે બોલે છે, કહે છે, "ન્યાયીપણું તેનો કમરપટો, ને વિશ્વાસુપણું તેનો કમરબંધ થશે" (યશાયા ૧૧:૫). પ્રકટીકરણ ૨૨:૧૧ આપણને સલાહ આપે છે : "જે પવિત્ર છે તે હજુ પવિત્ર થતો જાય".


### શા માટે આપણે પવિત્ર છીએ ?

આપણે પવિત્ર થયા છીએ જેથી ઈશ્વર આ પાપી વિશ્વમાં આપણો ઉપયોગ કરી શકે. તે ઈચ્છે છે કે આપણે તેમના હેતુ માટે યોગ્ય પાત્રો બનીએ – પવિત્ર અને તેમને પસંદ પડે તેવા.

ઉપયોગમાં લેવાતા વાસણને વારંવાર સાફ કરવું જોઈએ. જે વાસણનો ઉપયોગ થતો નથી તે પ્રદર્શન માટે અલમારીમાં અસ્પૃશ્ય રહી શકે છે. ઈશ્વરના બાળકો તરીકે, આપણે દરરોજ તેમની સેવામાં ઉપયોગમાં લેવાય છે, તેથી, દૈનિક પવિત્રતા જરૂરી છે.

જેઓ ખરેખર ઈશ્વરને શોધે છે તેઓ છાવણીની બહાર મુલાકાતમંડપમાં જાય છે (નિર્ગમન ૩૩:૭). આપણે, દરરોજ, પવિત્રતા માટે પોતાને નવેસરથી સમર્પિત કરીએ, જેથી પવિત્ર ઈશ્વર તેમના મહિમા માટે આપણા જીવનમાં કાર્ય કરી શકે.

**રેવ. એસ. દેવદોસ**
**– મિશનરી (નિવૃત્ત), એફએમપીબી**



# ઈશ્વરની હાજરીમાં પવિત્ર જીવન કેવી રીતે જીવવું

મારા જીવનનું મુખ્ય ધ્યેય ઈશ્વરની હાજરીનો આનંદ માણવાનો છે — એક પાઠ તેમણે પોતે મને શીખવ્યો. હું જે પણ સેવા આપી શકું તેના કરતાં વધુ અગત્યનું છે તેમની હાજરીમાં આનંદ કરવાનું શીખવું અને દરરોજ મારા આંતરિક વ્યક્તિને મજબૂત બનાવવું. સુવાર્તા જણાવવા, વિશ્વાસીઓને વૃદ્ધિ, દુઃખી લોકોને દિલાસો આપવા અને પાપી દુનિયામાં પવિત્ર રહેવા માટે, મારે પહેલા ઈશ્વર સમક્ષ સતત જીવવું જોઈએ.

વર્ષોથી, હું પ્રાર્થના કરવા માટે વહેલો ઉઠ્યો હતો, હજુ સુધી મનનની શક્તિને સમજી શક્યો નથી. પરંતુ જ્યારે ઈશ્વરે મને તેમના વચનો પર મનન કરવા અગ્રતા આપવા માટે દોર્યો, ત્યારે મને તેમની હાજરી સમજવી સરળ લાગી. મારું હૃદય તેમની સમક્ષ પ્રજ્વલિત હતું, અને તે નિખાલસતામાં, હું તેમની નજીક જઈ શકતો હતો અને ઊંડો આનંદ માણી શકતો હતો.

દરરોજ સવારે , મેં નવો કરાર પર મનન કરવાનું શરૂ કર્યું — વાંચન, અભ્યાસ અને મારા આત્માને જરૂરી પોષણ મેળવવા માટે, અન્યને શીખવવા માટે નહિ પણ મારા પોતાના આંતરિક જીવનના પોષણ માટે.

આ પહેલાં, હું વારંવાર પ્રાર્થનામાં ઈશ્વરની હાજરી અનુભવવા માટે સંઘર્ષ કરતો હતો અને ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ હતું. હવે, જે ક્ષણે હું શાસ્ત્ર વાંચવા અને તેનું મનન કરવાનું શરૂ કરું છું, ત્યારે હું તેને નજીક અનુભવું છું અને તે જે પણ મનમાં લાવે છે તે વિષે હું તેની સાથે વાત કરી શકું છું.

ઈશ્વરના વચન પર મનન કરવું એ સોનેરી ચાવી છે જે તેમની હાજરીનું આહલાદક સ્થળ ખોલે છે. ઈશ્વર તમને આ ઉત્કૃષ્ટ અને પરિવર્તનશીલ અનુભવમાં પ્રવેશવા માટે આમંત્રણ આપે છે.

**- જ્યોર્જ મુલર (મૂળ રૂપે ૧૯૯૨ અરાઈકુવલમાં પ્રકાશિત, અહીં પુનઃપ્રકાશિત)**


**MISSIONARY INTERVIEW**

*For those who have obeyed God's call...*
*For those burdened to win souls...*
*For those willing to serve across cultures...*

**A rare opportunity to fulfill the Great Commission of Jesus Christ**

**ELIGIBILITY: Minimum qualification:** 12th standard or above
**Age limit:** Unmarried: 18-30 years / Married: Up to 35 years

**VENUE: FRIENDS MISSIONARY PRAYER BAND,** HQ: 29, High School Road, Ambattur, Chennai - 600 053 **DATE:** Saturday, February 21, 2026 **TIME:** 8:00 AM

**CONTACT:** 044-26570404 | 044-26574343 | 8073130527

## બોર્ડની પરીક્ષાઓ આપનાર બાળકો માટે પ્રાર્થના કરો



**૨૦૨૪-૨૫ શૈક્ષણિક વર્ષમાં તેમની ૧૦ મી અને ૧૨ મી બોર્ડની પરીક્ષાઓ આપનાર મિશનરી બાળકોને તમારી પ્રાર્થનામાં રાખવાનું કૃપયા યાદ રાખો.**

**કૃપા કરીને તમારી નિયમિત પ્રાર્થનામાં તેમને જાળવી રાખો. એફએમપીબી સભ્યોના બાળકો અને આપણા હોમના બાળકો માટે પણ પ્રાર્થના કરો જેઓ જાહેર પરીક્ષાઓમાં ભાગ લેનાર છે.**

### ધો.૧૦ માં શાળામાં અભ્યાસ કરતા સ્ટાફ બાળકો (૨૦૨૫-૨૦૨૬)

| ક્રમ નં. | બાળકોનું નામ | માતાપિતાનું નામ |
|---|---|---|
| 1. | બેન્સી બી. નિરાલા | - રેવ. બેનહર એમ. |
| 2. | ઈવેન્જલીન ઝિયોની | - રેવ. આલબિન ટી. |
| 3. | રિમોન અભિશેક ભૂનિયા | - રેવ. લૌલીન ભુનિયા |
| 4. | શૈલેન્દ્ર સિંહ | - રેવ. સમરેન્દ્ર સિંહ |
| 5. | અરીના ફલોરા | - શ્રી બિદુશકુમાર નાયક |
| 6. | ગ્લેડસન એન. પાઉલ | - શ્રી નાગરાજન એમ. |
| 7. | અર્જુન ઓગસ્ટીન | - શ્રી ઈમાનુએલ મુર્મુ |
| 8. | ક્લીફોર્ડ હઝકિયા રાજ | - શ્રી ગોવિંદરાજન ઈ. |
| 9. | લિઝા જાન્સી આર | - રેવ. રામાસામી વી. |
| 10. | જેફીન રાજેશ | - શ્રી એબી જ્ઞાના સેલીન એસ. |
| 11. | પ્રિયાંશુ | - રેવ. ભોરસત બાબુભાઈ ચિમનભાઈ |
| 12. | શરમોન કુમાર | - રેવ. સરકાર રમેશભાઈ જોહરામ બી. |
| 13. | વિવેક પીટરસન નાઈક એમ. | - રેવ. માંજ્યા નાયક . |
| 14. | બ્લેસી જેસલીન | - શ્રી બાર્નાબાસ એ. |
| 15. | યર્મિયા વેસ્લી | - રેવ. ગોડવીન કિરુબાગરન |
| 16. | એન્જલ બોદાર | - શ્રી બોદાર અમૃતભાઈ બચુભાઈ |
| 17. | રાગલેન્ડ ગોલ્ડન | - શ્રી મઈલસામી ટી. |
| 18. | શર્લીન જોસાબેલ જે. | - શ્રી જેબાકુમાર પી. |
| 19. | એસ્તર પ્રિસ્કીલ્લા | - શ્રી મુથુકુમાર એમ. |

| | | |
|---|---|---|
| 20. | સેરુબા મેલબીન રાજ એસ. | - શ્રી સેલ્વરાજ એ. |
| 21. | સેમ્યુઅલ ગ્વાઈટ કે. | - રેવ. દૌજાપાઓ ગ્વાઈટ |
| 22. | શારોન ગ્લોરિયા હંસ | - રેવ. સુનિલ કુમાર |
| 23. | જોઈસ કટસિયા નાયક કે | - શ્રી શંભુનાથ નાયક |
| 24. | બેટ્ટીના વી. જે. | - રેવ. વિજયકુમાર આર. |
| 25. | તિમોથી લામથિઅનલાલ | - રેવ. ગિન સોમ |
| 26. | ગ્લેડીસ કારા | |

## ધો.૧૦ માં શાળામાં અભ્યાસ કરતા સ્ટાફ બાળકો (૨૦૨૫-૨૦૨૬)

| ક્રમ નં. | બાળકોનું નામ | માતાપિતાનું નામ |
|---|---|---|
| 1. | અપૂર્વ | - રેવ. જુબરાજ બર્ધન |
| 2. | સુભ્રા જ્યોતિ કરાડો | - શ્રી કરાડો બિસ્વો રંજન |
| 3. | જેન અકિલા | - રેવ. જહોન્સન શંકર આઈ. |
| 4. | અનુગ્રહ પોલ ભુનિયા | - રેવ. સાઉ ભુનિયા |
| 5. | કરૂના સુસાન | - રેવ. અબ્રાહમ થોમસ |
| 6. | અબ્રાહમ | - શ્રી પ્રભાકરન એન. |
| 7. | આરાધના | - શ્રી બાલામુરુગન વી. |
| 8. | ઈમેન્યુઅલ જેબા સેમ | - રેવ. જહોન સેમ્યુઅલ એ. |
| 9. | શારોન એન્જેલીન | - રેવ. ઈસાક ધ્યાનસિંગ આર |
| 10. | શેમ પૉલ પેટ્રીક | - રેવ. સંજય કુમાર બીરો |
| 11. | સુદીપ જોય બીરો | - રેવ. પોલ ધ્યાનસિંગ એ. વાય. |
| 12. | શર્લટોન સિંહ એચ. | - શ્રી આરોનસિંગ નર્ઝરી |
| 13. | અનોખ નરઝરી | - શ્રી ફેલિક્સ કમલીઓલ એડવર્ડ એસ. |
| 14. | એમીલીન જેસ્સી | - રેવ. રામાસામી વી. |
| 15. | ડેરિક કાફેલિસ આર. | - શ્રી એબી જ્ઞાના સેલીન એસ. |
| 16. | શર્લીન રેશના | - શ્રી પૌલુસ બરજો |
| 17. | શારોન બરજો | - શ્રી જહોન પૉલ હેરીસ જે. |
| 18. | અર્પણા મિરેક્લિન | - શ્રી જહર સાઈ પન્ના |
| 19. | હેરીસ | - રેવ. રમેશ વેલરાજ એ. |
| 20. | અંકિત પન્ના | - રેવ. સ્તેફન આર. |
| 21. | જાબેઝ શાઈન | - રેવ. પીટર પ્રભાહરન |
| 22. | સ્ટેનિશ ગ્રેહામબેલ | - શ્રી વિક્ટર જયસીલન સી. |
| 23. | પી. હનાની જેહોશેબા | - શ્રી જહોન દિનેશ જી. |
| 24. | ઝિગેનબલ્ગ જોશુઆ | - શ્રી કોનકા ગીરી બાબુ |
| 25. | એડલીન બ્લેસી જે | - શ્રી મનુગા અડેપ્પા @ મેથ્યુ |



# કેન્સર જાગૃતિ, નિવારણ અને આશા

કેન્સર એ રોગોનું એક જૂથ છે જે અસામાન્ય કોષોની અનિયંત્રિત વૃદ્ધિ દ્વારા વર્ગીકૃત થયેલ છે, જેમાં શરીરના અન્ય ભાગોમાં આક્રમણ કરવાની અથવા ફેલાવવાની સંભાવના છે. કેન્સરના ૧૦૦ થી વધુ પ્રકાર છે જે મનુષ્યને અસર કરે છે, તેમાંથી, સૌથી સામાન્ય છે સ્તન કેન્સર, ફેફસાનું કેન્સર, કોલોરેક્ટલ (કોલોન અને ગુદામાર્ગ) કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સર, વૈશ્વિક સ્તરે, કેન્સર એ એક મુખ્ય જાહેર આરોગ્ય પડકાર છે. લગભગ ૩૩ ટકા કેન્સર સંબંધિત મૃત્યુ જીવનશૈલીના પરિબળો જેમ કે તમાકુ અને દારૂનું સેવન, સ્થૂળતા, ફળો અને શાકભાજીના અપૂરતા સેવન અને શારીરિક પ્રવૃત્તિના અભાવ સાથે સંકળાયેલા છે. અન્ય ફાળો આપતા પરિબળોમાં ચોક્કસ ચેપ, આયનાઈઝિંગ રેડિયેશનના સંપર્કમાં અને પર્યાવરણીય પ્રદૂષકોનો સમાવેશ થાય છે. વિશ્વભરમાં લગભગ ૧૬-૧૮ ટકા કેન્સર માટે ચોક્કસ વાયરસ, બેક્ટેરિયા અને પરોપજીવીઓનો ચેપ જવાબદાર છે, જ્યારે લગભગ ૫-૧૦ ટકા કેન્સર વારસાગત આનુવંશિક ખામીઓને આભારી છે. કેન્સર વિશ્વભરમાં મૃત્યુનાં મુખ્ય કારણોમાંનું એક છે. એકલા ૨૦૨૦ માં, તે લગભગ ૧૦ મિલિયન મૃત્યુ માટે જવાબદાર છે — વૈશ્વિક સ્તરે દર છ મૃત્યુમાંથી લગભગ એક. ગ્લોબલ કેન્સર ઓબ્ઝર્વેટરી (GLOBOCAN) અનુસાર, ૨૦૨૦ માં વિશ્વભરમાં અંદાજે ૧૯.૩ મિલિયન નવા કેન્સરના કેસ નોંધાયા હતા. ચીન અને યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા પછી ભારત કેન્સરની ઘટનાઓમાં ત્રીજા ક્રમે છે. ચિંતાજનક રીતે, GLOBOCAN પ્રોજેક્ટ કરે છે કે ભારતમાં કેન્સરના કેસ ૨૦૪૦ સુધીમાં વધીને ૨.૮ મિલિયન થશે, જે ૫૭.૫૫ ટકાનો વધારો દર્શાવે છે.

**વિશ્વ કેન્સર દિવસ** દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ કેન્સર વિષે જાગૃતિ લાવવા અને તેની રોકથામ, વહેલી તપાસ અને અસરકારક સારવારને પ્રોત્સાહિત કરવા માટે વિશ્વ કેન્સર દિવસ મનાવવામાં આવે છે. તેની સ્થાપના ૪ ફેબ્રુઆરી ૨૦૦૦ ના રોજ પેરિસમાં આયોજીત વિશ્વ કેન્સર સમિટ અગેન્સ્ટ કેન્સર ફોર ધ ન્યૂ મિલેનિયમમાં કરવામાં આવી હતી. વિશ્વ કેન્સર દિવસનો પ્રાથમિક ઉદ્દેશ્ય કેન્સરથી થતી બિમારી અને મૃત્યુને નોંધપાત્ર રીતે ઘટાડવાનો છે. તે કેન્સરથી અટકાવી શકાય તેવા પીડિતાના અન્યાયને સંબોધવામાં આંતરરાષ્ટ્રીય સમુદાયને એક કરવા માટે વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે પણ કામ કરે છે. આ દિવસ સત્તાવાર રીતે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવે છે. વિશ્વ કેન્સર દિવસ ખોટી માહિતીને પડકારવામાં, જાગરૂકતા વધારવા અને કેન્સરની આસપાસના કલંકને મટાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સમગ્ર વિશ્વમાં,

કેન્સરથી અસરગ્રસ્ત લોકો સાથે એકતા વ્યક્ત કરવા અને સામૂહિક પગલાંને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે સેંકડો કાર્યક્રમો અને પહેલોનું આયોજન કરવામાં આવે છે. વિશ્વ કેન્સર દિવસ વિષયવસ્તુ વિશ્વ કેન્સર દિવસ ત્રણ વર્ષના વિષયોનું ચક્રને અનુસરે છે, જેમાં પ્રત્યેક વિષયવસ્તુ વિશ્વભરમાં જાગૃતિ અભિયાનો, પ્રકાશનો અને કાર્યક્રમોનું માર્ગદર્શન આપે છે. ભૂતકાળના કેટલાક નોંધપાત્ર વિષયવસ્તુઓ "અમે કરી શકીએ છીએ", "હું કરી શકું છું", "હું કરું છું અને હું કરીશ", "કાળજીના બાકોરાને બંધ કરો" અને "અમારાથી આગળ નહિ". **વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો મુદ્રાલેખ "અજોડ દ્વારા ઐક્ય"** છે. આ મુદ્રાલેખ સંભાળના કેન્દ્રમાં અને તેમની અંગત વાર્તાઓને વાતચીતના કેન્દ્રમાં રાખવા પર ભાર મૂકે છે, તે ઓળખી કાઢે છે કે દરેક કેન્સરની મુસાફરી અનન્ય છે જ્યારે કાળજી અને કરુણામાં એકતાની શક્તિને મજબૂત બનાવે છે.

### એફએમપીબી પરિવાર તરફથી

### પ્રાર્થના કરવા માટેનું તેડુ :

એફએમપીબી પરિવાર તરીકે, અમે આ વિનાશક રોગથી કેટલાક પ્રિય સભ્યોની ખોટ પડી તેના પર શોક વ્યક્ત કર્યો છે, અને આજે પણ, આપણામાંના કેટલાક હિંમત અને વિશ્વાસ સાથે કેન્સર સામે લડવાનું ચાલુ રાખે છે. ભારિત હૃદય અને દ્રઢ આશા સાથે, અમે પ્રાર્થના કરીએ છીએ કે અમારા એફએમપીબી પરિવારમાંથી આ યાદીમાં વધુ કોઈ ઉમેરાય નહિ.

### આવો આપણે પ્રાર્થનામાં એક થઈએ :

- ૧. મિશનરીઓ માટે (શ્રીમતી અહોની અચુમી અને શ્રીમતી મનોરમ્મા સુમંથા, (થાઈરોઈડ કેન્સર) રેવ. વિનયરાજ (મગજ), શ્રીમતી ઝિપોરાહ જીવનરત્ન બીરો, શ્રીમતી મલિકા, પૌલરાજ અને શ્રીમત મેરી સેબેસ્ટિન (બ્રેસ્ટ), શ્રીમતી એલા ઝેને (સર્વાઈકલ), શ્રીમતી સુવાન્મા, શ્રીમતી વાચન, શ્રીમતી લિસા, મિશનરી બાળક લિઝા મિરેકલ (શ્રી ડેનસિંગની પુત્રી), અને અમારા પ્રાર્થના જૂથો અથવા મિશન ક્ષેત્રોમાંના અન્ય લોકો કે જેઓ કેન્સરથી પ્રભાવિત છે – કે ઈશ્વર તેમને સંપૂર્ણ સાજાપણું આપે.
- ૨. સંભાળ રાખનારાઓ અને પરિવારના સભ્યો માટે – કે ઈશ્વર તેમને કૃપા, શક્તિ, ધીરજ અને કરુણા આપે કારણે તેઓ બિમારોની સંભાળ રાખે છે.
- ૩. જેઓ હોસ્પિટલની પથારીઓ સુધી સીમિત છે, હિંમતભેર કેન્સર સામે લડી રહ્યા છે – જેથી ઈશ્વર તેમને સ્વસ્થતામાં પુનઃસ્થાપિત કરી શકે.
- ૪. તે સસ્તી અને અસરકારક નિવારક અને ઉપચારાત્મક દવાઓ ટૂંક સમયમાં શોધી શકાય જે આ રોગને નાબૂદ કરવા તરફ દોરી જાય. કે ઈશ્વર દર્દીઓને ધીરજ, શાંતિ અને આવતીકાલની આશાથી ભરી શકે.
- ૫. હોસ્પિટલો અને હેલ્થકેર સિસ્ટમમાં દર્દીઓનું શોષણ ન થાય.
- ૬. જેથી યુવા પેઢી તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે અને આવા રોગોથી બચવા માટે નિવારક પગલાં લઈ શકે.
- ૭. કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારોની નાણાકીય અને ભાવનાત્મક જરૂરિયાતો પુષ્કળ પ્રમાણમાં પૂરી થઈ શકે.

ઈશ્વર કેન્સર દિવસ આપણને માત્ર આ રોગની ગંભીરતાની જ નહિ, પરંતુ વિશ્વાસ, કરુણા અને આશા દ્વારા એક થઈને, સંભાળ, પ્રાર્થના, સમર્થન અને સાથે ઊભા રહેવાની આપણી સહિયારી જવાબદારીની પણ યાદ અપાવે છે.

friends missionary prayer band

Whom shall I send? Who will go for us?

## ARE YOU WILLING TO INVEST YOUR YOUTHFUL DAYS FOR CHRIST?

### Come & join the family of FMPB



# MISSIONARIES WANTED

A time to explore God's call!

**Eligibility Criteria:**

- Have you completed higher secondary (+2) or are you a graduate?
- Are you a bachelor or spinster who has completed 18 years of age and are below 30 years?
- Are you a married person aged 35 years or below?

*If yes, you are eligible!* **The opportunity before you:**

- Pioneer missionary
- Church Planter
- Medical Missionary
- Bible Translator
- Missionary Teacher
- Media Missionary




**Friends Missionary Prayer Band (FMPB)**
***Human Resource Department (HRD)***
29, High School Road, Ambattur, Chennai - 53
Email: hrd@fmpb.org / www.fmpb.co.in
044 2657 0404 / 2657 4343

# FINANCE DEPARTMENT

**FMPB Bank Account details for sending the offering through online transaction**




A/c Name: **FRIENDS MISSIONARY PRAYER BAND**

**ICICI - A/c No. 602701216912** - IFS Code ICIC0006027 - Branch: Anna Nagar

**ICICI Bank UPI ID: fmpb@icici**

**SBI - A/c No. 10402752621** - IFS Code SBIN0000987 - Branch: Ambattur

**Indian Bank - A/c No. 406157474** - IFS Code IDIB000A599 - Branch: Vijayalakshmipuram, Ambattur

Kindly contact us: **finance@fmpb.org, WhatsApp: 7904648270**

## QR Code
**facilities to send your offertory**

**Kindly avail the BARCODE facility also to send your offertory to the ministries of FMPB.**

## The Mirror of God


એક શક્તિશાળી અને જ્ઞાનવર્ધક પુસ્તક છે જે સ્પષ્ટ પ્રતિબિંબ આપે છે કે તમે આજે ખ્રિસ્ત સાથે તમારી આત્મિક યાત્રામાં ક્યાં ઊભા છો. ખ્રિસ્તે પ્રકટીકરણ અધ્યાય ૨ અને ૩ માં સાત મંડળીઓને આપેલા ભવિષ્યવાણી સંદેશાઓમાંથી રેખાંકન-સંત યોહાન દ્વારા પ્રગટ થયેલ - આ પુસ્તક આ સંદેશાઓને આત્મિક અરીસાઓ તરીકે રજૂ કરે છે, જે વિશ્વાસીઓને ઈશ્વરના સત્યના પ્રકાશમાં તેમના આંતરિક જીવનની તપાસ કરવાની મંજૂરી આપે છે. મંડળીઓને દરેક સંદેશ વિવિધ યુગમાં ખ્રિસ્તીઓની આત્મિક સ્થિતિના કાલાતીત પ્રતિબિંબ તરીકે સેવા આપે છે.




આ પુસ્તકમાં વહેંચાયેલ આંતરદ્રષ્ટિ તમારા આત્મિક વિકાસને માર્ગદર્શન આપશે અને એક પગથિયાં તરીકે સેવા આપશે, ફક્ત ઈશ્વર સાથે તમારી વ્યક્તિગત ચાલ માટે જ નહિ પણ તમારા જીવન દ્વારા અન્ય લોકોને ઈશ્વરના રાજ્ય તરફ દોરી જવાના સાધન તરીકે પણ કામ કરશે. તે સેવાકાર્ય અને જૂથ બાઈબલ અભ્યાસ માટે ઉત્તમ સ્રોત છે.

**Price Rs.100/-**

# ટ્રેઈલ બ્લેઝર્સ

## માર્કુસ વ્હિટમેન
## દયાળુ બલિદાની જીવન

વહેલી સવારના સમયે, ડૉ. માર્ક્સ વ્હિટમેન મિશન કમ્પાઉન્ડમાં વાઈલાટપુ - "યુરેશિયન ઘાસની જગ્યા" માં વહેલી સવારના સમયમાં હંકારી ગયા. એક દાયકા અગાઉ, તે માત્ર જંગલી પ્રાણીઓ અને મૂળ આદિવાસીઓ દ્વારા વસવાટ કરતું રણ હતું. હવે, વ્હિટમેનના પ્રયાસોને કારણે, જમીનને ખેતીના ખેતરો, બગીચાઓ, પશુધન અને ગ્રિસ્ટમિલ (મકાઈને પીસવા માટે) વડે પરિવર્તિત કરવામાં આવી હતી.

છતાં આ પરિવર્તન એક ઊંડા સાંસ્કૃતિક અથડામણનું પ્રતીક છે. ખુલ્લી જગ્યાની એક બાજુએ કેયુસ આદિજાતિ (મૂળ અમેરિકન આદિજાતિ) ના મકાનો હતા, જેમાંથી શોકના ધ્રુજારીના અવાજો ગુંજતા હતા. બીજી બાજુ, પાંચ ઢંકાયેલ ગાડીના ડબ્બા પશ્ચિમ તરફના વિસ્તરણના પ્રવાહને ચિહ્નિત કરે છે.

વચ્ચે માર્ક્સ અને નાર્સિસા વ્હિટમેન ઊભા હતા. તેઓ ઉત્તર પશ્ચિમમાં સુવાર્તા પ્રગટ કરવા માટે ગ્રામીણ ન્યુ યોર્ક છોડી ગયા હતા. જ્યારે તેઓ પ્રથમ આવ્યા, ત્યારે કેટલાક કેયુસે તેમનું સ્વાગત કર્યું, મેલીવિદ્યા, હિંસા અને અનિચ્છનીય બાળકોને જીવતા દફનાવવાનું છોડી દીધું હતું. તેઓ ખેતી શીખ્યા, ઢોર ઉછેર્યા અને તેમના પરિવારની સંભાળ રાખતા હતા.

ડૉ. માર્કનો જન્મ ૯ એપ્રિલ ૧૮૨૨ ના રોજ ફેડરલ હોલો, ન્યૂયોર્કમાં થયો હતો. તેઓ એક તબીબી મિશનરી હતા જેમણે તેમના પરિવાર સાથે આધુનિક સમયના વાલા વાલા, વોશિંગ્ટન નજીકના કેયુસ ઈન્ડિયનોમાં કામ કર્યું હતું. તેમની પત્ની, નાર્સિસા, તેઓના લગ્ન થયા તે પહેલાં, પોતાને મિશનરી કાર્ય માટે પ્રતિબદ્ધ કર્યા હતા. દંપતી, જેમણે ૧૮૩૬માં લગ્ન કર્યા હતા, તેમણે ગ્રામીણ ન્યુ યોર્ક છોડ્યું અને ABCFM દ્વારા મિશનરી તરીકે નિમણૂંક કરવામાં આવી, તેઓએ સ્લેઈ (બરફગાડી), કેનાલ બોટ, ઘોડેસવાર ગાડી દ્વારા અને ખડકાળ પર્વતો પર પગપાળા મુસાફરી કરી અને ૨૫ મેના રોજ વાલા વાલા નજીક એક મિશનની સ્થાપના કરી.

**તબીબી સેવાકાર્ય :** બધા કેયુસ લોકો આભારી ન હતા. વ્હિટમેન્સ પ્રત્યે ડર અને શંકા વધતી ગઈ – કારણ કે કેયુસમાં જીવલેણ ઓરીનો રોગચાળો ફેલાયો. ઘણા લોકો મૃત્યુ પામ્યા કારણ કે મૂળ વતનીઓ ગોરા કરતા રોગ સામે ઓછી પ્રતિરક્ષા ધરાવતા હતા. પરંતુ લોકોને શંકા હતી કે વ્હિટમેન તેમને ઝેર આપી રહ્યો છે (કેયુસ લોકો જાણતા હતા કે વ્હિટમેને તે વરુઓને ઝેર આપ્યું હતું જેનો તે શિકાર કરી રહ્યો હતો). ડૉ. વ્હિટમેનના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, ઘણા મૃત્યુ પામ્યા. કેયુસ લોકોના રિવાજ મુજબ, જો કોઈ તબીબ માણસને સાજા કરવામાં નિષ્ફળ જાય, તો તેને મારી નાખવો. તેથી, વતનીઓ ડૉ. વ્હિટમેન પર બદલો લેવા માંગતા હતા. પૂર્વમાંથી ગોરા વસાહતીઓના સતત આગમન સાથે રોષ પણ વધ્યો. ગોરાઓ પર તેમની જમીનો અને ઘોડાઓ પર કબજો કરવાનો આરોપ હતો. તેમનું જીવન જોખમમાં છે તે જાણવા છતાં, વ્હિટમેન્સે

તેમની પ્રતિબદ્ધતાથી પીછેહટ કરી ન હતી. તેઓએ હોસ્પિટલ, શાળા અને અનાથાશ્રમની સ્થાપના કરી.

વ્હિટમેન્સ પહેલેથી જ તેમના સેવા કાર્ય માટે — સંપત્તિ, ઘર, કુટુંબ, મિત્રો, આરોગ્ય — બધું જ છોડી દીધું હતું. નારસીસાની તબિયત ખરાબ હતી અને તેમની એકમાત્ર સંતાન એલિસ ક્લેરિસા બે વર્ષની વયે વાલા વાલા નદીમાં ડૂબી ગઈ હતી. આ બધું હોવા છતાં, તેઓ જે કેયૂસ ઈન્ડિયન્સને પ્રેમ કરવા આવ્યા હતા તેમના માટે તેઓ પોતાનો જીવ આપવા તૈયાર હતા.

**હત્યાકાંડ :** ૨૯ નવેમ્બર, ૧૮૪૭ ના રોજ, તેણે નાર્સિસાને — ગોરા અને મૂળ રહેવાસીઓ — બંનેના બીમાર બાળકોની સંભાળ રાખવા માટે મોકલી. કોઈને ખબર નહોતી કે આ તેમના અંતિમ કલાકો હશે. દુશ્મન કેયૂસ લોકોનું એક જૂથ તેમના વડા સાથે મિશન હાઉસ પર પહોંચ્યું. હંમેશાં દયાળુ ડૉ. માર્ક્સ વ્હિટમેન તેમની બેગ સાથે મદદ કરવા માટે પહોંચ્યા, પરંતુ પાછળથી ટોમહોક (એક પ્રકારની કુહાડી) મારવામાં આવી અને તે માર્યા ગયા. ગોળીબાર થયો અને અને અંધાધૂંધી ફેલાઈ ગઈ.

બંદૂકની ગોળીનો અવાજ સાંભળીને નાર્સિસા વ્હિટમેને પોતાનો વિચાર કર્યો ન હતો પરંતુ અનાથ છોકરીઓની રક્ષા કરી, દરવાજાની પાછળ તેઓની એકત્ર કરી. તેણીના પ્રયત્નનો છતાં, એક ગોળી બારીમાંથી તેના ખભા પર વાગી હતી.

બહાર, પૂર્વીય વસાહતીઓ માર્યા ગયા. એન્ડ્રુ રોજર્સ, એક સેવાકીય વિદ્યાર્થી કમ્પાઉન્ડમાં જીવલેણ રીતે ઘાયલ થયો, તેમ છતાં તે નારસીસા અને છોકરીઓને એક મેડા પર લઈ જવામાં સફળ થયો, તેણે હુમલાખોરોને તૂટેલી બંદૂકની બેરલ વડે એક કલાકથી વધુ સમય સુધી રોકી રાખ્યા.

આખરે, ઘાયલ નારસીસાને સલામતીની ખાતરી સાથે છેતરવામાં આવી. બહાર નીકળીને, તેણી તેના મૃત્યુ પામેલા પતિ પાસે આવી, જેણે તેણીને પ્રેમ અને ઈશ્વરના વિશ્વાસની ખાતરી આપી હતી. તેણી બહાર નીકળી તે વખતે તેની ઉપર ઘણી ગોળીઓ છોડવામાં આવી અને તેની હત્યા કરવામાં આવી.

નારસીસાએ તેણીનું સર્વ — શિક્ષણ, સેવા અને કેયુસ સાથે તેણીનો વિશ્વાસ વહેંચ્યા હતા. તે તેણીના મૃત્યુ સુધી વિશ્વાસુ રહી.

હત્યાકાંડ ચાલુ રહ્યો, તમામ સક્ષમ માણસોને મારી નાખવામાં આવ્યા. ઘટનાઓની નાટકીય શ્રેણીમાં બચાવી લેવાના લગભગ એક મહિના પહેલા મહિલાઓ અને બાળકો પર દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને ખંડણી માટે રાખવામાં આવ્યા હતા.

ઘણા વર્ષો પછી, વ્હિટમેન હત્યાકાંડ માટે ન્યાય કરવામાં આવ્યો. કેટલાક હત્યારાઓને ક્રિશ્ચિયન નેઝ પર્સ ચીફ દ્વારા બ્લુ માઉન્ટેન પર તેમનો પીછો કરવામાં આવ્યો અને તેઓને યુદ્ધમાં મારી નાખવામાં આવ્યા. માર્કસ અને નાર્સિસા વ્હિટમેનની હત્યા કરનારાઓ સહિત પાંચને જ્યુરી દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને ફાંસી આપવામાં આવી હતી. જેમાં મૂળ અમેરિકનોનો સમાવેશ થતો હતો.

**બલિદાનનું ફળ :** શું તેમની શહાદત નિરર્થક હતી ? ના. વાઈલાટપુ અસ્પષ્ટ હોવા છતાં, દુર્ઘટનાએ પૂર્વીય અખબારોમાં હેડલાઈન્સ બનાવી, જેના દ્વારા વ્હિટમેનના પરિવારને તેમના મૃત્યુ વિષે પ્રથમ જાણ થઈ. તેમની વાર્તાએ સમગ્ર યુ.એસ. માં આત્માઓ માટે બોજની લહેર ફેલાવી, તેમની હિંમતથી પ્રેરાઈને, ઘણા યુવાનોએ પોતાને ખ્રિસ્તની સેવા માટે પ્રતિબદ્ધ કર્યા.

હેનરી સ્પેલ્ડિંગ, વ્હિટમેન્સના નજીકના મિત્ર, મિશન કાર્ય પર પાછા ફર્યા અને કેયુસ અને નેઝ પર્સ વચ્ચે આત્મિક ફસલના સાક્ષી બન્યા. તિમોથી નામનો એક વિશ્વાસુ ખ્રિસ્તી બન્યો. ઈડાહોમાં સ્થપાયેલ મંડળી સ્પાલ્ડિંગ હજુ પણ વ્હીટમેનના વારસાની શ્રદ્ધાંજલિ તરીકે ઊભી છે.

યુ.એસ. કેપિટોલમાં, માર્કસ વ્હિટમેનની પ્રતિમા એક હાથમાં બાઈબલ અને બીજા હાથમાં મેડિકલ બેગ સાથે ઊભી છે — તેમના જીવનના સેવાકાર્યોના પ્રતીકો. જો કે તેમની કાળજી કેટલાક દ્વારા નકારી કાઢવામાં આવી હતી, તેમ છતાં તેમનું દયાળુ બલિદાન નિરર્થક ન હતું.

તમારા હાથમાં શું છે ? માર્કસ એક બાઈબલ અને મેડિકલ કીટ લઈને ગયો હતો, જે સાધનોનો ઉપયોગ તેમણે પોતાના ખર્ચે પણ જીવન બદલવા માટે કર્યો. તમારી પાસે જે કંઈ પણ છે — પૈસા, શિક્ષણ, પ્રતિભા, સમય, તે ઈશ્વરના રાજ્યની ખાતર આપો. ઈશ્વરના રાજ્ય માટે સમજદારીપૂર્વક રોકાણ કરો. તેને ઈશ્વરના હેતુને સમર્પિત કરો.

GO INTO ALL THE WORLD AND PREACH THE GOSPEL TO ALL CREATION

**friends missionary prayer band**

Go or Send

## To tend the olive shoots- the second generation believers

# WANTED Teachers

# WE ARE HIRING

## PASSIONATE AND QUALIFIED TEACHERS

**School at Jharkhand (Pandeni)**

Mathematics / Hindi / History / PET

**School at Gujarat (Jhawda)**

Physics / Chemistry


### WHY JOIN US?

- It is an opportunity to serve our Lord Jesus Christ through your profession for a few years in your lifetime
- This is an investment for The Lord's Kingdom's sake in the life of young believers.
- An opportunity to transform communties by giving good education to them.

### WHO CAN APPLY

- A candidate who is born again and with a Missionary heart who are willing to stay on campus
- A candidate with good knowledge of the subject
- A candidate with a good communication skill in English

*Join our team as we are involved in shaping the future of the children from the marginalised society!*



**Salary for Teachers**

Any UG degree with BEd. - Rs.25000/-
Any PG degree with BEd - Rs. 27000/-

Send your Resume to the HRD

**hrd@fmpb.org**

*For further details please contact:* **FMPB,** 29, High School Road, Ambattur, Chennai 53. ☎ 044-26570404 / 26573353

# મતિયા

## મંડળીનો ઈતિહાસ

### ટેલો ક્ષેત્ર, સંથાલ સાહિબગંજ પ્રદેશ



**રેવ. એલ. મસિલામની દ્વારા લિખિત**

### સામાન્ય માહિતી

મતિયા એ ઝારખંના સાહિબગંજ જીલ્લાના બોરિયા બ્લોકમાં આવેલું મધ્યમ કદનું ગામ છે. ભારતના બંધારણ અને પંચાયતી રાજ અધિનિયમ મુજબ, મતિયા ગામનો વહીવટ સરપંચ (ગામના વડા) દ્વારા કરવામાં આવે છે જે ગામના પ્રતિનિધિ તરીકે ચૂંટાય છે. મતિયા ગામનો સાક્ષરતા દર ઝારખંડની સરખામણીમાં ઓછો છે. મતિયા ગામમાં કુલ વસ્તીના ૪૬.૦૯ ટકા અનુસૂચિત જનજાતિ (એસટી) છે. સાહિબગંજના મતિયા ગામમાં અનુસૂચિત જાતિ (એસસી) ની વસ્તી નથી. તે ટેલો મિશન ક્ષેત્રમાં છે. તે બિશુનપુર પાળક હેઠળ આવે છે.

### શરૂઆત

૧૫ મી ઓક્ટોબર ૧૯૯૩ થી ૩૧ મી ડિસેમ્બર સુધી શ્રી સુધાહરન પરિવાર અને ફ્રેન્કલીન પરિવાર બોરીઆમાં રહેતા હતા અને શ્રી એલિયાસ તેમને સંતાલી ભાષા વાંચવા અને સંતાલી વ્યાકરણ શીખવતા હતા. ત્યારબાદ સંતાલી ભાષામાં વાત કરવા માટે બંનેને બડીટોલા ગામમાં મોકલવામાં આવ્યા હતા. ત્યાં બ્રધર જેબરાજની મદદથી તેઓ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧૯૯૪ માં સંતાલી ભાષામાં બોલતા શીખ્યા. તેઓને માર્ચ ૧૯૯૪ ના અંત સુધીમાં મિશન ક્ષેત્રો ફાળવવામાં આવ્યા. બ્રધર ફ્રેન્કલીનને કઠુઆ ક્ષેત્ર અને બ્રધર સુધાહરનને ટેલો ક્ષેત્ર આપવામાં આવ્યું હતું.

ટેલો ક્ષેત્ર ૧-૪-૧૯૯૪ ના રોજ ખોલવામાં આવ્યું હતું. સુધાહરન પરિવાર આ ક્ષેત્રના પ્રથમ મિશનરી હતા. ૯ મી એપ્રિલે મૂળ પ્રચારક જોહાન હંસદા તેમના પરિવાર સાથે તેમની સાથે જોડાયા હા. તેઓ બોરીયા ગામમાં ભાડાના મકાનમાં રોકાયા હતા. બાદમાં તેઓ અને પ્રચારક પરિવાર એક મહિના પછી ખેરવા ગામમાં ગયા અને ભાડાના મકાનમાં રહેતા હતા. આ ક્ષેત્રના મિશનરી તરીકે સુધાહરનના સમય દરમિયાન, ૧૯૯૪ માં, મતિયા ગામમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

### એફએમપીબીનું સેવાકાર્ય



એલિઝાબેથ મુર્મુ

પ્રથમ વિશ્વાસી સેમ્યુઅલ સોરેન (અગાઉ સોમાઈ સોરેન) ની પત્ની એલિઝાબેથ મુર્મુ ગામની પ્રથમ વિશ્વાસી હતી. બંનેએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને મિશનરી સુધાકરન દ્વારા ૨૧-૮-૧૯૯૬ ના રોજ બાપ્તિસ્મા લીધું અને છ વર્ષના નિ:સંતાનપણા પછી ઈશ્વરપિતાએ તેમને એક પુત્રનો આશીર્વાદ આપ્યો. સાત પરિવારો સહિત લગભગ ત્રીસ લોકોએ તેમની સાથે બાપ્તિસ્મા લીધું. પાછળથી, કુરુ સોરેનનું વીંછીના

ડંખથી સાજા થયા અને એલિઝાબેથના પગના ઘામાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળવાથી ઘણા વધુ ગ્રામજનો ખ્રિસ્તનો સ્વીકાર કરવા પ્રેરાયા.

### આરાધના સંગતો

ચાર વર્ષ સુધી ડેનિયેલ સોરેનના ઘરના છાપરા નીચે આરાધના થતી હતી. તે મનજી ટોલા ખાતે રહે છે. આરાધના સ્થળે ૩૫ લોકો એકત્ર થતા હતા. એલિઝાબેથ મુર્મુના પિતા શૌલ મુર્મુ આરાધના સંગતનું સંચાલન કરતા હતા. તેઓ સી.એન.આઈ. મંડળીના વિશ્વાસી હતા. તેમના પતિ અન્યધર્મી હોવાથી, તેમણે અને તેમના પરિવારના સભ્યોએ બાપ્તિસ્મા લીધું. પાછળથી આરાધના સંગતોને જેહર ટોલા ખાતે ખસેડવામાં આવી હતી કારણ કે ત્યાંથી વધુ વિશ્વાસીઓ આવતા હતા.

### ચર્ચનું બાંધકામ

ચર્ચના બાંધકામ માટે જમીન બાર્નાબાસ મુર્મુ દ્વારા આપવામાં આવી હતી



**બાર્નાબાસ મુર્મુ**

તેમની સાક્ષી ) હું આ ગામનો બાર્નાબાસ મુર્મુ છું. મેં મંડળી માટે ત્રણથી ચાર કટ્ટા જમીન દાનમાં આપી કારણ કે મેં જોયું કે વિશ્વાસીઓ પાસે એકઠા મળવાની કોઈ જગ્યા ન હતી. અગાઉ હું એક દારૂડિયા અને ગામડાનો આગેવાન હતો જેણે લોકોને ગુરુ તરફ દોર્યા અને ખ્રિસ્તીઓનો વિરોધ કર્યો – આરાધનાનું આયોજન પણ કર્યું અને પ્રથમ વિશ્વાસી (સેમ્યુઅલ સોરેનના સસરા) ને મારી નાખ્યો. બલિદાન હોવા છતાં મારા પિતા ગંભીર રીતે બિમાર પડ્યા અને એક સંબંધીનું અવસાન થયું. એક ખ્રિસ્તી ગીત - "જીવનમાં દુઃખો હશે પણ શાંતિ હશે" – મને અને મારા પરિવારને સ્પર્શી ગયું, અમે તમામ ખ્રિસ્તી બન્યા. હવે અમે અમારી જમીનમાં પર્યાપ્ત અનાજ સાથે ખેતી કરીએ છીએ, અને હું ગામના આગેવાન તરીકે ચૂંટાયો અને મંડળીના પ્રથમ વડીલ તરીકે સેવા આપું છું.

મંડળીનું બાંધકામ વિરોધ વિના ૨૦૦૬ માં શરૂ થયું, જો કે રસ્તાના અભાવને કારણે સામગ્રીનું પરિવહન મુશ્કેલ હતું. કોંક્રીટની છત સાથે બાંધવામાં આવેલ, પાકું ચર્ચ વિશ્વાસીઓની મદદથી પૂર્ણ થયું, જેમણે એક દિવસની મજૂરીના રૂા. ૩૦ માં કામ કર્યું જ્યારે અન્યોને દિવસની મજૂરીના રૂા. ૬૦ મળતા હતા. મિશનરી રંજન કાર્યની દેખરેખ રાખતા હતા, અને રેવ. દેવદોસે ૨૦-૦૪-૨૦૦૭ ના રોજ મંડળીને ઈશ્વરના મહિમા માટે સમર્પિત કર્યું હતું.

### સમર્પણ

ઓક્ટોબર ૨૦૦૯ માં, મતિયા ચર્ચના સ્પોન્સર કેરલાના શ્રી સ્ટીફન રાજે મતિયા ચર્ચની મુલાકાત લીધી. વિશ્વાસીઓએ ખૂબ જ ભવ્ય રીતે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સભા માટે ૪૦૦ થી વધુ લોકો એકઠા થયા હતા. મુલાકાતીઓમાં ત્રણ વ્યક્તિ હતા અને તેઓ કાર્યક્રમ અને તેમના આપવામાં આવેલ આવકાર જોઈને ખૂબ જ ખુશ થયા હતા. ૨૦ થી ૨૫ નિયમિત સભ્યો સાથે મતિયાના પાંચ, ટોલા અને કુવલના પાંચ પરિવારો આ ચર્ચમાં હાજરી આપે છે. આરાધના સંગતનું નેતૃત્વ વડીલો બાર્નાબાસ મુર્મુ અને ઈમેન્યુઅલ કિસ્કુ કરે છે. સુવાર્તિકો દર મહિને મુલાકાત લે છે,મિશનરીઓ વર્ષમાં ૩-૪ વખત મુલાકાત લે છે અને ગયા વર્ષે બે પરિવારોએ બાપ્તિસ્મા લીધું હતું. દાનાર્પણોમાં આભારસ્તુતિના, સાક્ષીના, પ્રથમ ફળો, દશાંશ અને મુઠ્ઠીભર ચોખાનો સમાવેશ થાય છે.

### સાજાપણાની સાક્ષીઓ

■ મારું નામ એલિઝાબેથ મુર્મુ (અગાઉ સંજલી મુર્મુ) છે. મને પગમાં ગંભીર ઈજા થઈ હતી અને મેં સ્થાનિક ઓઝા ગુરુ (ભૂતવૈદ) પાસેથી મદદ માંગી હતી, જેમણે કહ્યું હતું કે દુષ્ટ આત્મા લગ્ન વિના સાથે રહેવા માટે અમને સજા કરી રહી છે અને ઉપચાર માટે મોંઘા પશુ બલિદાની માંગણી કરી હતી. અમને પોસાય તેમ ન હોવાથી અમે લાચાર હતા. પછી અમે ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાંભળી, તેનામાં વિશ્વાસ કર્યો અને તેને આપણા તારનાર તરીકે સ્વીકાર્યા. જ્યારે મિશનરીઓએ મારા માટે પ્રાર્થના કરી ત્યારે હું સંપૂર્ણપણે સાજો થઈ ગયો.

■ ૧૩-૧૨-૧૯૯૭ ના રોજ મતિયા ગામની

માર્ટિનાએ મિશનરીના ઘરની મુલાકાત લીધી. તેણીએ મિશનરીઓને તેણીની છાતી પરના ઘા વિષે જણાવ્યું જે ખૂબ જ પીડા આપે છે. તેણીએ તેમને પૂછ્યું શું સારવાર માટે ડોક્ટર પાસે જવું જોઈએ. મિશનરીએ સલાહ આપી કે તેમના ગામમાં વિશ્વાસીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવે. મિશનરીઓએ તેમના ઘરે તેમના માટે પ્રાર્થના કરી અને તેણીને તેના ગામમાં મોકલી. આગામી શનિવારે, તેણીએ મિશનરીઓને જાણ કરી કે તેણીને મંડળના વિશ્વાસીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી અને તેણીને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

■સિબુ સોરેન અને તેમની પત્ની માકુ હંસદાક સાફા ધરમનું પાલન કરતા, સૂર્ય અને અન્ય દેવતાઓની પૂજા કરતા, માંસ, મીઠું ટાળ્યું અને માનતા કે ગંગા નદી પાપોને ધોઈ શકે છે. તેઓ ઘણીવાર દુષ્ટ આત્માના હુમલાથી પીડાતા હતા અને તેઓ ખોરાક વિના રહેતા હતા. તેમના પુત્ર યુપીમાંથી કામ પરથી પાછા ફરતા, તેમના વિશ્વાસ દ્વારા કોઈ સાજાપણું મળતું ન જોઈને તેમને ખ્રિસ્તને સ્વીકારવા વિનંતી કરી. શરૂઆતમાં ગુસ્સે હોવા છતાં, તેઓ આખરે સંમત થયા. સુવાર્તિક જોહાન હંસદા અને પૌલસ મુર્મુએ તેમના માટે બે વાર પ્રાર્થના કરી - પ્રથમ તેઓએ પ્રતિકાર કર્યો, પરંતુ પછીથી તેઓ શાંત થયા, ખોરાક ખાધો અને દુષ્ટના હુમલાઓમાંથી સાજા થયા અને મુક્ત થયા. ૨૯-૬-૧૯૯૮ ના રોજ, તેઓએ તેમનો વિશ્વાસ કબૂલ કર્યો.

■ બાર્નાબાસ મુર્મુએ જ્યારે પ્રભુનો સ્વીકાર કર્યો અને વિશ્વાસ સાથે પ્રાર્થના કરી ત્યારે તેના અંધ બળદને દ્રષ્ટિ પ્રાપ્ત થઈ.

## આ ક્ષેત્રમાં કામ કરનારા મિશનરીઓ

આ ક્ષેત્રના અગ્રણી મિશનરી સુધાકરન હતા, જેમણે ૧૯૯૫ થી ૧૯૯૯ સુધી સેવા આપી હતી. તેમના પછી જીવન રંજન હતા, જેમણે ૧૯૯૯ થી ૨૦૦૭ સુધી સેવા આપી હતી. તેમના પછી, સી.એચ. જ્હોને ૨૦૦૭ થી ૨૦૧૧ સુધી સેવા આપી હતી, અને ૨૦૧૧ થી, કેનેડી સિંહ આ મિશન ક્ષેત્રમાં વિશ્વાસુપણે સેવા આપી રહ્યા છે.

## નાના જૂથોનું સેવાકાર્ય

નાના જૂથોનું સેવાકાર્ય, ૨૦૦૪ માં શરૂ થયું અને જેટ ટોલામાં માર્ટિના સોરેનની આગેવાની હેઠળ, દર મંગળવાર અને શુક્રવારે મિશનરીઓ, પ્રચારકો, માંદાઓ અને તેમના પરિવારો માટે પ્રાર્થના કરવા માટે બે કલાક માટે મળતું હતુ. તેઓ સુવાર્તા પ્રગટ કરવા અને પ્રાર્થના કરવા માટે ઘરોની મુલાકાત પણ લેતા હતા, જેના પરિણામે ઘણા સાજા થતા અને નવા વિશ્વાસીઓ ખ્રિસ્તના વાડામાં ઉમેરાતા.

## સિંચાઈ યોજના

મે ૨૦૧૦ માં, ડૉ. એડવર્ડ રાજા દ્વારા માર્ગદર્શન હેઠળની સિંચાઈ યોજના મતિયા ગામમાં પૂર્ણ થઈ હતી. જેના પગલે સરકારે મતિયા અને આસપાસના ગામોમાં લિફ્ટ ઈરીગેશન પ્રોજેક્ટ શરૂ કર્યો. ડૉ. રાજાએ વિશ્વાસીઓને ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા અને સંયુક્ત પ્રયત્નોથી આ પ્રોજેક્ટ સફળ થયો. સરકારી અધિકારીઓએ મુલાકાત લીધી, સિદ્ધિની પ્રશંસા કરી અને મિશનરીઓની ભૂમિકાની પ્રશંસા કરી, નોંધ્યું કે આવા સહકારથી અન્ય સંથાલ અને માલ્ટો ગામોને ફાયદો થઈ શકે છે.

## આશીર્વાદ

ઈશ્વરપિતાએ ૫૬ આરાધના જૂથો અને ૨૦ આરાધના જૂથો ઊભા કર્યા છે, જેમાં ત્રણ મંદિરો નિર્માણાધીન છે. પાંચ સ્થાનિક પ્રચારક પરિવારો અને ૮૪ વડીલ પરિવારો વિશ્વાસુપણે સેવા આપી રહ્યા છે. બે ડે-કેર સેન્ટરોમાં લગભગ ૧૬૩ બાળકો અભ્યાસ કરે છે.

## પ્રાર્થનાના મુદ્દા

૧. વર્તમાન સેવાકાર્ય હેઠળના દરેક ગામમાં સુવાર્તા પહોંચી શકે.
૨.પાયાની સવલતો-સ્વચ્છ પાણી, વીજળી, આરોગ્યસંભાળ અને શિક્ષણ માટે વધુ જરૂરિયાતમંદ ગામો સુધી પહોંચવા માટે.
૩. મેલેરિયા, ટાઈફોઈડ, ટ્યુબરક્યુલોસિસ અને કાલા અઝાર જેવા રોગોથી રક્ષણ માટે.
૪. ઘણા પુરુષો કામ માટે સ્થળાંતર કરે છે, સ્થાનિક નોકરીની તકો અને મજબૂત પરિવારો માટે.
૫. યુવાનોમાં આત્મિક પુનરુત્થાન માટે અને તેઓ મંડળીના આગેવાનો તરીકે ઊભરી શકે એ માટે.
૬. કુપોષણને કારણે થતા યુવાન મૃત્યુના અંત માટે.
૭. લોકોમાં દારૂના વ્યસનમાંથી સંપૂર્ણ મુક્તિ માટે.

**WE ARE HIRING**

**Born again Christian**



# Administrative Officers Child Care



**Qualification** Master of social work (MSW / Postgraduate)
Must have known Hindi

**Experience** Minimum 2 years of experience in child welfare, counselling or community development (freshers / interns with passion and aptitude may also apply).

**Where** Placement in North India

**About us** We are a faith- based, non-profit organisation committed to the holistic development of children and youth, nurturing them with love, care and opportunities for a brighter future.

**How to apply** Apply on or before 20th February 2026 to **hrd@fmpb.org**

---

## *We are* HIRING

**Location:** Ambattur, Chennai

**Type:** Full-time

**Experience:** Minimum 5 years

**Eligibility:** Born-again Christian

## MEDIA PERSONNEL

**Requirements**:
Proficient in handling cameras
Working knowledge of Final Cut Pro (FCP), Adobe Premiere Pro, and After Effects

## GRAPHIC DESIGNER

**Requirements:**
Well versed in Adobe Photoshop, InDesign, and CorelDRAW

**How to Apply:** Kindly send your resume to:
communication@fmpb.org, media@fmpb.org Contact: **98419 73020**

**1**
**FEBRUARY**
**રવિવાર**

***Happy Birthday***

શ્રી બેન્જામિન જ્યોતિ
શ્રી અરોનસિંહ નરઝરી, શ્રી શંકર એમ.
શ્રીમતી કાંતિ દેવી શિવશંકર

## જમ્મુ

### ધાર

### લુંજલાલ સોન્ગથટ અને મેરી નેંગનીકીમ

**સ્તુતિ :** લક્ષ્મી અને તેનો પરિવાર સુવાર્તામાં રસ દર્શાવે છે. પ્રમશિવાને મળેલી સારી સલાહને કારણે તે નિયમિતપણે મંડળીની આરાધના સંગતો અને પ્રાર્થના સંગતમાં હાજરી આપવા સક્ષમ બન્યા હતા. ઈશ્વરપિતાની વિપુલ કૃપા માટે કે જેના દ્વારા નાતાલના તમામ કાર્યક્રમો સરળતાથી અને કોઈપણ અવરોધ વિના હાથ ધરવામાં આવ્યા હતા.

**પ્રાર્થના :** બિમલ પ્રકાશને ઈશ્વરના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ચર્ચની સામે અન્ય વિશ્વાસના આરાધના સ્થળની હાજરીને કારણે નવા વિશ્વાસીઓ દ્વારા અનુભવાયેલી આશંક માટે, ઈશ્વર દ્વારા તેમના હૃદયમાં મૂકવામાં આવેલી હિંમતની ભાવના દ્વારા બદલવામાં આવી હતી. સ્વૈચ્છિક કાર્યકર્તાઓને આ પ્રદેશમાં મંત્રી બનાવવા માટે. નવી વિશ્વાસી સરોજીનીને દૈવીય આશ્વાસન મળે એ માટે જેણે તાજેતરમાં તેના પતિને ગુમાવ્યો છે અને તેની જમીનના પ્રશ્નમાં તેને ન્યાય મળે એ માટે.

### રામનગર

### જ્હોન ઈઝુંગ અને લિબેની જામી

**સ્તુતિ :** ત્રણ નવા ગામોમાં સુવાર્તાની ઘોષણા કરવા માટે, બે સ્થળોએ યોજાયેલી સાજાપણાની પ્રાર્થના સભાઓ અને ત્રણ સ્થળોએ યોજાયેલી બાળકોની બાઈબલ ક્લબ માટે. તાપલલ ગામમાં નાતાલનો કાર્યક્રમ સુચારુ અને કોઈપણ અવરોધ વિના સંપન્ન થયો હતો. વિશ્વાસી અશોકના પરિવાર પર ઈશ્વરની કૃપા માટે, કારણ કે તેનો પુત્ર સફળતાપૂર્વક વિદેશમાં વિઝા મેળવવામાં સક્ષમ થયો હતો.

**પ્રાર્થના :** રાજ કુમારની પત્નીના પસ્તાવા અને પરિવર્તન માટે, જેમણે બાઈબલ બાળી નાખ્યું હતું અને તેના પરિવારમાં ઘણી મુશ્કેલીઓ ઊભી કરી હતી, જેથી ઈશ્વર તેના હૃદયને નરમ પાડે અને શાંતિ પુનઃસ્થાપિત કરે. તાપલલ ગામના સમીર લોકોના જૂથના સંજય કુમાર, જેઓ આતુરતાથી સુવાર્તાનો પ્રતિસાદ આપી રહ્યા છે, જેથી તેઓ ઈશ્વર ઈસુ ખ્રિસ્તમાં સાચા અને બચાવના વિશ્વાસ તરફ દોરી જાય. રામનગર ક્ષેત્રમાં આરાધના કરવા માટે યોગ્ય સ્થળ મળે એ માટે. સુવાર્તાનો વિરોધ કરનારાઓની નજર હેઠળ રહેતા આપણા મિશનરીઓ પરિવારને ઈશ્વરપિતાનું સતત રક્ષણ મળે એ માટે. રામનગર તાલુકાના તમામ લોકો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમથી પ્રભાવિત થાય અને સુવાર્તા સામેનો તમામ વિરોધ તેમની ઈચ્છા અનુસાર બંધ થાય એ માટે.

**2**
**FEBRUARY**
**સોમવાર**

## *Happy Birthday*

શ્રીમતી વસંતરાણી જ્યોર્જ
શ્રીમતી રોશિલા મોચાહારી
શ્રીમતી જોયસ શોભના પોન ઓગસ્ટિન
શ્રી માર્ક્સ માલ્ટો આર., શ્રીમતી માનિની બેબર્તા અસ્તાબન
શ્રી જોસેફ કિરુબગરન એસ.

## હિમાચલ પ્રદેશ

### કરસોગ

### પવન કુમાર અને પ્રભાશિની દેવી

**સ્તુતિ :** સુનિલે પ્રાર્થના હોલ બાંધવા માટે ઉદારતાથી પોતાની જમીન આપી છે. સપનાને તેણીની લોહીની સમસ્યાઓથી સાજાપણું મળ્યું હતું. સંથારામને ઓપરેશન વગર કિડનીની પથીમાંથી સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી વિશ્વાસીઓમાં એકતા પવર્તી રહી છે.

**પ્રાર્થના :**સ્વપ્નાના પુત્ર આશિષને કાનના દુખાવા અને ગળાના સોજામાંથી સાજાપણું મળે એ માટે. પ્રીતિને સલામત પ્રસૂતિ થાય એ માટે. સુનિતાના પુત્ર દક્ષને પેટના દુખાવામંથી સાજાપણું મળે એ માટે. કેશીને તેને આવતા ખરાબ સ્વપ્નોમાંથી મુક્તિ મળે એ માટે. બસંતપુરમાં કોઈપણ અડચણ વિના ટૂંક સમયમાં પ્રાર્થના સભાનું નિર્માણ કરવામાં આવે એ માટે. ઈશ્વર સ્થાનિક સુવારર્ક સંદીપના પરિવારનો એક જોરદાર રીતે ઉપયોગ કરે એ માટે. આપણા મિશનરીના ભાઈ સિતેન્દ્ર કુમાર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, તેમને ઝડપથી સાજાપણું મળે એ માટે.

## પંજાબ

### ભટિંડા

### સંજીબ આનંદ અને પ્રસ્તુતબાતી પાનિ

**સ્તુતિ :** સાત સ્થળોએ નાતાલના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બંધાસિંઘને અકસ્માતમાં થાપામાં ઈજા થઈ હતી તેમાં તેમને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. રમન કૌરને શેતાની બંધનમાંથી મુક્તિ મળી હતી. ઈકબાલ સિંહ હૃદયની અને અસ્થમાની બિમારીમાંથી સાજા થઈ રહ્યા છે.

**પ્રાર્થના :** આ સેવા ક્ષેત્ર માટે સમર્પિત સ્થાનિક સુવાર્તિકો પ્રાપ્ત થાય એ માટે. બંધાસિંહને અકસ્માતમાં હાથ, ઘૂંટણ અને કરોડરજ્જુમાં બહુવિધ ફ્રેક્ચર થયું હતુ; તે ઈશ્વરપિતાની કૃ પાથી સંપૂર્ણ સ્વસ્થ થાય એ માટે. યુવાનો – જોરાવર, ગોબી, સાજન, પગી અને ગગનદીપ – ચર્ચની સંગતોમાં સક્રિયપણે ભાગ લે એ માટે. જસવીર સિંહ, જીવન સિંહ અને બરહાથ સિંહને શેતાની બંધનમાંથી મુક્તિ મળે એ માટે. સંદીપ, કુલદીપ, ઈન્દ્રેશ અને રાધેશ્યામને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે.પર્સ સિલ ધિયાલપુરા, બૈગા, થુલેવલ, કોલુકે, ગુમતી કલાન, રાજકર, અથમપુરા, સેલબારા, ગાંગર અને સેન્થુ ગુર્થ ગામોમાં સુવાર્તા પ્રચલિત થવા માટેના દરવાજા ખુલ્લે એ માટે.

3
FEBRUARY
મંગળવાર

*Happy Birthday*

શ્રીમતી મુરુગમ્મલ એસ્થર આલ્બર્ટ પ્રભાકરન

## સંગરુર

### ગીંભલ દિલીપભાઈ અને બિરારી રીટાબેન

**સ્તુતિ :** આર્ય માટે, એક ૨ વર્ષનો છોકરો જે અગાસીની સીડી પરથી નીચે પડી ગયો હતો અને બેહોશ થઈ ગયો હતો, ચર્ચના વડીલોની પ્રાર્થના દ્વારા પુનઃ હોશમાં આવ્યો હતો. ક્રિસમસ કાર્યક્રમ માટે જે ત્રણ સ્થળોએ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યો હતો. ઈશ્વરપિતાએ ગગન અને સેંગીના પરિવારોને એક બાળકનો આશીર્વાદ આપ્યો હતો. સખત ઠંડીના વાતાવરણમાં આપણા વિશ્વાસીઓ અને મિશનરીઓના રક્ષણ માટે.

**પ્રાર્થના :** જેમણે નાતાલના કાર્યક્રમો દ્વારા સુવાર્તા સાંભળી છે તેઓ ખ્રિસ્ત ઈસુના તારણસાધક વિશ્વાસ તરફ દોરવાય એ માટે. ગિરીશન સિંહ પસ્તાવો કરે એ માટે જે તેના પરિવારને ચર્ચમાં જતા અટકાવે છે. રજની કૌર, બર્નીથ, ગુરવંધિર સિંહ, રાહુલ એ પરંજિત કૌર જાહેરમાં ઈસુ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરવામાં હિંમતવાન બનવા માટે. અસ્થમાથી પીડિત બકથારામને સંપૂર્ણ સાજાપણા માટે.

## ઉત્તરાખંડ

## માલધનચોર

### શિશુ પાલ અને અનિતા

**સ્તુતિ :** એક નવા ગામમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. જીવનના પરિવારને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. કાલિદાસ, ધરમબાઈ અને બનવારી લાલને ઈશ્વરપિતાની કૃપાથી એક કંપનીમાં નોકરી મળી હતી. લકવાથી પીડિત કાલી સરનને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** મંડળીના વડીલોના તાલીમ કાર્યક્રમ માટે ઘણું ફળ આવે. રામનગર ક્ષેત્રમાં સેવાકાર્યનું વિસ્તરણ. આસ્થા, શારદા અને પ્રતાપ સિંહને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. નેહા, કાજલ અને પ્રીત કૌરને સલામત પ્રસૂતિ થાય એ માટે.અજય, ગીતા, શારદા અને સૂરજ રાજનને તારણ પ્રાપ્ત થાય એ માટે.

### તારણ ઈશ્વર તરફથી પ્રાપ્ત થાય છે

ઉત્તરાખંડ બઝપુર સેવા ક્ષેત્રના પન્નાખેડા ગામની લક્ષ્મી દેવીએ, ઈસુ ખ્રિસ્તને તેના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા અને તેમના વિશ્વાસની કબૂલાત કરી. આનાથી ગુસ્સે થઈને તેની માતાએ તેનો પીછો કરીને ઘરની બહાર કાઢી મૂકી હતી. તે દિવસથી તેની માતા બિમાર પડી અને વિવિધ સારવારો છતાં તે સ્વસ્થ ન થઈ અને તેની સ્થિતિ વધુ ખરાબ થઈ. છેવટે જ્યારે આપણા મિશનરી પરિવારે તેના માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ તેને સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું. હવે તેના પરિવારના તમામ સભ્યોએ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે અને ચર્ચની આરાધના સંગતોમાં ભાગ લઈ રહ્યા છે. હાલેલુયા.

4
FEBRUARY
બુધવાર

*ઉપવાસસહિતની પ્રાર્થનાનો દિવસ*

*Happy Birthday*

શ્રી જેબાકુમાર પેરિયાસામી

## બઝપુર

### ખ્રિસ્તી પ્રકાશ અને કોકણી સુમિત્રાબેન

**સ્તુતિ :** જ્યારે માયાદેવી અને રામબોલી ઘાસ કાપતા હતા, ત્યારે તેમને આંખમાં ચેપ લાગ્યો હતો અને પ્રાર્થના દ્વારા તેમને સાજાપણું મળ્યું હતું. ન્યુમોનિયાની ગંભીર બિમારીમાંથી જોડિયા બાળકો રિતિ અને નાતિકને ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. લાંબા સમયથી મગજની બિમારીથી પીડાતી રેશમાને સાજાપણું મળ્યું હતું. સુંદર લાલને કૂતરાના કરડવાથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** વિશ્વાસી મનુ અને શિવાનીને યોગ્ય જીવનસાથી મળી શકે. ધાર્મિક કટ્ટરપંથીઓનો પસ્તાવો જે વિશ્વાસીઓને બન્નાકડા ચર્ચમાં આરાધના સંગતમાં હાજરી આપતા અટકાવે છે. બંસો કૌર, જે નિઃસંતાન રહી અને તેણે તેના સંબંધીની પુત્રી જગદીપ કૌરને પોતાના બાળક તરીકે દત્તક લીધી, જ્યારે તેણી મોટી થઈ અને સત્યની જાણ થઈ ત્યારે તેણી તેમને સ્વીકારવામાં અસમર્થ થઈ અને તેમનાથી દૂર જતી રહી, જેના કારણે તેણીના દત્તક માતાપિતાને દુઃખ થયું. પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા તેમના હૃદયને દિલાસો આપે.

## હરિયાણા

## ફતેહાબાદ

### ડેવિડ એસ અને જેબા ગ્રેસ

**સ્તુતિ :** છ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા અને વિશ્વાસીઓના વાડામાં જોડાયા. પાંચ વિસ્તારોમાં નાતાલના કાર્યક્રમો શાંતિપૂર્ણ રીતે યોજાયા હતા. કરણજીતને ઉધરસ અને ગળાના ઈન્ફેક્શનથી સાજાપણું મળ્યું હતું. સ્થળાંતર કામદાર અને બિહારથી આપણા નવા સંપર્ક સરસ્વતીએ ગર્ભ ધારણ કર્યો અને સ્કેન કરાવવા માટે હોસ્પિટલમાં ગયા ત્યારે તેણી તેનુ આધારકાર્ડ બતાવી ન શકી તેથી શરૂઆતમાં હોસ્પિટલવાળાઓએ સોનોગ્રાફી કરવાનો નકાર કર્યો. પરંતુ વિશ્વાસીઓના હસ્તક્ષેપ અને પ્રાર્થનાને કારણે હોસ્પિટલવાળા સોનોગ્રાફી કરવા માટે સંમત થયા હતા અને તેણીને ઘણી રાહત મળી હતી.

**પ્રાર્થના :** સંસારના સંપૂર્ણ સાજાપણા માટે જે લકવાથી પીડિત છે. હિસ્નાવન કલાન, બટિયા કોલોની, કસંબી અને જામસોલ ગામોમાં ચર્ચના નિર્માણ માટે યોગ્ય જમીન મળે એ માટે. સરોજ, બબીતા અને રાજેન્દ્રનની પારિવારિક સમસ્યાઓનું નિરાકરણ આવે અને તેમને શાંતિનો અનુભવ થાય એ માટે. જીતુ અને દીનાને યોગ્ય જીવનસાથી મળે એ માટે. ઈશ્વરપિતા પેટલીદરબાર, ધારિયાપુર અને ડીંગમંડીમાં અનેક આત્માઓ લાવે. આપણા મિશનરી જેબા ગ્રેસને સલામત પ્રસૂતિ થાય એ માટે.

**5**
**FEBRUARY**
**ગુરુવાર**

## *Happy Birthday*

શ્રીમતી અર્પુથમ સેલવી વિજય
શ્રી દેવનયાગમ સેમ્યુઅલ
શ્રીમતી અનુગામી એકા જહર સાઈ

### પેહોવા : ભોરસત બાબુભાઈ અને જાદવ સરસ્વતીબેન

**સ્તુતિ :** સાત વર્ષની એલિઝા, જે ચાલવામાં અસમર્થ હતી, પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. શકીલ અને અભિષેક, જેમને સારી નોકરી મળી. નાતાલનો કાર્યક્રમ છ જગ્યાએ અવરોધ વિના યોજાયો હતો. ઘણા લોકોએ તે કાર્યક્રમોમાં હાજરી આપી હતી અને ઈસુ ખ્રિસ્તના શુભ સમાચાર સાંભળ્યા હતા.

**પ્રાર્થના :** સોની, લાસો અને લક્ષ્મીને દુષ્ટ આત્માના હુમલામાંથી મુક્તિ મળે એ માટે. કાજોલ પરિવારમાં શાંતિ જળવાઈ રહે એ માટે. મંડળીના વડીલ પરમજીથ, જેમને પડવાને કારણે કરોડરજ્જુમાં ઈજા થઈ હતી, તેઓ સંપૂર્ણ રીતે સાજાપણું મેળવે એ માટે. ઈશ્વરપિતા પંજાબી, કાટરી અને બનિયા લોકજૂથોના ગામોમાં સેવાકાર્ય માટે દરવાજા ખોલે એ માટે. ધાનીયા, સુલધાનીયા અને કરકા ગામના લોકો પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ પામે એ માટે.

### જીવનનગર

### અલિયાકીમ જેના અને દીપિકા રેખા પાનિ

**સ્તુતિ :** પોલીસ વિભાગની મદદથી, મંડીદાબલી પ્રદેશમાં નાતાલનો કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યો હતો. સુવાર્તા માટે ગુમ્હાર, પાલમિગી, નાયક, મજબીસિક, પાજીગર, સમર અને ઓડ રાજપૂત લોકોના જૂથોમાં દરવાજા ખુલ્યા છે. સમર લોકજૂથના જશા સિંહ માટે, જેમને પ્રાર્થના દ્વારા મોંના કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ચર્ચમાં નવા આવનાર રબિન્દરના પરિવારની સમસ્યાઓનું નિરાકરણ થાય અને ઈશ્વરપિતા તેમના પરિવારમાં એકતા આપે એ માટે. કાંધ, જે શેતાનના બંધન હેઠળ છે, તેને મુક્તિ મળે એ માટે. વિશ્વાસીઓના આત્મિક તાલીમ ખૂબ ફળ આપે એ માટે. આપણા મિશનરી દીપિકા જેના, જેઓ ટીબીની સારવાર હેઠળ છે, સંપૂર્ણ સાજાપણું મળે એ માટે.

## ઈશ્વર માટે બધુ શક્ય છે.

ગુજરાત મોસડા મિશન ક્ષેત્રે અન્ય એક વિશ્વાસી જૂથ દ્વારા પાંચ દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, અને પંડાલ (તંબૂ) ઊભા કરવાનું કામ ઝડપથી આગળ વધી રહ્યું હતું. તે સમયે, આપણા ચર્ચના વડીલ, ત્યાંથી પસાર થઈ રહ્યા હતા, તેમણે આ વિષે સાંભળ્યું અને હૃદયપૂર્વક પ્રાર્થના કરી કે ઈશ્વર આ સભાને થતી અટકાવે. મીટિંગના આગલા દિવસે, ભારે વરસાદ સાથે વાવાઝોડું આવ્યું, જેણે સભા માટે બાંધવામાં આવેલા થાંભલાઓ અને વિશાળ તંબુને સંપૂર્ણપણે નુકસાન પહોંચાડ્યું. પરિણામે, તેઓ મીટિંગ યોજવામાં અસમર્થ હતા અને તેને રદ કરી હતી. પ્રભુનો મહિમા થાઓ.

6
FEBRUARY
શુક્રવાર

*Happy Birthday*

શ્રીમતી પેટ્રિશિયા તમિલ સેલ્વી કુમાર
શ્રી હેમોમ નબા સિંહ

**રાજસ્થાન**

**ખેરવાડા**

## કેનોઝ સ્ટેન્લી અને ઈનબરાજ

**સ્તુતિ :** પ્રેમ, એક યુવાન છોકરો જે તેના બંને પગમાં લોહી ગંઠાઈ જવાને કારણે ચાલવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો, પ્રાર્થના દ્વારા તેને સાજાપણું મળ્યું હતું. કૈલાસભાઈને રાત્રે આવતા ખરાબ સ્વપ્નો કારણે નિદ્રાહીન રાતોથી પીડાતા હતા, જેમને પ્રાર્થના દ્વારા સાજાપણું અને શાંતિ પ્રાપ્ત થયા હતા. સુશીલાને વાઈ, નિશાબેનને હૃદયની અને કેલાસભાઈને એઈડ્સમાંથી સાજાપણું મળ્યું હતું. કાલુભાઈ શેતાની હુમલાઓને કારણે બીમાર હતા, પ્રાર્થના દ્વારા તેમને સાજાપણું મળ્યું હતું. તેમના સૂકા બોરવેલ પંપને પ્રાર્થના દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો અને ફરી એકવાર તેમાં પાણી આવવાનું શરૂ થયું હતું.

**પ્રાર્થના :** મરણપથારીએ રહેલા પાર્વતીબેન અને મુન્નાબેન જેઓ ચાલવામાં અસમર્થ છે તેમને દૈવીય સાજાપણું મળે એ માટે. વાલીબેનને ગરદન પરના ફોલ્લાથી અને લીલાબેને શેતાની હુમલાને કારણે પોતાનો અવાજ ગુમાવ્યો છે, મુક્તિ અને પુનઃસ્થાપનાનો અનુભવ કરે એ માટે. નાવકેડા પ્રદેશના વિશ્વાસીઓ સતત સતાવણીને કારણે ચર્ચમાં જતા ડરે છે, તેઓ પવિત્ર આત્મા દ્વારા હિંમતથી નીડર બને એ માટે. રીનાબેન, નિરમાબેન અને હાજીબેનને બાળકનો આશીર્વાદ મળે એ માટે. લક્ષ્મણભાઈ અને અનિલભાઈને દેવાના બોજમાંથી મુક્તિ મળે એ માટે. પાલીચા આરાધના સંગતમાં જેઓ મુશ્કેલીઓ ઊભી કરવા માટે જવાબદાર છે તેમના હૃદયમાં પસ્તાવો થાય એ માટે.

**વિજયી રાજા**

જમ્મુ અને કાશ્મીરના રામનગર વિસ્તારમાં સેવા આપતા આપણા મિશનરી જોન એઝુંગના પરિવારને ડિસેમ્બરમાં વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તેઓએ ખ્રિસ્તને જાણતા ન હોય તેવા લોકો માટે તાપીનલ ગામમાં નાતાલના કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને તેઓ દરેક ગામમાં લોકોને આમંત્રણ આપતા હતા. ૨૨ મી ડીસેમ્બરના રોજ, મિશનરીને અચાનક ચહેરાનો લકવો થયો અને તે ખૂબ જ નબળા પડી ગયા હતા. નાતાલના કાર્યક્રમને રોકવા માટે આ શેતાનનું કાવતરું હતુ તે સમજીને, અમારા મિશનરીએ ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી અને આયોજન મુજબ નાતાલનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. જ્યારે તેઓ ૩૦ લોકોની અપેક્ષા રાખતા હતા, તેમાં લગભગ ૧૦૦ લોકોએ હાજરી આપી અને આતુરતાથી ખ્રિસ્તના જન્મની ખુશખબર સાંભળી. ઈશ્વરનો મહિમા, હાલમાં, આપણા મિશનરી તબીબી સારવાર મેળવી રહ્યા છે. આવો તેમના સંપૂર્ણ સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ.

**7 FEBRUARY**
**શનિવાર**

## *Happy Birthday*

શ્રી દુરાઈસામી કે. ફ્રાન્સિસ, શ્રી પ્રશાંત મીસાલા
શ્રીમતી પદ્માવતી નારાયણ નાઈક
શ્રીમતી થાનાપુષ્પમ અરુલરાજ
શ્રીમતી હેલન મરિયમ અરવિન્થ

## દિલ્હી
### પટપરગંજ
### જ્હોન ડેવિડસન અને એસ્થર

**સ્તુતિ :**કલ્યાણપુરી પ્રદેશમાં નવા વર્ષની સેવા માટે, જેમાં સ્થાનિક કાઉન્સિલર અને અન્ય ૭૦ લોકોએ હાજરી આપી હતી, જેમણે પ્રથમ વખત ઈસુ ખ્રિસ્તનો સંદેશ સાંભળ્યો હતો. રોહિણી પ્રદેશના એચઆઈવી પીડિત માતા-પિતા અને બાળકો માટે, જેઓ ઈશ્વરની કૃપાથી ગુડ ન્યુઝ મીટમાં હાજરી આપી શક્યા હતા. પાછલા વર્ષમાં પ્રાપ્ત થયેલા તમામ આશીર્વાદ અને ભલાઈ માટે, કેમ કે વિશ્વાસીઓ આખા દિવસની ઉપવાસ પ્રાર્થના અને આભારવિધિ માટે એકઠા થયા હતા. ઠંડીની આ ઋતુમાં ઈશ્વરપિતાએ આપણા મિશનરીઓ અને વિશ્વાસીઓને સુરક્ષિત રાખ્યા છે.

**પ્રાર્થના :** કલ્યાણપુરી પ્રદેશમાં બાળકોની બાઈબલ ક્લબની સ્થાપના કરવામા આવી હતી. સજવાનનગર પ્રદેશના વિશ્વાસીઓ સતાવણીનો સામનો કરી રહ્યા છે તેઓ નિરાશ ના થાય અને વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. સુમન ગર્ભાશયની ગાંઠથી પીડાય છે તેના સાજાપણા માટે. સની વિલ્સન અને મધ્યાલગન તારણની ભેટનો અનુભવ કરે એ માટે. આગામી બાળ શિબિર, યુવા શિબિર અને મહિલાઓની વિશેષ મીટીંગ પ્રભુના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાય એ માટે.

## ઉત્તર પ્રદેશ
### પોખરાયન
### સંથા કુમાર અને જીન્સી

**સ્તુતિ :** પોખરાયન, દેવીપુર, બરગવા, માણસા, પરોર, કિરિયનપુર અને બીબરી ખાતેના ચર્ચોમાં નાતાલના કાર્યક્રમો આયોજીત થયા હતા જેમાં ઘણા વિશ્વાસીઓ અને સેંકડો સ્થાનિક લોકોએ હાજરી આપી હતી. પોલીસના માણસો, ગામના ઓવાનો, વકીલો અને અન્ય આગેવાનો સહિત અસંખ્ય મહેમાનોએ હાજરી આપી હતી. પોખરાયન સ્થાનિક વહીવટી તંત્રએ નાતાલની ઉજવણીના કાર્યક્રમોને સરળ બનાવવા માટે પોખરાયન ચર્ચ માટે રસ્તો બનાવ્યો હતો. સમગ્ર ચર્ચમાં નાતાલના તમામ કાર્યક્રમો અને સંગતોના સુચારુ સંચાલન માટે, જે ઈશ્વરપિતાની કૃપાથી કોઈપણ અવરોધ વિના હાથ ધરવામાં આવ્યા હતા.

**પ્રાર્થના :** દેવીપુર ગામના સેમ્યુઅલ માટે, જે ખોવાઈ ગયો છે તે સુરક્ષિત રીતે તેના ગામમાં પાછો ફરે એ માટે. આપણા સેવા ક્ષેત્રમાં તમામ ચર્ચોમાં સર્વેલન્સ કેમેરા સ્થાપિત કરવા માટે. ફીલ્ડ જીપ માટે જે હાલમાં સમારકામ હેઠળ છે, સફળતાપૂર્વક જાળવણી કરવામાં આવે છે અને સેવાકાર્યના હેતુઓ માટે અસરકારક રીતે સંચાલિત થાય એ માટે. પોખરાયન અને કિરિયનપુર ક્ષેત્રોમાં આપણા સીડીસીમાં નોંધાયેલા બાળોકના આત્મિક અને શૈક્ષણિક વિકાસ માટે. ચર્ચના વડીલોના પ્રશિક્ષણ કાર્યક્રમ માટે, સ્થાનિક સુવાર્તિકોની તાલીમ અને યુવા અને મહિલાઓની બેઠકો વિપુલ પ્રમાણમાં આત્મિક ફળ આપે છે. સ્થાનિક ચર્ચ સાથે સંલગ્ન તાલીમ કેન્દ્રનું નિર્માણ કરવા માટે અને સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગીઓ મેળવવાની સાથે ભંડોળ એકત્ર કરવા માટે.

**8**
**FEBRUARY**
**રવિવાર**

## *Happy Birthday*

શ્રી સિબી સેલ્વિન સેમ
શ્રીમતી ગાવિત સુનિતાબેન રસ્યાભાઈ
શ્રીમતી રેખા ચાંપિયા

### સિકન્દ્રા : વસાવા પચીયાભાઈ અને વસાવા સવિતાબેન

**સ્તુતિ :** મમતા, આપણી આરાધના સંગતમાં નિયમિત હાજરી આપનાર અને નવો સંપર્ક છે, તેને માનસિક બિમારીમાંથી સાજાપણું મળ્યુ હતું. બે સ્થળોએ કોઈપણ અવરોધ વિના નાતાલના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭ વર્ષના છોકરા, પ્રેમદેવની સફળ સર્જરી કરવામાં આવી હતી. વિશ્વાસીઓ તેમના ગામોમાં ઈશ્વર માટે સાક્ષીરૂપ જીવન જીવવાની કાળજી લે છે.

**પ્રાર્થના :** ધર્માંતરણ વિરોધી કાયદાની આપણા વિશ્વાસીઓના જીવન પર કોઈ પ્રતિકૂળ અસર ન થાય એ માટે. સથવતી, કુટ્ટી, ઉનમ અને પૂજાના તારણ માટે. મંડળીના વડીલો અને વિશ્વાસીઓ ઉત્સાહ સાથે મિશન પ્રવૃત્તિઓમાં ભાગ લે એ માટે. રાગવેન્દ્ર, હિમાંશો, દીક્ષા, શિવાની અને સ્નેહા તેમના જીવન માટે યોગ્ય ઈશ્વરીય જીવનસાથી મેળવી શકે એ માટે. વ્યક્તિગત સુવાર્તા દ્વારા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમ દ્વારા ઘણાને સ્પર્શવામાં આવે એ માટે.

## મધ્યપ્રદેશ

### ખાલવા-ખંડવા

### આઈઝેક આર અને સીતા

**સ્તુતિ :** ૧૭ ગામોમાં આયોજીત વિવિધ નાતાલના કાર્યક્રમો દ્વારા ઘણા લોકોને સુવાર્તા સાંભળવાની તક મળી હતી. ૩ વર્ષથી ટીબીથી પીડીત દિલીપને ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા પછી સાજાપણું મળ્યું હતું. ૭ વ્યક્તિઓ તેમના વિશ્વાસ માટે સતાવણીનો સામનો કરવા છતાં, ખ્રિસ્ત ઈસુમાં તેમનું રક્ષણ કરવામાં આવ્યું હતું. પરમીલાને મૂત્રપિંડની પથરી અને ગર્ભાશમાં સોજો આવવાથી મટાડવામાં આવી હતી.

**પ્રાર્થના :** જેઓ સુવાર્તાનો વિરોધ કરે છે અને છેલ્લા ત્રણ મહિનામાં સેવાકાર્ય અને મિશનના કાર્યકરોને અવરોધે છે, તેઓ પસ્તાવો કરે એ માટે. વિવિધ બિમારીઓથી પીડિત મિસરીમાજીના સાજાપણા માટે. સુગંથીને ઈશ્વરપિતા તેમની કૃપામાં બાળકરૂપી આશીર્વાદ આપે એ માટે. રામચંદ, ગુલાબ, મંગલ અને સોમાને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. આપણા વિશ્વાસી અમરસિંહના પરિવાર પર પ્રભુની દયા વિસ્તરિત થાય એ માટે, જેમણે નબળા પાક અને તેમના પશુધનમાં કોઈ વૃદ્ધિના અભાવનો ભોગ બન્યા છે, તેમને સફળતા મળી શકે એ માટે.

**9**
**FEBRUARY**
**સોમવાર**

## *Happy Birthday*

શ્રીમતી જેસિન્થ જોઆના રામામુનિ પ્રસાદ
શ્રીમતી દીના કુમારી બેબર્તા આશાપ્રાપ્તા
શ્રીમતી દુર્ગા દેવી જ રૂથ મેરી સંકર એ.

### ગુના

### સતીશ ટી અને શર્મિલા એ.

**સ્તુતિ :** થુકરામ બરેલા ચાલવામાં અસમર્થ હતા, જ્યારે મિનના કાર્યક્રમો એકઠ થયા અને તેમના માટે પ્રાર્થના કરી ત્યારે દૈવીય સાજાપણું પ્રાપ્ત થયું હતું. કૃષ્ણ બરેલાની દ્રષ્ટિ પ્રાર્થના દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. નવા ગામ લુકારપુરામાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. આમચિયા બરેલા અને મોક્કમસિંહ સ્વૈચ્છિક કાર્યકરો તરીકે આપણા સેવાકાર્યમાં જોડાયા છે, ઈશ્વરપિતા તેમને વિશ્વાસપૂર્વક ઉપયોગમાં લે એ માટે. કેપી બરેલાએ વિશ્વાસીઓની આત્મિક રીટ્રીટમાં હાજરી આપી હતી, તેમણે પસ્તાવો કરીને પાપોની કબૂલાત કરીને ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. નિતેશ બરેલાએ માઈગ્રેન સંબંધિત માથાના દુખાવામાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** નવા વિશ્વાસીઓમાં ઊંડે સુધી વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. ગામના જાદુગરોના પસ્તાવા અને તારણ માટે જેમણે વિશ્વાસીઓને ધમકી આપી છે. જોક બરેલા માટે જે દારૂના બંધનમા છે અને તેના પરિવારની ઉપેક્ષા કરે છે, ઈશ્વર તરફ વળે એ માટે. સપથબાઈ લકવાને કારણે ચાલી શકતી નથી, તેના સાજાપણા માટે. કટ્ટી ગામના લોકો જેઓ સુવાર્તાનો વિરોધ કરે છે તેઓને આપણા પ્રભુના પ્રેમનો અનુભવ થાય એ માટે. તેઓનો હેતુ આ ક્ષેત્રમાં ચર્ચોનો નાશ કરવાનો છે, તેમના ઈરાદા અસફળ થાય એ માટે. સોની બાઈ અને શાંતિબાઈને બાળકોનો આશીર્વાદ મળે એ માટે. સલાયા ગામમાં નવી આરાધના સંગતની સ્થાપના કરવાના પ્રયાસો આશીર્વાદિત થાય એ માટે.

### ધાર

### સંતુ મરાંડી અને રાખી મરડી

**સ્તુતિ :** આપણા નવા વિશ્વાસી રામધીભાઈના નિષ્ઠાવાન પ્રચારના પ્રયત્નોને લીધે, ૨૩ નવા આવનારાઓ આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છે. જીસસ ફિલ્મ અમલજીમા અને નયાપુરામાં દર્શાવવામાં આવી હતી જે અસરકારક રહી હતી. રાત્રિ પ્રાર્થના સભાઓ પાંચ સ્થળોએ અવરોધ વિના હાથ ધરવામાં આવી હતી. તમામ વિશ્વાસુઓએ તેમના પરિવારજનો સાથે નવા વર્ષની સેવામાં ભાગ લીધો હતો.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસીઓ હિંમતપૂર્વક સુવાર્તા પ્રગટ કરે એ માટે. કૈલાશ અને જમનિયાના પરિવારો ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. કાઝીના લીવરના કેન્સરની સારવાર માટે દર મહિને ૧૮,૦૦૦ ખર્ચ થાય છે, તેમના સંપૂર્ણ સાજાપણા માટે. બકીરથ અને પ્રેમાનંદ દારૂના વ્યસનમાંથી મુક્તિ મેળવવા માટે. જીજસ ફિલ્મ, રાત્રીની પ્રાર્થના સભાઓ, શોધકમિત્રોની શિબિર અને સુવાર્તા પ્રચાર કાર્યક્રમમાં હાજરી આપનારાઓ ઈસુ ખ્રિસ્તના પ્રેમથી પ્રભાવિત થાય એ માટે.

**10**

**FEBRUARY**

**મંગળવાર**

***Happy Birthday***

શ્રી સોલોમને એ.

## આસામ

### ગોગામુખ-ધખુવકાના

### ડેનસિંગ આર અને જાસ્મીન કવિતા

**સ્તુતિ :** નવા વિશ્વાસી નિરોજાને એપેન્ડિસાઈટિસથી સાજાપણું મળ્યું હતું અને ઉપવાસની પ્રાર્થનામાં ઉત્સાહપૂર્વક પ્રાર્થના કર્યા પછી સારી નોકરી મેળવવાનો આશીર્વાદ મેળવ્યો હતો. કિયાનજોથીને કિડનીની બિમારીથી પગમાં સોજા આવ્યા હતા જે પ્રાર્થનાના જવાબમાં સાજી થઈ હતી. આપણા વિશ્વાસીની દીકરી બોરદામલ્લીએ ચેન્નાઈની લૉ કોલેજમાં સંપૂર્ણ શિષ્યવૃત્તિ સાથે સીટ મેળવી હતી.

**પ્રાર્થના :** રાહુલ પેગુ અને બેબી મિલીને પેટના તીવ્ર દખાવા અને ડરમાંથી મુક્તિ મળે એ માટે. વાઈ અને પેટની બિમારીઓમાંથી લંગેશ્વરી અને જયા દૈથને સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. નાયક્કલી સુકરાંગને બાળકની ભેટ પ્રાપ્ત થાય એ માટે.નિર્મલા ડોલે અને અનિથા પેગુની સલામત પ્રસૂતિ માટે. મુક્ત ડોલેને દુષ્ટ આત્માના બંધનમાંથી સંપૂર્ણ મુક્તિ મળે એ માટે. જામજિંગ, ન્યુ ટેકા, ટેકબામ, સિમોન્સબરી, પાઈકુંધુર અને લકીપુથાર ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. ગોરખપુર ક્ષેત્રમાં પ્રવર્તી રહેલો વિરોધ બંધ થાય અને પ્રદેશમાં શાંતિ અને આત્મિક વિકાસ માટે.

### માજુલી :

### ઈલિયા ચંદ્રન અને ઈમી અનંથી

**સ્તુતિ :** પુષ્પા મિલીએ ખ્રિસ્તને તેના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. બે ગામોમાં યોજાયેલા નાતાલના કાર્યક્રમમાં ૭૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને સુવાર્તા સાંભળી હતી. વિશ્વાસીઓએ કેરોલ સિંગીંગમાં ભાગ લીધો હતો તેમજ ક્રિસમસ અને નવા વર્ષની સંગતોમાં હાજરી આપી હતી. તીવ્ર ઠંડી વચ્ચે આપણા વિશ્વાસીઓ અને મિશન કાર્યકરોની ઈશ્વરપિતાએ સુરક્ષા કરી હતી.

**પ્રાર્થના :** પાંચ વર્ષથી બાળ માટે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરતી ઓનિથા મિલીને ઈશ્વરપિતા બાળકનો આશીર્વાદ આપે એ માટે. સાંજી ગુલીનો પરિવાર તેમના સમુદાયમાં જાહેરમાં તેમની ખ્રિસ્તી વિશ્વાસની જાહેરાત કરવામાં હિંમતવાન બનવા માટે. ઓંગલ મિલીની પત્નીના તારણ માટે. અમારા વિશ્વાસીઓના બાળકો, તેમની ૧૦ મી અને ૧૨ મી બોર્ડની પરીક્ષાઓ લખી રહ્યા છે, તેઓ સારી રીતે તૈયારી કરે અને સફળ થાય એ માટે.

**11 FEBRUARY**
બુધવાર

*ઉપવાસસહિતની પ્રાર્થનાનો દિવસ*

## *Happy Birthday*

શ્રી બિનય કુમાર ગુરુ
કુ. ઈબલાલે પેમે

**સિલાપથર : ગોંડ દેવુ વિશ્રામ અને રાંધે નયનાબેન દેવજીભાઈ**

**સ્તુતિ :** આર્ચીબથર અને લનાબોર્ગુરી ગામોમાં આત્મિક પત્રિકાઓનું વિતરણ કરવામાં તેમની મદદ માટે. સીતલમરી ગામમાં આયોજીત શિબિરમાં વીસ વ્યક્તિઓએ આતુરતાપૂર્વક ભાગ લીધો હતો. સીતલમરી ગામમાં મંડળીનું બાંધકામ કોઈપણ અવરોધ વિના પૂર્ણ થાય એ માટે.

**પ્રાર્થના :** વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામે અને ખ્રિસ્તના સાક્ષી તરીકે જીવન જીવે એ માટે. આપણા નવા સંપર્કો – મોનુ પેગુ, પીડેશ્વર, ક્રિષ્ના ગાંડો, રાજેન્દ્ર ગુટુમ અને બાબા ડોલે – ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારણહાર તરીકે સ્વીકારે એ માટે. અમારા મિશનરીની માતા કમળામાંથી સંપૂર્ણ સ્વસ્થ થાય એ માટે.

### બિહાર

**મુરલીગંજ : જીવનધન અને જોસેફાઈન શીબા**

**સ્તુતિ :** આપણા નવા વિશ્વાસી બિપિન ઘણા લોકોને સુવાર્તા વહેંચી રહ્યા છે અને તેમના માટે પ્રાર્થના કરી રહ્યા છે. પ્રવીણ સદા સ્વૈચ્છિક કાર્યકર તરીકે સેવા આપવા રસ દાખવી રહ્યા છે. દુષ્ટ આત્માનાં બંધનમાંથી બિસ્કો અને રવિન્દ્રને મુક્તિ મળી હતી. લીલા દેવીને ડોક્ટરોના કહેવા મુજબ ગાંઠને કારણે દ્રષ્ટિ ગુમાવવાવનો ડર હતો, તેમણે પ્રાર્થના દ્વારા તેમની આંખનું રક્ષણ મેળવ્યું. ઈશ્વરની કૃપાથી કોઈપણ અવરોધ વિના તમામ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** અશોક કુમારને ન્યાય મળે એ માટે, જેને છેલ્લા ત્રણ મહિનાથી તેમનો પગાર આપવામાં આવ્યો ન હતો. અરુણ, લલિથ, ઈન્દિરાજીત, જીતેન્દ્ર અને સોહન અને તેમના પરિવારો, જેઓ તેમના વિશ્વાસમાં પાછળ પડી ગયા છે, તેઓ ઈશ્વર તરફ પાછા ફરે એ માટે. મધિલેશ કુમારને સારી નોકરી મળે એ માટે. કાજલ કુમારીના પતિને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે અને ઈશ્વરપિતા તેમના પરિવારને વારસાની ભેટ આપે એ માટે.

### રક્ષણ કરનાર ઈશ્વર ઉંઘતા નથી

ગુજરાત કાઉન્ટ સેવા ક્ષેત્રના ચિક્કલ ગામના આપણા નવા વિશ્વાસી, શ્રીમતી સુરેશબેન ઓટોરિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે ડ્રાઈવર અને અન્ય ચાર લોકોએ તેમના પર જાતીય હુમલો કરવાનો પ્રયાસ કર્યો. પણ સુરેશબેને બહાદુરીપૂર્વક બૂમ પાડીને બોલ્યા, જીવતા ઈશ્વર મારી સાથે છે, મારા ઈશ્વર મને બચાવશે. તરત જ, બધા જ ડરી ગયા અને ત્યાંથી નાસી ગયા. શ્રીમતી સુરેશે તેમની સાક્ષી જણાવી, અને ઈશ્વરપિતાની સ્તુતિ કરતાં કહ્યું કે પ્રભુ ઈસુએ પોતે તેમને બચાવી છે. હાલેલુયાહ.

12
FEBRUARY
ગુરુવાર

*Happy Birthday*
શ્રી રોનજય નરઝરી

## ઝારખંડ

### પથરગામા

### કૃષ્ણકુમાર અને શાંતિલાલ

**સ્તુતિ :** આપણા વિશ્વાસી કિરનદેવી અને તેમના બાળકોને તેમના પલંગની નીચે પડેલા ઝેરી સાપથી તેમના અદ્દભુત રક્ષણ માટે પ્રભુનો આભાર. કટરપથીયા ગામમાં હાથ ધરાયેલી ત્રણ દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં ઘણા વિશ્વાસીઓએ ભાગ લીધો હતો અને દ્રઢ થયા હતા. નાતાલના કાર્યક્રમમાં હાજર રહેવા અને ઈસુ ખ્રિસ્તના જન્મના શુભ સમાચાર સાંભળનારા સોથી વધુ ગ્રામજનોને તક મળી હતી. લગભગ નવા ૨૧ વ્યક્તિઓએ ચર્ચની આરાધના સંગતમાં હાજરી આપવાનું શરૂ કર્યું છે.

**પ્રાર્થના :** અશોક રવિદાસને સતત ઉધરસમાંથી સાજાપણું મળે એ માટે. ૬ વર્ષના મનીષને કિડનીની બિમારીમાંથી, દેબલુ મેકડોશને છાતીના દુખાવાથી, મીના દેવી કિડનીની પથરીમાંથી અને પાર્વતીદેવી, રેવતી દેવી અને કુમુન્થિરા દેવીને ઘૂંટણના દુખાવામાંથી સાજાપણું મળે એ માટે. પાવનદાસને પેટના સોજામાંથી સાજાપણું મળે એ માટે. નવા સંપર્ક પ્રદીપના પરિવારને બાળકનો આશીર્વાદ મળે એ માટે.સિક્કારા અને સિંગાડી ગામોમાં સુવાર્તા કાર્યનો વિરોધ કરનારાઓ પસ્તાવો કરે અને આપણા પ્રભુના પ્રેમનો અનુભવ થાય એ માટે.

## તીનપહાડ

### નેહેમિયા અને અનામિકા પેગુ

**સ્તુતિ :** આપણા મિશનરીના પુત્ર ઈસામ્બુને વાઈથી સાજાપણું મળ્યું હતું. આપણા વિશ્વાસી દિથેરિયા ગુજરને ઓટો અકસ્માતથી અને આપણા મિશનરીને ટુ-વ્હીલરના અકસ્માતથી ઈશ્વરપિતાએ રક્ષણ આપ્યું હતું. આપણા વિશ્વાસુ અનિલ મુંડા અને તેમના સંબંધીઓ સામે દાખલ કરાયેલ જમીનનો ખોટો કેસ પાછો ખેંચવા પ્રાર્થના દ્વારા ઉકેલવામાં આવ્યો હતો. નાતાલના કાર્યક્રમો દ્વારા ઘણા લોકોને સુવાર્તા પ્રગટ કરવાની તક મળી હતી.

**પ્રાર્થના :** રમદેવ મુંડાની મોટરસાઈકલ ગુમાવવાને કારણે ઉંડી નિરાશામાં છે, ઈશ્વરપિતા તેમને તેમનું ચોરાયેલું વાહન પાછુ મેળવી આપે એ માટે. હરિબલ કલ્કોના કૌટુંબિક પ્રશ્નોના નિરાકરણ માટે અને તેમના પરિવારમાં શાંતિ સ્થપાય એ માટે. પેટના દુખાવાથી રિયા મિંજ અને પીઠના દુખાવાથી નિકુલશાના ઈલાજ માટે. નવા વર્ષમાં અમારા મિશનના કાર્યકરો દ્વારા હાથ ધરવામાં આવેલા સેવાકીય પ્રયાસો માટે પુષ્કળ ફળ મળે એ માટે.

**13 FEBRUARY**
**શુક્રવાર**

## *Happy Birthday*

શ્રીમતી સ્ટેલા પ્રભુદાસ
શ્રી સંજીબ કુમાર આન્દ્રપ
શ્રીમતી કમ્પુંગ તબા ચૂચાઓ, શ્રીમતી વાયોલેટ હંસદા
શ્રીમતી ગુરપ્રીત કૌર કુલદીપ સિંહ

## માલ્ટો યુથ મિનિસ્ટ્રી

### ગોડવિન કિરુબગરન અને પ્રભા કમલી

**સ્તુતિ :** આ પ્રદેશમાં આયોજીત યુવા સભામાં ૧૧૩ યુવાનોને મોક્ષની ખાતરી મળી. ચોવીસ વ્યક્તિઓએ પોતાનું જીવન પૂર્ણ સમયની સેવામાં સમર્પિત કર્યું છે. ૫૦૦ થી વધુ યુવાનોએ આયોજીત શાસ્ત્ર સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આપણા મિશનરી ગોડવિન, જેમને ગયા જૂન ૨૦૨૫ માં તેમના હાથમાં બહુવિધ અસ્થિભંગને કારણે ગંભીર ઈજા થઈ હતી, તેમને સાજાપણું મળ્યું છે અને હવે તે જ હાથના ઉપયોગથી ઈશ્વરની કૃપાથી સંગીતના સાધનો વગાડવા, ડિઝાઈન કરવા અને કમ્પ્યુટર પર કામ કરવા માટે કરી રહ્યા છે.

**પ્રાર્થના :** ટૂંકી ફિલ્મો, આત્મિક પત્રિકાઓ અને માધ્યમો દ્વારા ખાસ કરીને યુવાનો સુધી પહોંચવાના મિશન ટીમના પ્રયત્નો તેમને ખ્રિસ્ત તરફ દોરી જવા માટે ફળદાયી બને એ માટે. ટૂંકી ફિલ્મ વિડિયોગ્રાફીમાં ચાલી રહેલા કામો, પ્રથમ કોમ્યુનિયન માટે સામગ્રીની તૈયારી, યુવા પ્રાર્થના જૂથો માટે બાઈબલ અભ્યાસ સહાયક અને ગીત પુસ્તકોનું પુનઃમુદ્રણ ટૂંક સમયમાં પૂર્ણ થશે.

## ગંગુપાડા મિરેકલ ગર્લ્સ હોસ્ટેલ

### એવલિન પેકિયા, સાવિથિરિ ડી

**સ્તુતિ :** અમારી વિદ્યાર્થીની મરિયમ રંજીને સરકારી કોલેજમાં બેચલર ઓફ આર્ટ્સની ડિગ્રીનો અભ્યાસ કરવા માટે બેઠક મળી. તેમની સક્ષમતા માટે તે ગામડાઓમાં જ્યાં આપણા ઘરના બાળકો રહે છે અને ક્રિસમસ સેવાઓનું સંચાલન કરે છે. અમારા ઘરના બાળકોના રહેવા માટે એક નવી ઈમારત કાર્યરત કરવામાં આવી છે. ઈશ્વરનું વચન આપણા બાળકોના જીવનમાં પરિવર્તન લાવે છે.

**પ્રાર્થના :** ટીબી અને વાઈની પીડિત આપણા હોમના બાળકોના સાજાપણા માટે. ૩૯ વિદ્યાર્થીઓ કે જેઓ તેમની ૧૦ મા અને ૧૨ માની બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે જેથી તે તેમની પરીક્ષા સારી રીતે લખે એ માટે. અમારા ઘરના નવ બાળકો કે જેઓ તેમના નર્સિંગ અભ્યાસક્રમોમાંથી પસાર થઈ રહ્યા છે તેમને ઈશ્વરપિતા ડહાપણ આપે એ માટે. આપણા હોમ માટે નવું વાહન મળે એ માટે કારણ કે હાલનું એક જૂનું છે અને વારંવાર સમારકામ હેઠળ છે. આપણા હોમ માટે બેકઅપ પાવર જનરેટર મેળવવામાં આવે એ માટે.

**14**
**FEBRUARY**
શનિવાર

## *Happy Birthday*

શ્રીમતી લાલ નુન માવી હમાર કિપગેન

### કેરાબાની ચિલ્ડ્રન હોમ

### મનોજકુમાર પાનિ અને સંથાની બર્ધન

**સ્તુતિ :** આપણા હોમના ત્રણ બાળકોને જીલ્લામાં શ્રેષ્ઠ વિદ્યાર્થીનો એવોર્ડ મળ્યો છે. આ ઠંડીની ઋતુમાં આપણા બાળકોની ઈશ્વરપિતાએ રક્ષા કરી છે. પડકારોનો સામનો કરતા યુવાનનો માટે કાઉન્સેલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે.જોઆના હંસદાને ચામડીના ચેપથી સાજાપણું મળ્યું હતું, જોસેલ મોકલી અને અનાધિ બસ્કી અને તુલસી સોરેનની પત્નીને પ્રાર્થના દ્વારા ઓરીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ઘર માટે સારી રસોઈયાની નિમણૂંક કરવા માટે. જે બાળકો ફોલ્લીઓથી પીડાય છે તેઓ સાજા થાય એ માટે. સુલેન્દર હેમ્બ્રોમ, જે અંડકોષના સોજાથી પીડિત છે, પ્રેમ બસ્કીના સાસુ કમળાથી અને મિશનરી મનોજના પિતા પેરાલિસિસથી સાજાપણું મળે એ માટે. આપણા બાળકોના હોમનો સ્ટાફ પ્રતિબદ્ધતા સાથે સેવા આપે એ માટે. કાઉન્સેલિંગ સત્રો, બાળકોની શિબિર, બાઈબલ અભ્યાસ જૂથો અને પ્રાર્થના કોષો સતત કાર્ય કરે છે. તમામ બાળકો આ જૂથોમાં આતુરતાપૂર્વક ભાગ લે છે.

### પાકુરિયા

### સેથિલ કુમાર અને મુથુ સેલ્વી

**સ્તુતિ :** સત્તર વ્યક્તિઓએ જાહેરમાં તેમના અંગત તારનાર તરીકે ખ્રિસ્ત ઈસુમાં તેમનો વિશ્વાસ કબૂલ કર્યો છે. ટીબીથી ઘણા દિવસોથી પથારીવશ કનુ સોરેનને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. આઠ મંડળીના વિશ્વાસીઓ નવા વર્ષની સેવા માટે એકઠા થયા અને આરાધના અને શરણાગતિ દ્વારા ઈશ્વરનો મહિમા કર્યો હતો.

**પ્રાર્થના :** સંતોષ, કેન્દ્રપરિચા, ડોમ્બોલ અને રામપુર મંડળીના વિશ્વાસીઓ માટે આત્મિક વૃદ્ધિ થાય એ માટે. જીવનને લકવાથી, સોનીને માનસિક બિમારીથી, બિનાઈ સોરેનને દાઝી ગયાની ઈજાથી અને સુશીલાને રક્તસ્ત્રાવથી સાજાપણું મળે એ માટે. ઈશ્વર સેવા ક્ષેત્ર માટે પ્રતિબદ્ધ સ્વૈચ્છિક કાર્યકરો પૂરા પાડે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક ડેવિડ હેમ્બ્રોમ, જેમને તાજેતરમાં આ સેવા ક્ષેત્રમાં મુકવામાં આવ્યા છે, તેમને રહેવા માટે યોગ્ય ઘર મળી રહે એ માટે.

**15 FEBRUARY**
રવિવાર

*Happy Birthday*

શ્રી ડેનિયલ થોમસ
શ્રીમતી મર્સી દેબોરાહ સેન્થિલ
શ્રી વસાવે ઈલેશ પ્રથ, શ્રી અય્યાનાર એમ.
શ્રીમતી સોની માલતો બબલુ

### રાણેશ્વર

**બાલાજી જી અને જેન્સી જી.**

**સ્તુતિ :** સોરગટ્ટા ગામમાં ૫ વ્યક્તિઓએ ખ્રિસ્તી જીવન અપનાવ્યું છે. પૂજા, જોબુ અને પુલિયા સોરેન સુવાર્તામાં રસ બતાવે છે. જીસસ ફિલ્મ સ્ક્રીનીંગ અને રાતની મીટીંગો અવરોધ વિના આયોજીત થઈ હતી. બાળકો આતુરતાથી શાસ્ત્રવચનો યાદ કરે છે.

**પ્રાર્થના :** ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે પ્રાપ્ત કરવા માટે બેલપુની ગામમાં સુવાર્તામાં રસ દાખવનારાઓ માટે. ડોરબાર, માકેશગોલા, કુરુબારડી, ગુરૂ ગુંડું અને લાપુર ગામોમાં સુવાર્તા માટેના અવરોધો દૂર થાય એ માટે. ઘણા લોકો માટે ડીમજોરી ગામમાં નવી શરૂ થયેલી આરાધના સંગતમાં ભાગ લેવા માટે. ઘણા નાના કોષ જૂથો કોઈપણ અવરોધ વિના કાર્ય ચાલુ રહે એ માટે. સામરાજને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે માટે.

### પશ્ચિમ બંગાળ

**પકુઆહટ : દિહે એસ અને ચારની**

**સ્તુતિ :** નવા દસ ગામોમાં યોજાયેલી રાત્રિ સભાઓમાં ઘણા લોકો એ હાજરી આપી હતી અને ઉત્સાહથી સુવાર્તા સાંભળી હતી. બે ગામોમાં જીસસ ફિલ્મ દર્શાવવાની તક માટે. સુવાર્તામાં રસ દાખવતા ત્રણ પરિવારો માટે. બે વ્યક્તિઓ માટે જેમણે ખ્રિસ્ત ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે અને વિશ્વાસીઓના વાડામાં ઉમેરાયા હતા.

**પ્રાર્થના :** સુરેશમુર્મુ, થાલુ સોરેન, જોસેન કિસ્કુ, ઓમોલ હેમ્બ્રોમ એ ગોવિંદ માર્ડીના પરિવારોને ખ્રિસ્ત ઈસુમાં તેમના વિશ્વાસની જાહેર કબૂલાત કરવા માટે હિંમત મળે. સેલધાણી ગામમાં ટૂંક સમયમાં એક નવું ચર્ચ બાંધવામાં આવશે અને યોગ્ય સ્થાન મેળવા માટે. નિમડાંગા ગામમાં મંડળી બનાવવા માટે હાથ ધરાયેલા પ્રયાસોને ઈશ્વર આશીર્વાદ આપે તે માટે. માનસિક બિમારીમાંથી સોબીલાલ ટુડુના સાજાપણા માટે.

### લંગડી ચાલ

પશ્ચિમ બંગાળના તપન સેવા ક્ષેત્રના કાદંબરી ગામના કંદના ટુડુ બે વર્ષથી લકવાગ્રસ્ત હતા અને પથારીવશ હતા. સારવાર માટે ઘણા પૈસા ખર્ચવા છતાં, તે સ્વસ્થ થયા નહિ, અને તેમની પત્ની પણ તેમને છોડીને ચાલી ગઈ. આ સ્થિતિમાં, આપણી મંડળીના વડીલ સોનાલી ટુડુ તેમને સુવાર્તાનો ઉપદેશ આપ્યો અને તેમના માટે પ્રાર્થના કરી. સતત પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું, અને હવે તેમણે ચાલવાનું શરૂ કર્યું છે. આ ચમત્કાર દ્વારા, તેમના પરિવારના સભ્યોએ ઈશ્વરપિતાનો સ્વીકાર કર્યો અને તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. ઈશ્વરપિતાનો મહિમા થાઓ. આમીન.

**16 FEBRUARY**
**સોમવાર**

*Happy Birthday*

શ્રીમતી પોન લતા જેબાકુમાર
શ્રી સતીસ કુમાર સી.

**તપન :**

**હરમોહનદાસ અને કુમારી સુસામા**

**સ્તુતિ :** રક્કી મુર્મુ અને લલિતાને, નર્વસ બિમારીમાંથી અને પુનમુનિને મગજની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. સોજોયને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. લોહીની ઉણપને કારણે ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહેલા સોનામુઈ સોરેને પ્રાર્થના દ્વારા બાળકને સુરક્ષિત રીતે જન્મ આપ્યો હતો.

**પ્રાર્થના :** ચર્ચના યુવાનો ગામડાના સેવાકાર્યોમાં આતુરતાપૂર્વક ભાગ લે એ માટે. નેહંબા, બાસપાડા, દૌસી, પોનાહાર અને તિક્કુલ પ્રદેશોમાં મંડળીના નિર્માણ માટે યોગ્ય જમીન મેળવવામાં આવશે. લક્કુન ટુડુ દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્ત થાય એ માટે. લૉ બ્લડ પ્રેશરથી થાની માર્ડીને સાજાપણું મળે અને આપણા મિશનરી સુસામાંને શસ્ત્રક્રિયા દરમિયાન લેવામાં આવતી દવાઓને લીધે થતી આડઅસરોમાંથી સંપૂર્ણપણે સાજાપણું મળે એ માટે.

**ઈટાહાર**

**સોલોમન એ અને સુગંધી**

**સ્તુતિ :** ૭ ગામોમાં જીસસ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી અને ઘણા લોકો તે દ્વારા સુવાર્તા સાંભળી હતી. કામ અર્થે સ્થળાંતર કરી ગયેલા સુન્ધામુનિ હંસદાક, રાફેલ અને થાલા મુર્મુ સલામત રીતે ઘરે પરત ફર્યા છે. વિશ્વાસીઓએ કાપણીના પર્વમાં આનંદપૂર્વક ભાગ લીધો હતો. ઈશ્વરપિતાની કૃપાથી ૧૯ નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** જોજો કુદ્દુ અને સેકરાદિગી ગામોમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખુલે એ માટે. બિજીદંગા, દાલેફિર અને હસ્તીબારી ગામોમાં જેઓ ગેરકાયદેસર દારૂ પીવે છે, તેઓ પસ્તાવો કરે અને આ દુષ્ટ પ્રથા ત્યજી દે અને સુવાર્તા સાંભળે એ માટે. જનમ કુદ્દુ અને સામ્બા હંસદાની શેતાની બંધનમાંથી મુક્તિ મળે અને પોકરી કુદ્દુ અને પુથુ ટુડુ જેમને સાંકળોથી બાંધી રાખવામાં આવે છે તેમની મુક્તિ માટે.

## આપણને ખ્રિસ્તના ઘાથી સાજાપણું મળ્યું છે

ગુજરાત મોસડા સેવા ક્ષેત્રના મોરજીડી ગામના જતીયા ભાઈના પિતા ખૂબ જ પ્રખ્યાત અને શક્તિશાળી જાદુગર હતા. તેમના મૃત્યુ પછી, તેમના પરિવારના ૨૦ થી વધુ સભ્યો, મોટાથી નાના સુધી તમામ બિમાર પડ્યા. જ્યારે તેઓ મૂંઝવણમાં હતા અને શું કરવું તે જાણતા નહોતા, જતીભાઈએ તેમના સ્વપ્નમાં અમારું ચર્ચ જોયું. તેથી તેઓ ચર્ચમાં આવ્યા અને તેમના માટે કરવામાં આવી. ઈશ્વરપિતાના સ્પર્શથી તેઓ તમામ એક પછી એક સ્વસ્થ થયા. પરિણામે, કુટુંબના તમામ સભ્યોએ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને તેમના વિશ્વાસની કબૂલાત કરી. આ ચમત્કાર દ્વારા ઈશ્વરપિતાએ કૃપાપૂર્વક ત્યાં એક આરાધના જૂથની શરૂઆત કરી. હાલેલુયા.

**17**
**FEBRUARY**
**મંગળવાર**

*Happy Birthday*

શ્રીમતી રૂહામાં ગુરુ
શ્રીમતી વાંગલપુડી ચાંદની કેનોઝ

## છત્તીસગઢ

### ટપુકારા અને લુડેગ હોમ

#### અરુણ કુમાર જી. અને સારથી એ.

**સ્તુતિ :** ૧૦ ગામોમાં કાપણી પર્વની આનંદપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અકસ્માતો અને વિરોધથી આપણા વિશ્વાસીઓનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. કેરજી ગામના બે વ્યક્તિઓએ ઈસુને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. કેરજી મંડળીના સમારકામ અને જાળવણીના ખર્ચને પહોંચી વળવા માટે ઈશ્વરપિતાએ સહાય કરી હતી.

**પ્રાર્થના :** મદ્યપાન અને માદક દ્રવ્યોના બંધન હેઠળના લોકો માટે ઈશ્વર પાસેથી તારણ મળે એ માટે. શસી અને પિથિમાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. તેમના કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવે અને તેમને શાંતિ અને સાજાપણાનો અનુભવ થાય એ માટે. છત્તીસગઢમાં મિશનરીઓ પર હુમલાઓ, તેમના મૂળ વિશ્વાસમાં પાછા ફરવા માટે દબાણ અને ચર્ચોના વિનાશ સહિતા ધાર્મિક અત્યાચારના વધતા જતા કિસ્સાઓ વચ્ચે, વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

### સીતાપુર

#### મુથુ કુમાર અને નેત્રાવતી

**સ્તુતિ :** આઠ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા માટે દરવાજા ખુલ્યા હતા. અસ્કારા, બરબહાલા અને હરદિસંધના ચર્ચમાં ઘણા નવા લોકો જોડાયા છે. આઠ વ્યક્તિઓએ ઈસુ પર તેમના વિશ્વાસની જાહેર કબૂલાત કરી હતી. નારબહાલા, થડુગા અને કાલજીવ ગામમાં મહિલા સંમેલનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. નાતાલના પર્વ દરમિયાન ઈશ્વરપિતાની સુરક્ષા માટે.

**પ્રાર્થના :** લક્ષ્મણ મિંજુ અને દેવ પ્રસાદના પરિવારો સમાધાન વિના આરાધના સંગતોમાં હાજરી આપે એ માટે. હીરાલા એક્કા, કેન્સરથી પીડિત છે તેમના સાજાપણા માટે. અકસ્માતને કારણે પગમાં ફ્રેક્ચર થવાથી ગિરધર અને ત્રણ વર્ષના ડેવિડને ઓરીથી સાજાપણું મળે એ માટે. અનિલ અને તેના પરિવારને બાળકોનો આશીર્વાદ મળે એ માટે. કોરવા, માઝારી, નાકબંસી અને ઓરાવનના લોકજૂથોમાં ઈશ્વરપિતા જાગૃતિ લાવે જેથી તેઓ સુવાર્તા પ્રાપ્ત કરી શકે અને પ્રભુ પર વિશ્વાસ કરે.

**18**
**FEBRUARY**
બુધવાર

*ઉપવાસસહિતની પ્રાર્થનાનો દિવસ*

## *Happy Birthday*

શ્રીમતી તેજસ્વિતા બેબર્તા
શ્રી સુકિનલાલ સી.

### ઓડિશા

#### રાયરંગપુર :

#### અરવિન્થ કુમાર અને હેલેન મરિયમ

**સ્તુતિ :** દોંગાપાબી, કુચાઈબલ, બસંતપુર અને બિરસાસૌકમાં આયોજીત તમામ નાતાલના કાર્યક્રમો માટે, જે ઈશ્વરની કૃપાથી સફળતાપૂર્વક અને અવરોધ વિના હાથ ધરવામાં આવ્યા હતા. હો લોકજૂથના વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં વૃદ્ધિ કરી રહ્યા છે અને તેમના સંબંધીઓ સાથે ઉત્સાહપૂર્વક સુવાર્તા પ્રગટ કરી રહ્યા છે. માચો, નાયકને ઘણા વર્ષોથી છાતીમાં દુખાવો હતો, તેમને સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. પાલો હેમ્બ્રોમ, જે દુષ્ટ આત્માની યાતના હેઠળ હતો, પ્રાર્થના દ્વારા મુક્તિ મળી હતી. બસંતપૂર ગામના એક પરિવારે ખ્રિસ્તને તેમના અગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

**પ્રાર્થના :** સોઈબુનીને તેમના ઉચ્ચ ડાયાબિટીસની બિમારીમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે.આપણા સ્થાનિક સુવાર્તિક વાહન અકસ્માતમાંથી આપણા વિશ્વાસીઓ અને મિશન કાર્યકરો પર ઈશ્વરની સુરક્ષા માટે. કિડનીની બિમારીઓમાંથી કોટ્ટાંગ સરદાર, લકવાથી દેસો સ્પોર્ટી, એપિલેપ્સીમાંથી દુક્કુ દુડુ, ઓરીમાંથી બંધુ સ્પોર્ટી અને લીવરની બિમારીઓમાંથી નંધિયા નાયકના સંપૂર્ણ સાજાપણા માટે.

#### જશીપુર

#### પ્રત્યુષ નાયક અને મારીથાઈ લિયોના

**સ્તુતિ :** જ્યારે મંડળીના વડીલે પાઈધરા સાકીને મંડળીમાં આવવા અને સર્જરી માટે સુનિશ્ચિત થયેલ ગાંઠ માટે પ્રાર્થના કરવા માટે પ્રોત્સાહિત કર્યા, ત્યારે પાઈધરાએ વિનંતી સ્વીકારી અને પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ ચમત્કારિક રીતે સાજાપણું આપ્યું. જ્યારે લામ્બા હોના પતિએ તેના માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી, ત્યારે તેણી, જે પેટમાં તીવ્ર દુખાવાથી પીડાતી હતી, તેને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આલિયા સુકરાઈ અને મુનિગાઈને ચાર મહિનાથી પેટના દુખાવાથી, સામુ પૂર્તિને બે મહિનાથી છાતીના દુખાવાથી અને નુનિસારકાને પગની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. દુષ્ટ આત્માના બંધનમાંથી ગુન સોઈને મુક્તિ મળે એ માટે. લામ્બારા અને કાસીરામની સલામત પ્રસૂતિ માટે. ઈશ્વરપિતા તેમના રાજ્યમાં સ્થાનિક પ્રચારક અને સ્વૈચ્છિક કાર્યકરોનો જોરદાર ઉપયોગ કરે એ માટે.

**19**
**FEBRUARY**
**ગુરુવાર**

*Happy Birthday*

શ્રીમતી અંબુમલર બાલામુરુગન

## ગુજરાત

### આહવા-પીપલવાડા

### વિગ્નેશ્વરન એન અને એન્જેલિન એમ

**સ્તુતિ :** જ્યારે અમે પીપલવાડાના મિલન ચર્ચમાં નિર્ધારિત નાતાલનો કાર્યક્રમ યોજવાની પરવાનગી મેળવવા ગયા ત્યારે સુવાર્તાનો વિરોધ કરનારા એક જૂથે પરવાનગી સામે વિરોધ કર્યો પરંતુ જ્યારે વિશ્વાસીઓએ પ્રાર્થના કરી ત્યારે કાર્યક્રમ માટે પરવાનગી આપવામાં આવી હતી, જે આખરે કોઈપણ ખલેલ વિના આયોજીત થયો હતો. વાહન અકસ્માતમંથી દિલીપભાઈનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. આપણા મિશનરી અને સ્થાનિક સુવાર્તિકના પરિવારનું ઈશ્વરપિતાએ ચિત્તાથી રક્ષણ કર્યું હતું જ્યારે તેઓ સેવાકાર્ય પછી ઘરે પાછા ફરતા હતા ત્યારે તેનો સામનો થયો હતો.

**પ્રાર્થના :** કલમ્બા ગામમાં જેઓ ખ્રિસ્તી વિશ્વાસની વિરુદ્ધ છે તેઓ પસ્તાવો કરે એ માટે. લકવાથી સંધુબાઈ અને છાતીના દુખાવાથી વિજયને સાજાપણું મળે એ માટે. એક યુવાન ભરવાડ છોકરાને દીપડાએ મારી નાખ્યો હોવાથી ભયમાં જીવતા ગ્રામજનોને ઈશ્વરપિતા રક્ષણ આપે એ માટે.

### ક્વાંટ

### અખિલેશકુમાર અને કિરણદેવી

**સ્તુતિ :** બે કિલોમીટર દૂરના સ્રોતમાંથી પાણી લાવવાથી કંટાળી ગયેલા, આપણા વિશ્વાસીએ નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી હતી, એક ટ્યુબવેલ નખાવ્યો અને ઈશ્વરપિતાની કૃપાથી ચમત્કારિક રીતે પાણીનો સ્રોત મળ્યો, જ્યારે પડોશના અન્ય ટ્યુબવેલ સૂકા રહ્યા. સ્થાનિક ગામના વડાઓ અને રાજકારણીઓ ચર્ચને બંધ કરવા માંગતા હતા, પરંતુ ઈશ્વરપિતાના આત્માએ તેને બંધ થવાથી સુરક્ષિત રાખ્યું હતું.

**પ્રાર્થના :** મથવત ગામમાં સુવાર્તાનો વિરોધ કરનારા અને ખ્રિસ્તી વિશ્વાસને સતત સતાવનારાઓ પસ્તાવો કરે એ માટે. ઈશ્વરપિતા આપણા ચર્ચના વડીલો અને સ્થાનિક સુવાર્તિકો માટે હિંમત અને ડહાપણ પ્રદાન કરે એ માટે, જેમને મથવત ગામમાં ચર્ચનો વિરોધ કરતા કેટલાક ધાર્મિક કટ્ટરપંથીઓની ઉશ્કેરણી પર વારંવાર પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવવામાં આવે છે. મહદબારી ગામના વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. આ ક્ષેત્રમાં ચાલી રહેલ ચર્ચના બાંધકામનું કાર્ય પૂર્ણ થવામાં છે અને આયોજન મુજબ એપ્રિલમાં તેનું સમર્પણ હાથ ધરવામાં આવે એ માટે. અમારા વિશ્વાસી શૈલાબાઈ અકસ્માતને કારણે ચાલી શકતા નથી તેઓને સાજાપણું મળે એ માટે.

20
FEBRUARY
શુક્રવાર

*Happy Birthday*

શ્રી કુના ચંદ્રા પાઈક
શ્રી જહોન્સન વી.
શ્રીમતી બસંતી મરાંડી હેબલ
કુ. અર્પિતા મુંડા

## દાદરા નગર હવેલી

### સિલ્વાસા : ડેવિડસન રાજસિંગ અને કાનમણિ પરિમલમ

**સ્તુતિ :** લાડકબેન,શીલાબેન, ઈમિનીબેન, ઈબાની બેન અને જગીરામભાઈને ઝેરી સાપના ડંખથી ઈશ્વરપિતાએ રક્ષણ આપ્યું હતું. લકુમીની માતા, જેમણે પ્રાર્થના દ્વારા સાજાપણુ મળ્યું હતું, તેમણે હવે તેમના તારનાર તરીકે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે. પરસુલભાઈને શેતાની બંધનમાંથી મુક્તિ મળી હતી. પારુબેનને ગળાની ગાંઠમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** હર્ષિતાબેનન દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. અનિતાબેનને ગંભીર ઉધરસમાંથી મુક્તિ મળે એ માટે. પુનીબેન, રાધેબેન અને ગુલ્ફીબેનને લકવામાંથી સાજાપણું મળે એ માટે. મિકેનિકલ ઈન્સ્ટ્રુમેન્ટ સાથે કામ કરતી વખતે હાથમાં ફ્રેક્ચર થયેલા મુકેશભાઈ સંપૂર્ણ રીતે સાજાપણું મેળવે એ માટે. ધીરુભાઈ ચર્ચમાં હાજરી આપે એ માટે તેમના હૃદયમાં પરિવર્તન આવે અને આપણા પ્રભુ ઈસુના પ્રેમનો અનુભવ કરે એ માટે.

## મહારાષ્ટ્ર

### ડીંડોરી-સુરગાના-ભરે

### માયલસામી અને યેસુમની

**સ્તુતિ :** નવીન બાબુ માટે, જેમણે શેતાની બંધનમાંથી મુક્તિ મેળવવાના નિરર્થક પ્રયાસમાં તેમના તમામ પૈસા, જાદુવિદ્યા અને દવાઓ પર ખર્ચ્યા પછી, પ્રાર્થના સભામાં હાજરી આપી હતી. વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરી હતી અને ઈશ્વરપિતાએ તેમને મુક્તિ આપી હતી અને તેમણે તેમના પરિવારને આર્થિક રીતે પણ આશીર્વાદ આપ્યા હતા. મોહન બિટ્ટીએ માનસિક અસંતુલનને કારણે તેની પત્નીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો, વિશ્વાસીઓની આતુર પ્રાર્થના દ્વારા તેમને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આપણા નવા વિશ્વાસી સથુભાઈ ગરીબી અને શેતાની બંધનથી પ્રભાવિત છે, ઈશ્વરપિતા તેમને સંપૂર્ણ મુક્તિ આપે એ માટે. ડિંડોરી ગામમાં આરાધના સંગત માટે, જે વિરોધ કરનારાઓને કારણે બંધ કરવામાં આવી હતી, ઈશ્વરપિતા દરમિયાનગિરી કરે અને સંગતને અવરોધ વિના ચાલુ રાખવા સક્ષમ બનાવે એ માટે. સુથકોટ ગામમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખુલે એ માટે. ઈશ્વરપિતા પારે સેવા ક્ષેત્રમાં બોવાડા ગામમાં ઘણા વિશ્વાસીઓ ઊભા કરે એ માટે. સુરલે ગામના વિશ્વાસીઓ વિરોધને કારણે પાછા પડી ગયા છે, તેઓ પસ્તાવો કરે અને હિંમતવાન બને અને ઈશ્વર તરફ પાછા ફરે એ માટે.

**21**
**FEBRUARY**
**શનિવાર**

*Happy Birthday*

શ્રી તિલક એસ

## તલસારી

### ગેમ્મ શ્રીનિવાસ રાવ અને મેડેન્કી રાજ્યલક્ષ્મી

**સ્તુતિ :** સારી, સાયવાન અને સિલારના ચર્ચોમાં કાપણી પર્વની આનંદકારક રીતે ઉજવણી કરવામાં આવી હતી. ક્રિસમસ કેરોલ દ્વારા ૨૮ ગામોમાં સુવાર્તા જણાવવાની તક મળી હતી. લગ્નના દસ વર્ષ પછી રાધે સંતોષને ગર્ભ ધારણ કરવાના આશીર્વાદ માટે ઈશ્વરપિતાનો આભાર. નાતાલની સંગતના શાંતિપૂર્ણ આયોજન માટે પોલીસ દળ દ્વારા સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા તેમના રાજ્યના વિસ્તરણ માટે પૂર્ણ સમયના મિશનરી તરીકે સેવા આપવા માટે પ્રતિબદ્ધ સેવકો ઊભા કરે એ માટે. એપ્રિલમાં આયોજીત પ્રાદેશિક મેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે એ માટે. ચર્ચોના વિશ્વાસમાં પાછા પડેલા વિશ્વાસીઓને મજબૂત કરવા માટે. વિશ્વાસીઓ જ્ઞાનમાં વૃદ્ધિ કરવા માટે આતુર બને એ માટે બાઈબલ કોલેજ શરૂ કરવામાં આવી છે તેમાં વિશ્વાસીઓ જોડાય એ માટે.

## નેર

### મૂર્તિ ટી અને ભારતી આર

**સ્તુતિ :** વસામાર, વાડી અને કિરમાણીમાં ઈશ્વરપિતાની સહાયથી નાતાલના કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ ગામોમાં જીસસ ફિલ્મ અને પાંચ ગામોમાં રાત્રિ સભાઓ યોજવાની તક મળી હતી. ઘણા લોકોએ યુવાનોની સભાઓ અને આખી રાત્રિની ઉપવાસ પ્રાર્થનામાં ભાગ લીધો હતો અને પ્રભુની હાજરી દ્વારા આશીર્વાદ મેળવ્યા હતા.

**પ્રાર્થના :** સાંગીબાઈના સાજાપણા માટે જે એક વર્ષથી પેટના દુખાવાથી પીડાઈ રહી છે. વિશ્વાસીઓ તેમના આત્મિક જીવનમાં અને ઈશ્વરના વચનમાં વધુ ઉંડે વૃદ્ધિ પામે એ માટે. નાના પ્રાર્થના કોષો તમામ ક્ષેત્રોમાં અસરકારક રીતે કાર્ય કરે એ માટે, ઘણા લોકોને ઈશ્વર સાથે નજીકથી ચાલવામાં મદદ કરે છે.

## ઈશ્વર જે ક્યારે ત્યજી દેતા નથી

ઓડિશાના જશીપુરના બુધિગામરી ગામની બાયધરા સખિયા ગાંઠથી પીડાતી હતી. વિવિધ ધાર્મિક વિધિઓ અને અનેક હોસ્પિટલોમાં સારવાર લેવા છતાં તે સ્વસ્થ થઈ શકી ન હતી. ડોક્ટરોએ તેને સર્જરી માટે પડોશી રાજ્ય પશ્ચિમ બંગાળમાં કોલકતા જવાની ભલામણ કરી હતી. આ સ્થિતિમાં રાધાનગરના આપણા વિશ્વાસી તેણીને મળ્યા હતા અને તેણીને મંડળીના વડીલ રમેશ પટ્ટાને પ્રાર્થના માટે જવા કહ્યું. જ્યારે મંડળીના વડીલે તેના માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વપિતાએ તેને શસ્ત્રક્રિયા વિના સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું.હવે તે આરાધના સંગતોમાં ભાગ લે છે અને ઈશ્વરપિતાનો મહિમા કરે છે. હાલેલુયા.

## 22 FEBRUARY
રવિવાર

### ઘોટ :

### વિક્ટર પોલરાજ અને શીલા

**સ્તુતિ :** સુજીત ચૌધરીને પ્રાર્થના દ્વારા સારી નોકરી મળી હતી. બેતલા ગામમાં યોજાયેલા નાતાલના કાર્યક્રમમાં ભાગ લેનાર ગામના આગેવાનોએ ભાગ લીધો હતો. સીતોકાનેર ગામમાં યોજાયેલ નાતાલના કાર્યક્રમમાં એક વિશ્વાસીએ તેનો સંપૂર્ણ ખર્ચો ઉઠાવ્યો હતો. સિતોકાનેર અને કાવરેટ્ટી ગામના ૧૪ વ્યક્તિઓ માટે કે જેમણે ખ્રિસ્ત ઈસુમાં તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. ઘણા ગામડાઓમાં આયોજીત નાતાલના કાર્યક્રમો દ્વારા સેંકડો પત્રિકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** ડાયાબિટીસથી પીડીત નવા વિશ્વાસી હમલાભાઈના સાજાપણા માટે. નવા વિશ્વાસીઓ આત્મિક પરિપક્વતામાં વૃદ્ધિ પામે અને તેમના વિશ્વાસને વધુ ઊંડો કરે એ માટે. ઈશ્વરપિતા નવા વિશ્વાસી નાગરાજ ગુકટુકરના પરિવારને વારસાની ભેટ આપે એ માટે. જાડેગન ગામના ગ્રામજનોના પસ્તાવા માટે જેઓ નાસ્તિક નરોટીને તેનો ખ્રિસ્તી વિશ્વાસ છોડી દેવા દબાણ કરે છે તે ખ્રિસ્તના પ્રેમનો અનુભવ કરે એ માટે. લ્યુકેમિયાથી પીડિત માધુરી અને કમલ હજારેના સંપૂર્ણ સાજાપણા માટે.

### મોગી

### રુબેન ટુડુ અને રૂકમણી હેમ્બ્રોમ

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી સાત સ્થળોએ નાતાલના કાર્યક્રમો અને ત્રણ સ્થળોએ નવા વર્ષની આરાધના સંગતોનું અવરોધ વિના આયોજન કરી શક્યા હતા. જ્યારે આપણા મિશનના કાર્યકરો આપણા નવા સંપર્ક ડિમ્પિયાબાબુ માટે પ્રાર્થના કરી, તે ગંભીર પીડીત હતા ત્યારે તેમને દૈવીય સાજાપણું મળ્યું હતું. સિક્તિબારી ગામમાં નાતાલના કાર્યક્રમમાં ભાગ લેનાર એક પરિવારે ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે.

**પ્રાર્થના :** આપણા નવા સંપર્ક સીતા શેતાની બંધનમાં છે, તેમની મુક્તિ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક પલસિંગ અને શાંતિબાઈને અકસ્માતને કારણે પગની ઈજાઓમાંથી સાજાપણું મળ્યું હતું. સુગનને સલામત પ્રસૂતિ થાય એ માટે. ખ્રિસ્તી વિશ્વાસીઓની તરફેણ કરવા બદલ ધર્માંતરણ વિરુદ્ધના કાયદા હેઠળ જેલમાં ધકેલાયેલા ગામના વડા ગુમાનને ઈશ્વરપિતા ન્યાય આપે એ માટે. પ્રાર્થના કરો કે જેમણે તેમની સામે કેસ દાખલ કર્યો છે તેઓ તે યાદ કરે એ માટે.

# 23 FEBRUARY
**સોમવાર**

## *Happy Birthday*

શ્રી આઈઝેક રાજા ડી.
શ્રી સેન્થિલ કુમાર તિમોથી
શ્રીમતી અનિતા પ્રભા આનંદ કુમાર
શ્રીમતી ઈમાંડી અનુરાધા બંગારુ

### પેઈન્ટ પ્રદેશ

### એમ વિનુ અને સુબિલા

**સ્તુતિ :** તેમની અપાર કૃપાથી, લોકોએ ભાગ લીધો હતો. ઈશ્વરપિતાએ જમનપાડા ગામમાં ચર્ચ બનાવવા માટે યોગ્ય જગ્યા આપી. માતા-પિતાએ સ્થાનિક સુવાર્તિકની પ્રાર્થનાને કારણે, નાની બાળકી અર્પણા, જે રમતી વખતે અચાનક બેહોશ થઈ ગઈ અને બે કલાક સુધી બેભાન થઈ ગઈ હતી તે ફરીથી હોશમાં આવી હતી. અમારા પેઈન્ટ હોમની વિદ્યાર્થીની જ્યોતિ ગુટેએ પોતાને પૂર્ણ સમયના સેવાકાર્ય માટે પ્રતિબદ્ધ કર્યા છે. ૧,૬૭૨ શ્લોકો કંઠસ્થ કરવા માટે તેમણે શાસ્ત્ર સ્પર્ધામાં પ્રથમ ઈનામ પણ મેળવ્યું હતું. ઈશ્વરના મહિમા માટે કોઠવાલ ગામમાં નવનિર્મિત ચર્ચનું અર્પણ થયું હતું.

**પ્રાર્થના :** કિડનીની પથરીમાંથી મંજુલાબેન સાજા થાય એ માટે. સોનજીભાઈ ઓપરેશન કરાવ્યા પછી ચાલવા માટે અસમર્થ છે, તેમના સંપૂર્ણ સાજાપણા માટે. મનીષાબેનને બાળકનો આશીર્વાદ મળે એ માટે. શેતાની હુમલાઓ અને ગરીબીમાંથી આપણા નવા વિશ્વાસી સથુબાઈની મુક્તિ માટે. મેલુસ્કે ગામ ખાતે આરાધના સમૂહ, જે વિરોધને કારણે બંધ કરવામાં આવ્યું હતું, તે ઈશ્વરપિતાની કૃપાથી ફરીથી શરૂ થાય એ માટે. સુલેગામમાં આકરી સતાવણીને કારણે જે વિશ્વાસીઓ વિશ્વાસમાં પાછા પડ્યા છે તેઓ હિંમતપૂર્વક પ્રભુ તરફ પાછા ફરે એ માટે.

### ચાલીસગાંવ

### યેસુપ્રકાશ અને સુનંદાબેલી

**સ્તુતિ :** જ્યારે ડોક્ટરોએ જીવન ટકાવી રાખવાની આશા છોડી દીધી અને આપણા વિશ્વાસી પતિ શિવરાજને બંને કિડનીની નિષ્ફળતાને કારણે હોસ્પિટલમાંથી રજા આપી, ત્યારે સાથે મળીને પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ તેને ચમત્કારિક રીતે સાજાપણું આપ્યું. સયાબાઈ સામરાવને તેમના આખા શરીરમાં ફોલ્લાઓ અને સ્તનની ગાંઠમાંથી સાજાપણું મળ્યું હતું. આપણા વિશ્વાસી કલકન ગાયકવતને તેમની કરોડરજ્જુની બિમારી માટે સર્જિકલ સારવાર દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સુનિતા પાલેરોને તેના પેટની ગાંઠથી, સંગીતાને કમળો અને દેવરામને લૉ બ્લડ કાઉન્ટથી, સાંબેલેને લકવાથી અને વાલ્મીક વક્કાલે અને તુલસીભાઈને કિડનીની બિમારીથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા સચિન, નેહા, પુરિયા, દીપાલી અને સ્વપ્નિલને બાળકની ભેટ આપે એ માટે.

**24 FEBRUARY**
**મંગળવાર**

## ઈગતપુરી

### નાગરાજન એમ અને થિલાગાવતી

**સ્તુતિ :** પ્રાર્થનામાં ઘણા વર્ષોની રાહ જોયા પછી, ઈશ્વરે નિલેશ અને મનીષાના પરિવારને બાળકનો આશીર્વાદ આપ્યો હતો. અતિશય રક્તસ્રાવથી પીડીત ઉર્મિલા અને લલિતાને સાજાપણું મળ્યું હતું. આખા શરીરમાં ખંજવાળથી પીડીત રમેશને સાજાપણું મળ્યું હતું. હાથ-પગના દુખાવાથી પીડીત નવો સંપર્ક રાજીને સાજાપણું મળ્યું હતું. ગંગુબાઈની પુત્રી ચિત્રાને શ્વાસની, અને સંધાબાઈ બિમારીમાંથી સાજાપણુ મળ્યું હતું.

**પ્રાર્થના :** સચિન, વિષ્ણુ અને મનીષા યોગ્ય જીવનસાથી શોધી શકે. થલેગાવ ગામના વડા પસ્તાવો કરે એ માટે કે જે ગ્રામજનોને ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારતા અટકાવે છે. તેમના પ્રથમ જન્મેલા બાળકની ખોટ પર ગોકુલ અને જેયાના પરિવાર માટે દૈવી આશ્વાસન. કૃષ્ણ, સંજય, નિવૃત્તિ, અંકુલ, કાલવિષ્ણુ, નાનેશ્વર, વનિતા અને ભીમાની આત્મિક વૃદ્ધિ થાય એ માટે. સફેદ ડાઘમાંથી પ્રિયંકાને સાજાપણુ મળે એ માટે. આપણા મિશનરી નાગરાજ અને ફેલિક્સ ગેમેલીએલના સંપૂર્ણ સાજાપણા માટે.

## કર્ણાટક

## માલુર

### સેમ્યુઅલ બેબર્તા અને નેઝિપોરાહ બેબર્તા

**સ્તુતિ :** મિશનરીને તેમના લગ્ન પછી ઈશ્વરપિતાએ તેમના સેવા ક્ષેત્રમાં સુરક્ષિત રીતે પાછા ફરવા માટે સક્ષમ કર્યા હતા. નેતિશ વધતા દેવાના બોજથી દબાયેલા હતા, ત્યારે તેમણે પ્રાર્થના કરી હતી અને ઈશ્વરપિતાએ ચમત્કારિક રીતે હસ્તક્ષેપ કર્યો હતો અને તેમને દેવામાંથી મુક્ત કર્યા હતા. એક વિશ્વાસી સમ્મા પોતાનું ઘર બાંધવા માટે સક્ષમ બની હતી. વેંકટેશને યકૃતની બિમારીમાંથી સર્જરી વગર પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** જોતિશને તારણની ભેટ મળે એ માટે. ઈશ્વરપિતા મૂર્તિના પરિવારને બાળકની ભેટ આપે એ માટે. માલુર અને અલંબાડી ખાતેના ચર્ચના વિશ્વાસીઓના વિશ્વાસમાં વૃદ્ધિ થાય એ માટે. ઈશ્વરની મદદ અને માર્ગદર્શનથી યુવાનો સારી નોકરીઓ મેળવી શકે એ માટે. ઈશ્વરપિતા તેમના રાજ્યના વિસ્તરણ માટે નવા પરિણીત મિશનરી પરિવારનો જોરદાર ઉપયોગ કરે એ માટે.

**25**
**FEBRUARY**
બુધવાર

*ઉપવાસસહિતની પ્રાર્થનાનો દિવસ*

## *Happy Birthday*

શ્રીમતી એન્જલ જેક્ષ હેનરી
શ્રીમતી સુભરાબેગ મિન્ટુ કુટુમ
શ્રીમતી સારથી અરુણકુમાર, શ્રીમતી સુમતિ ગણેશ
શ્રીમતી નીતુ દિનેશકુમાર
શ્રી સ્ટીફન હંસદા

### શ્રીનિવાસપુરા

### સુનીલદાતાકારા અને મીનાક્ષ બીરો

**સ્તુતિ :** નાગનાયક હલ્લી ગામમાં આયોજીત નાતાલના કાર્યક્રમમાં ૪૦ વ્યક્તિઓએ હાજરી આપી હતી અને ઈસુ ખ્રિસ્તના શુભ સમાચાર સાંભળ્યા હતા. નાતાલના વિવિધ કાર્યક્રમોમાં ૨૫૦૦ થી વધુ લોકોએ હાજરી આપી હતી જે કોઈપણ અવરોધ વિના આયોજીત થયા હતા. શોભાએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. વિશ્વાસી અને વેપારી અંજપ્પા સાથે તેમના સહવેપારીએ છેતરપિંડી કરી હતી અને હલકી ગુણવત્તાનો માલ પૂરો પાડ્યો હતો, તેમ છતાં તે સારી કિંમતે વેચવામાં સફળ રહ્યો હતો. ડિપ્રેશનથી પીડિત શિવાન્નાને પ્રાર્થના દ્વારા મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** નાગનાયક નાહલ્લી ગામમાં નાતાલના કાર્યક્રમમાં સુવાર્તા સાંભળનારાઓ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. જાદુગર ગૌરાપા શેતાની બંધનમાંથી મુક્ત થાય અને ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. રોનાલ્ડી અને મનુ પાસે ઘર નથી, તેમને સરકારી આવાસ સહાય મળે એ માટે. વેંકટમ્માના પરિવારના સભ્યો વિરોધ છતાં વિશ્વાસમાં મક્કમ રહે અને વિરોધીઓ પસ્તાવો કરે અને પ્રભુના પ્રેમનો અનુભવ કરે એ માટે.

### હલિયાલ-ખાનાપુર

### થંગલાલ ઝોઉ અને નેમઝવાહ

**સ્તુતિ :** ૪ ગામોમાં નાતાલનો કાર્યક્રમ કોઈપણ અવરોધ વિના આયોજીત થયો હતો. પ્રસૂતિ દરમિયાન મુશ્કેલીઓ હોવા છતાં ઉષા અને સંથાને સુરક્ષિત પ્રસૂતિ થઈ હતી. નંદા શીતલ, સુરેખા પાટીલ અને આનંદે ચર્ચમાં આવીને પ્રાર્થના કરી ત્યારે દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. ઈશ્વરપિતાએ પરમન્નાના નવા બોરવેલને પાણીના વિપુલ સ્રોત સાથે આશીર્વાદ આપ્યા હતા. રુદ્રપ્પા ઈશ્વરની કૃપાથી ભારતીય સશસ્ત્ર દળોમાં જોડાવા સક્ષમ થયા હતા.

**પ્રાર્થના :** રેણુકા, શોભા અને રેનીની સલામત પ્રસૂતિ માટે. બિમપ્પા, રૂદ્રેશ, પરેશરામ અને ચંદન પાર્કેશની મદ્યપાનના બંધનમાંથી મુક્તિ. લક્ષ્મણ, ઉથપ્પા, નાગેશ અને ઈલાપ્પાને લકવાથી અને રૂધરપ્પાને કેન્સરથી સાજાપણું મળે એ માટે. ચર્ચના નિર્માણ માટે નધુગત ખાતે યોગ્ય જમીન મળે એ માટે. વિષ્ણુ, પૂજા, આર્થી અને પ્રમોદને નોકરીની સારી તકો મળે એ માટે. ઈશ્વર અર્પણા, જેનિફર, નિક્કી, પરજવાલ, પ્રતિભા અને સેનમ્માને ઈશ્વરીય ખ્રિસ્તી જીવનસાથી આપે એ માટે.

**26**
**FEBRUARY**
**ગુરુવાર**

***Happy Birthday***

શ્રી સુરેશ જોસેફ

**આંધ્રપ્રદેશ**

**ધમલાચેરુવુ**

**જ્હોન ડેવિડ રાજ (Rtd) અને જ્ઞાનસેકરી**

**સ્તુતિ :** વિશ્વાસી મરિયમના જમાઈ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા પછી બેહોશ થઈ ગયા હતા, પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું હતું. ટુ-વ્હીલર પર સવારી કરતે વખતે અચાનક છાતીમાં દુખાવો અનુભવ્યો ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું અને તેઓ સુરક્ષિત રીતે ઘરે પાછા ફરવા સક્ષમ બન્યા હતા. રંગા પ્રસાદ અને લીડીયાને સારી નોકરી મળે એ માટે. પ્રાર્થનાના જવાબમાં રાની કિરુબાના ભાઈની પુત્રીને સુરક્ષિત રીતે પાછી લાવવામાં ઈશ્વરની કાળજી માટે આભાર કે જે ૪૫ દિવસથી ગુમ હતી.

**પ્રાર્થના :** કરોડરજ્જુના દુખાવાથી પીડિત જોબ પ્રસાદને, ગર્ભાશયના કેન્સરથી પીડિત ડેબોરા ઈઝરાયલ અને પગના સોજાથી પીડિત વિક્ટર વીરસ્વામીને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. આરોને બંને આંખોમાં દ્રષ્ટિ ગુમાવી દીધી છે, તે ભયમાંથી મુક્ત થાય અને પ્રભુમા આશા, હિંમત અને સાજાપણું મેળવે એ માટે. એસ્તરના પતિ જાનકી રમણ અને લક્ષ્મી દેવીના પતિ પ્રભાકરનના તારણ માટે. ડેનિયેલને સાંત્વના આપવા માટે ઈશ્વરની દિલાસો આપનારી હાજરી માટે જેણે એકજ અઠવાડિયામાં તેની માતા અને ભાઈને ગુમાવ્યા છે. રૂથ કલ્પનાના પુત્ર બાર વર્ષના ડેવિડના સાજાપણા માટે જે પીઠની ગાંઠને કારણે ચાલી શકતો નથી.

**પાલમનેર**

**પોલ કુપ્પુસામી અને શાયલા**

**સ્તુતિ :** ત્રણ વ્યક્તિઓએ ખ્રિસ્ત ઈસુ પર વિશ્વાસ કર્યો હતો. સાત ચર્ચોમાં નાતાલનો કાર્યક્રમ અને નવા વર્ષની સંગતમાં ઘણા લોકોએ હાજરી આપી હતી. ઘણા દિવસોની પ્રાર્થના અને પ્રયત્નો પછી, થાલાપલ્લી ચર્ચના નવીનીકરણનું કાર્ય પૂર્ણ થયું છે. એલેક્ઝાન્ડર અને વસંતમ્મા, જેઓ ઘણા દિવસોથી હોસ્પિટલમાં દાખલ હતા, તેઓ સ્વસ્થ થઈ ગયા છે અને ઈશ્વરની કૃપાથી ઘરે પાછા ફર્યા છે.

**પ્રાર્થના :** આગામી યુવા મીટીંગ, વડીલોનો તાલીમી કાર્યક્રમ અને આત્મા વિજેતા તાલીમ અસરકારક રીતે આયોજીત થઈ શકે એ માટે. શેતાની બંધન અને મેલીવિદ્યા હેઠળ રહેલા સરવનના પરિવારની મુકતિ માટે. સરસ્વતીનું કુટુંબ ખ્રિસ્ત ઈસુમાં તારણ પામે એ માટે. કેન્સરમાંથી રૂથમ્માને, અસ્થમાથી રીટાને, ઘૂંટણના દુખાવાથી પર્વતમ્માને, ડાયાબિટીસથી સુબ્રમણ્મ અને મંજુલાને સાજાપણું મળે એ માટે. હેમલતા અને સંધનાને સલામત પ્રસૂતિ થાય એ માટે.

**27**
**FEBRUARY**
**શુક્રવાર**

## *Happy Birthday*

શ્રીમતી નિયાંગ ખાન માન વુમ બિયાક લાલ
શ્રીમતી અનિતા શિશુ પાલ
શ્રીમતી નગાયજલહિંગ કિપગેન સિહખોથાંગ

### મદકાસીરા

### પોલ રવિ અને હેમલતા

**સ્તુતિ :** જીસસ ફિલ્મ ત્રણ જગ્યાએ પ્રદર્શિત કરવામાં આવી હતી. રમણ જનપ્પાના ઘૂંટણના દુખાવાથી સાજાપણું મળ્યું હતું. દુષ્ટ આત્માના બંધનમાંથી ગંગા રથનમાને મુક્તિ મળી હતી. નારાયણ સ્વામી, જમીનની સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા, જે ઈશ્વરપિતાની કૃપાથી ઉકેલવામાં સક્ષમ થયા હતા. ગોવિંદપ્પા સુવાર્તામાં રસ બતાવે છે, તે મદ્યપાનના વ્યસનમાંથી મુક્ત થયા હતા.

**પ્રાર્થના :** વરલક્ષ્મીના સાજાપણમા માટે જે શ્વાસની બિમારીથી સંઘર્ષ કરી રહી છે. મેલાપુરની નાગમણીએ અચાનક બંને આંખોની દ્રષ્ટિ ગુમાવી દીધી છે, ઈશ્વરપિતાની કૃપાથી તેની દ્રષ્ટિ પાછી મળે એ માટે.નાગમણી દુષ્ટ આત્માના બંધન હેઠળ છે તેની મુક્તિ માટે. આપણા વિશ્વાસીના પતિ મેકશા, મદ્યપાન અને અનૈતિક સંબંધોની આદતોથી મુક્તિ મેળવે એ માટે.

### કલાકાડા

### સુભાષભાઈ અને તુમ્બડા રસીલાબેન

**સ્તુતિ :** ડોક્ટરોએ સુરક્ષિત પ્રસૂતિની આશા આપી ન હતી, પરંતુ પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ હર્ષિનીને સુરક્ષિત પ્રસૂતિના આશીર્વાદ આપ્યા. વેંકટ પ્રવીણ, જે નાતાલના કાર્યક્રમમાં જવાના માર્ગમાં ત્રણ વખત અકસ્માતનો સામનો કરવો પડ્યો હતો, તેને ઈશ્વર દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યો હતો. રાજેશ, શ્રીનું, પદ્મા, શશિકલા, કાલા, લક્ષ્મીઅમ્મા અને મોહન દ્વારા વિવિધ બિમારીઓમાંથી મળેલા સાજાપણા માટે.

**પ્રાર્થના :** કમ્પાઉન્ડની દીવાલનું બાંધકામ પૂર્ણ થાય એ માટે. નાઓમીને તેના દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. રામચંદ્રને છાતીના દુખાવાથી, કૃષ્ણવેણીને ગર્ભાશયની ગાંઠ અને થાઈરોઈડની સમસ્યાઓથી મટાડવા માટે. આગામી શોધકમિત્રો માટેની શિબિર ફળદાયી બને એ માટે.

### નલ્લામાડા

### દિનેશ મૈરૈયા અને મેરી મુર્મુ

**સ્તુતિ :** જેયમ્માએ ૫ વર્ષ સુધી તેની જમીનને વેચવા માટે સંઘર્ષ કર્યો, તેણે ખંતપૂર્વક પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ તેને સારી કિંમતે જમીન વેચવામાં સહાય કરી. હાઈ બ્લડ પ્રેશરને કારણે ગંભીર સ્થિતિમાં આવેલા નરસિમ્હુને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. પગના તીવ્ર દુખાવાને કારણે અંજીને સર્જરીની સલાહ આપવામાં આવી હતી, પ્રાર્થના દ્વારા તેને સર્જરી વિના સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સેન્ડ્યાના માતાપિતાના પસ્તાવા માટે જેઓ તેને ચર્ચમાં જતા અટકાવે છે. નલ્લામડા ગામમાં ચર્ચના બાંધકામ મટે યોગ્ય જમીન મળે એ માટે. મરિયમને શેતાની બંધનમાંથી મુક્તિ મળે એ માટે અને રમનજી અને તબિથાના કૌટુંબિક પ્રશ્નો ઉકેલાય અને તેઓ શાંતિનો અનુભવ કરે એ માટે. સુંદરલેખાની સલામત પ્રસૂતિ માટે. એલિઝાબેથના પતિના પસ્તાવા માટે જે તેના આત્મિક વિકાસ માટે અવરોધરૂપ છે.

**28**
**FEBRUARY**
**શનિવાર**

*Happy Birthday*

શ્રી વિનુ પી.
શ્રીમતી ઈરેન લેથેનમુઓંગ હાઓકીપ
કુ. અબિશા એન્જલ

## તમિલનાડુ

### વેતાવલમ : તેજસ્વી જયકુમાર અને બેઉલાહ અન્ના શાંતિની

**સ્તુતિ :** કલસોરાથુર, પેરિયા ઓલાપાડી અને શૂલાગિરી ગામમાં નવા વર્ષની આરાધના સંગતો આયોજીત થઈ હતી અને પ્રભુનો મહિમા કર્યો હતો. વિધવા વિશ્વાસી કવિતા જીવનિર્વાહ માટે સંઘર્ષ કરતી હતી તેને બેંગલોરની એક શાળામાં સારી નોકરીનો આશીર્વાદ મળ્યો હતો અને તેના પરિવારને ગરીબીમાંથી બહાર લાવ્યા હતા.

**પ્રાર્થના :** ધંડાપંડી ગુડી સુવાર્તામાં રસ બતાવે છે, તે મદ્યપાનમાંથી મુક્તિ મેળવે એ માટે. મહિલાઓની મીટીંગમાં ભાગ લીધો હતો અને આશીર્વાદ મેળવ્યો હતો. સેવાકાર્ય માટે એલસીડી પ્રોજેક્ટરની જરૂરિયાત અને સાઉન્ડ અને લાઈટની વ્યવસ્થા થાય એ માટે. જમીન માપણીના કાર્યો, કમ્પાઉન્ડની દીવાલ અને તમામ ચર્ચોમાં ચાલી રહેલા નવીનીકરણના કામો ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવે એ માટે.

## વર્લી બાઈબલ અનુવાદ

### જી. અબ્રાહમ અને હેમલતા

**સ્તુતિ :** ગીતશાસ્ત્રના પુસ્તકની પ્રુફ-તપાસ માટેનું કાર્ય પૂર્ણ થયું હતું. બાઈબલ અનુવાદકોની વર્કશોપ માટેની શિબિર આશીર્વાદરૂપ રહી હતી. પ્રભુએ મિશનરીને ગુજરાત સેવા ક્ષેત્રમાં નાતાલ અને નવા વર્ષની સંગતોમાં ભાગ લેવા મદદ કરી હતી. પ્રભુએ વર્લી ભાષાની ટૂંકી વાર્તાઓ, શાસ્ત્રવચનો, ગીતો, ઉપદેશો અને બાઈબલના ભાગોને વર્લી લોકજૂથ માટે વોટ્સએપ ગ્રુપમાં પોસ્ટ કરવા સક્ષમ કર્યા હતા.

**પ્રાર્થના :** વર્લી, દોહરી અને નિહારી બોલીઓમાં નીતિવચનોનું પુસ્તકનું પ્રુફ-તપાસ કાર્ય પૂર્ણ થાય એ માટે. નવા કરાર માટે, ગીતશાસ્ત્ર અને નીતિવચનો સાથે, વર્લી ભાષામા કોઈપણ મુશ્કેલી વિના છાપવામાં આવે એ માટે. ભાષા અનુવાદ સહાયકોને ઈશ્વરીય ડહાપણ પ્રદાન કરવા માટે. પુખ્ત સાક્ષરતા કાર્યક્રમના અભ્યાસક્રમ માટે વરલી ભાષામાં પ્રુફ-તપાસ અને મુદ્રણ થાય એ માટે. વરલી ભાષામાં ધર્મગ્રંથોના અનુવાદ અને વરલી ભાષાના વોટ્સએપ જૂથોમાં પોસ્ટ કરવાના સતત સેવાકાર્ય માટે.

## મેચેરી

### ધર્મરાજ આર આર અને મારિયા સેલ્વી

**સ્તુતિ :** મોરપલયમ અને કાલીપટ્ટી ચર્ચોમાં અસરકારક રીતે નાતાલની સંગતનું આયોજન કરવામાં આવ્યું હતું. કનૈયા અને જેયલક્ષ્મી માટે જેમણે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ મૂક્યો છે. દુરાઈસામી અને તેમની પત્ની અને બાળકો ખૂબ વિરોધ વચ્ચે વિશ્વાસમાં દ્રઢ રહે છે અને પ્રભુ પર વિશ્વાસ રાખે છે.

**પ્રાર્થના :** નાગરાજન અને કસ્તુરીના પરિવારમાં દિવ્ય શાંતિ બની રહે એ માટે. રાજીવ ગાંધી, સિનરાજ અને લક્ષ્મીના પરિવારો માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરે એ માટે. દુરાઈસામીનો પરિવાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે.

## 416 મિશનરી આલ્બમ



**શ્રી આર. સેલ્વકુમાર જોસેફ વિલ્સન અને શ્રીમતી જયા હેલેન રોઝ**

શ્રી જોસેફ વિલ્સનનો જન્મ ૧૦ માર્ચ ૧૯૬૮ ના રોજ કન્યાકુમારી જીલ્લાના થેંગાઈ પટ્ટનમમાં એક ખ્રિસ્તી પરિવારમાં શ્રી રાજા મણિ અને શ્રીમતી મારિયા અર્પુથનમના બીજા પુત્ર તરીકે થયો હતો. બાર વર્ની ઉંમરે, જ્યારે તે ગંભીર રીતે બીમાર હતા અને મૃત્યુની નજીક હતા, ત્યારે અર્પુથનમને ઈસુ ખ્રિસ્ત દેખાયા અને ચમત્કારિક રીતે તેમને મૃત્યુમાંથી મુક્ત કર્યા. તેમની યુવાની દરમિયાન, તેમણે ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા અને તેમનું જીવન ઈશ્વરને સમર્પિત કર્યું.

જ્યારે તેમના પિતા, જેઓ વન વિભાગમાં કામ કરતા હતા, તેમની બદલી ધર્મપુરી જીલ્લામાં એન્ચેટ્ટીમાં કરવામાં આવી હતી, ત્યારે શ્રી જોસેફ વિલ્સન એફએમપીબીના મિશનરીઓ રેવ. જોન ધર્મા મણિ અને રેવ. વરધરાજનના સંપર્કમાં આવ્યા હતા. પાછળથી, ૧૯૮૩ માં, જ્યારે તેમના પિતા સુલાગિરી ખાતે પોસ્ટેડ હતા, ત્યારે તેમના પરિવારે તે મિશન ક્ષેત્રમાં એફએમપબી મિશનરીઓ દ્વારા શરૂ કરાયેલ અને આગેવાની હેઠળના આરાધના જૂથમાં સક્રિયપણે ભાગ લીધો હતો. શાળાની રજાઓ દરમિયાન, તેમણે મિશનરીઓને ગામડાના સેવકાર્યમાં અને પત્રિકાઓનું વિતરણ કરવામાં મદદ કરી.

૧૯૮૬ માં, તેમણે પોતાને પૂર્ણ-સમયના સેવાકાર્ય માટે પ્રતિબદ્ધ કર્યા અને મિશનરીઓ સાથે પ્રચારક તરીકે સેવા આપાવનું શરૂ કર્યું. ૧૯૯૦ માં, તેમને મિશન ક્ષેત્રના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૯૯૩ માં, તેઓ સત્તાવાર રીતે એફએમપીબી માં મિશનરી તરીકે જોડાયા અને બેથેલ બાઈબલ કોલેજમાં એક વર્ષની મિશનરી તાલીમ પૂર્ણ કરી. ૧૯૯૪ થી ૧૯૯૬ સુધી, તેમણે ઝારખંડ અને ઉત્તર પ્રજેશ જેવા રાજ્યોમાં મિશનરી તરીકે સેવા આપી હતી.

સિસ્ટર જયા હેલેન રોઝનો જન્મ ૧૧ જાન્યુઆરી ૧૯૭૪ ના રોજ કન્યાકુમારી જીલ્લાના પાકોડે ગામમાં, ઈશ્વરના સેવક, સ્વ. શઅરી જ્યોર્જ વિલિયમ અને શ્રીમતી રતિનમની સૌથી નાની પુત્રી તરીકે થયો હતો. નાનપણથી જ, તેણીને તેના માતાપિતાના જીવનથી પ્રેરિત, ઈશ્વરની સેવા કરવાની ઉંડી ઈચ્છા હતી. બાર વર્ષની ઉંમરે, ઘણી મિશનરી વાર્તાઓ વાંચ્યા પછી, તેણીએ મિશનરી બનવા માટે મજબૂત આહ્વાન કર્યું.

૧૯ ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ, શ્રી જોસેફ વિસ્લન અને સિસ્ટર જયા હેલેન રોઝના લગ્ન થયા હતા. ૨૦૦૨ થી ફેબ્રુઆરી ૨૦૦૮ સુધી, તેઓએ કૃષ્ણગિરી, માધેપલ્લી, કુંડારાપલ્લી અને ગુરુપારપલ્લી જેવા વિસસ્તારોમાં મિશનરી તરીકે સાથે સેવા આપી હતી. ૨૦૦૮ થી ૨૦૧૨ સુધી તેઓ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા હતા. ૨૦૧૨ થી ૨૦૨૦ સુધી, તેઓ ઈરોડ અને કોલાર પ્રદેશોમાં મોબિલાઈઝેશન સેવાકાર્યમાં સામેલ હતા, ત્યાર બાદ પુંડીમાં ગ્રામ્ય સેવાકાર્યમાં સામેલ હતા. ડિસમ્બર ૨૦૨૦ થી, તેઓ સાલેમ ઈલામ્પિલાઈ સેવા ક્ષેત્રમાં સેવા આપી રહ્યા છે.

ઈશ્વરપિતાએ આ દંપતિને એક પુત્ર, જેટ જે. ઈવલિયમ, ૦૨ સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ જન્મ આપ્યો છે, જેઓ હાલમાં તબીબી અભ્યાસના અંતિમ વર્ષમાં છે. આવો આપણે આ મિશનરી પરિવારને આપણી પ્રાર્થનામાં યાદ રાખીએ.



# 1000 કલાકની પ્રાર્થના સાંકળ

## 2026 ફેબ્રુઆરી 18 થી એપ્રિલ 2

**આવો આપણે ૨૦૨૬ ની આ લેન્ટેન સિઝનમાં તેમના બાળકો તરીકે ઈશ્વરના ચરણોમાં બેસીએ અને મંડળીઓના આત્મિક જાગૃતિ, સેવાકાર્યો, મિશનરીઓ અને રાષ્ટ્રના આશીર્વાદ માટે પ્રાર્થના અને મધ્યસ્થી કરીએ.**

## પ્રાર્થનાની પદ્ધતિઓ

### ૨૪કલાકની પ્રાર્થના સાંકળ (૨૪ લોકો દરરોજ એક કલાક પ્રાર્થના કરે છે)

**પ્રાર્થના જૂથો, મંડળીઓમાં, મોબાઈલાઈઝેશન વિસ્તારોમાં અને સેવા ક્ષેત્રોમાં.**

### ૧૨-કલાકની ઉપવાસ સહિતની પ્રાર્થના

**તમામ મોબિલાઈઝેશન જીલ્લાઓ/સેવા ક્ષેત્રોમાં**

### એક-દિવસીય – બે દિવસીય વિશેષ ઉપવાસ પ્રાર્થના

**પ્રાદેશિક મોબિલાઈઝેશન જીલ્લાઓ અને પ્રાદેશિક સ્તરે સેવા ક્ષેત્રમાં**

### ૩/૬ કલાકની વિશેષ મધ્યસ્થીની પ્રાર્થના

**પ્રાર્થના સમૂહો/મંડળીઓ/અમારા આગેવાનો અને સમર્થકોના ઘરોમાં.**

***આવો આપણે આ પ્રાર્થના શ્રેણીમાં વ્યક્તિઓ, કુટુંબો, પ્રાર્થના જૂથો, મંડળી તરીકે ભાગ લઈએ.***
***આવો આપણા રાષ્ટ્રમાં આપણા ઈશ્વરનો મહિમા જોઈએ.***

***સંપર્ક :***
***પ્રાર્થના વિંગ, ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ,૨૯ હાઈસ્કૂલ રોડ, અંબાતુર, ચેન્નાઈ-૬૦૦૦૫૩***
***ફોન : ૦૪૪-૨૬૫૭૪૩૪૩/૨૬૫૭૪૩૫૩***

***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***